بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ

**બફચ઼ઝે રૂહાની સુલ્તાનુલ હિંદ ખ્વાજા ગરીબ નવાઝ** رحمۃ اللہ علیہ **બયાદગારે ઈમામ અહમદ રઝા મુહદ્દિષે બરેલ્વી** رحمۃ اللہ علیہ



**અહલે સુન્નત વ જમાઅત**
**એટલે**
**મસ્લકે આ'લા હઝરત**
**નું અજોડ મુખપત્ર**


## બરકાતે ખ્વાજા (માસિક)

**તા. ૦૧-મે-૨૦૧૪**

જમાદિઉલ આખર-રજબુલ મુરજ્જબ

હિજરી સન : ૧૪૩૫

વર્ષ : ૧૧, અંક : ૦૫, સળંગ અંક : ૧૨૫

સ્થાપક અને પ્રકાશક

**ઈસ્લામિક વેલ્ફેર મિશન-દયાદરા**

પત્ર વ્યવહારનુ સરનામું



બરકાતે ખ્વાજા (માસિક) C/o. ફયૂઝાને રઝા મંઝિલ, મુ.પો. દયાદરા, તા. જિ. : ભરૂચ, પિન. ૩૯૨૦૨૦ ફોન. : (૦૨૬૪૨) ૨૧૦૪૧૧, ૨૮૦૦૧૧, ૨૮૦૧૯૨, મો. : ૯૪૨૭૪૬૪૪૧૧
Web. :www.barkatekhwaja.net
Email : anjuman2006@hotmail.com


**★ લવાજમ ★**

| | | |
|---|---|---|
| છુટક નકલ | રૂા. | ૧૫/- |
| વાર્ષિક લવાજમ | રૂા. | ૧૫૦/- |
| વિદેશ માટે | રૂા. | ૧,૨૦૦/- |
| પેટ્રન ફી (૧૧ વર્ષ માટે) | રૂા. | ૧,૮૦૦/- |
| આજીવન | રૂા. | ૪,૦૦૦/- |
| વિદેશ માટે પેટ્રન | રૂા. | ૧૨,૦૦૦/- |
| વિદેશ માટે આજીવન | રૂા. | ૨૦,૦૦૦/- |


**માનદ તંત્રી**
પટેલ શબ્બીર અલી રઝવી દયાદરવી


## અનુક્રમણિકા


01 નિરાશ થવું મોમિનને શોભા નથી દેતું 02
02 ખ્વાજા ગરીબ નવાઝ رحمۃ اللہ علیہ અને દિલની સફાઈ 03
03 કન્ઝુલ ઈમાન વ ખઝાઈનુલ ઈરફાન 09
04 (દર્સે હદીષ) મિર્આત (ઉર્દૂ) શર્હે મિશ્કાત 12
05 હદાઈકે બખ્શિશ 14
06 ઉમ્મતના મહાન ઈમામો 18
07 અહલે સુન્નતના અકીદા કુર્આનની રોશનીમાં 20
08 ગલતફહમી ગલતફહમી તથા તેની સુધારણા 21
09 મૈયતના ફાતિહાનુ ખાણુ અમીર ગરીબ સૌ ખાય શકે !22
10 વેપારનું મહત્વ અને તેના નિયમો 26
11 ઈમામ અહમદ રઝા અને દર્સ તથા તદરીસ 29
12 આલે સઊદ અસલમાં યહૂદ છે ! 33
13 શબે મેઅરાજના નવાફિલ 37
14 ૨૧માં ફિક્હી સેમીનારના ફેંસલા 38
15 શહાદતનો ઈસ્લામી ખયાલ અને તાલિબાનના.... 44
16 બરકાતે ખ્વાજાની ટપાલ 47


## અઝમતે મુસ્તફા ﷺ

અલ્લાહ કા કલામ મુહમ્મદ (ﷺ) કે નામ હય
શાનો લક્બ ખિતાબ સે પૂરા તમામ હય
મેઅરાજ મેં બુલા કે મુહમ્મદ કો અર્શ પર
રબને બતા દિયા કયા નબી કા મકામ હય
અઝમત નબી કી કલ્મા ઝરા પળ્હ કે દેખ લો
ખાલિક્ કે સાથ સાથ મુહમ્મદ (ﷺ) કા નામ હય
કુર્આન મેં બયાન હય દોનોં જહાન કા
મખ્લૂક્ કી ફલાહો, બકા કા નિઝામ હય
રબ કે સિવા કિસી કો ન માને મુનાફિક્ન
ખાલિક્ કે બાદ રૂત્બે મેં ખયરુલ અનામ હય
કરતે હંય અંબિયા કી, અદાએં સભી અદા
કહતે હંય ફિર ભી શયતાં, ઉન્હેં મિષ્લે આમ હય
ઝિક્રે હબીબે પાક **'ગનીમત'** હય ઝિક્રે રબ
પળ્હ લો હદીષે પાક યહ રબ કા પયામ હય

અઝ : **'ગનીમત'** બાલાસિનોરી

# નિરાશ થવું મોમિનને શોભા નથી દેતું

અઝ : **મૌલાના મુહમ્મદશાકિર નૂરી**
*(અમીરે સુન્ની દાવતે ઈસ્લામી)*

અનુવાદક : **હાફિઝ મુહમ્મદ સજ્જાદ પટેલ દયાદરવી**

આજે ચોતરફ માયૂસી (નિરાશા), બેબસી અને બેકરારી જોવા મળે છે. દરેક મુસલમાન પોતાના ભવિષ્યના વિચારમાં બેચૈન અને ગમગીન જોવા મળે છે. ઈલેક્ટ્રોનિક મિડીયા અને વર્તમાન પત્રો તથા મેગેઝિનોમાં ક્યાંય કોઈ પણ જગ્યાએ કોઈ આશાસ્પદ ખબર જોવા નથી મળતી. કદમ કદમ પર હોસલાને પસ્ત કરનાર આંધીઓ આપણો પીછો કરી રહી છે. એવું જણાય રહ્યું છે કે અભાનપણે મુસ્લિમ ઉમ્મત પોતાની પડતી તથા લાચારીને કબૂલ કરી ચૂકી છે. અને મુસલમાન માયૂસીના ચુંગાલમાં અને અંધકારોમાં ફસાતો જઈ રહ્યો છે, ક્યારેક આર્થિક અધોગતિ તો ક્યારેક પોતાની જાહિલિયતને જોઈને, ક્યારેક ગૈરોના પ્લાનો અને એમના પ્રોપેગંડાઓથી પ્રભાવિત થઈને માયૂસ થઈ રહ્યો છે. હવે સવાલ એ પેદા થાય છે કે મુસલમાનોએ નિરાશ થવું જોઈએ ? શું મુસલમાનોની હાલત ભૂતકાળમાં આનાથી પણ અધિક ખરાબ ન હતી ? તો પછી એ કઈ ચીજ હતી જેણે સંજોગોને સુધાર્યા અને ખરાબ સંજોગો સારા સંજોગોમાં બદલાય ગયા, એક સમયના થીંગડ થાગડાવાળો પોશાક પહેરવાવાળા, ફાકામાં જિંદગી ગુજારવાવાળા સર સામાનની અછતના લીધે આમ તેમ ભટકવાવાળા પોતાનું અને દુનિયાનું ભવિષ્ય સમારવાવાળા થઈ ગયા. આવો ! પહેલાં એક આયતે કરીમાનો શાને નુઝૂલ પઢીએ પછી સંજોગો કઈ રીતે સુધરશે એના પર વિચારણા કરીએ.

હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہ ફર્માવે છે કે કેટલાક મુશ્રિકો જેમણે પોતાની જિંદગીમાં અતિ પ્રમાણમાં ઝિના અને કત્લનું બજાર ગરમ કર્યું હતું. તેઓ હુઝૂર ﷺની બારગાહમાં હાજર થયા અને અર્ઝ કરવા લાગ્યા કે આપ હુઝૂરે કરીમ ﷺ જે કાંઈ ફર્માવો છો અને જે દીન તરફ બોલાવો છો એ સારો છે, પરંતુ અમે જેટલા ગુનાહ કરી ચૂકયા છીએ એની બખ્શિશ (માફી)ની કોઈ સ્થિતિ નજર નથી આવી રહી. શું આપ નબીએ કરીમ ﷺ એના કફફારાથી અમને ખબરદાર કરી શકો છો ?! મતલબ આ મુશ્રિકોના સવાલનો મકસદ એ હતો કે જો અમો ઈસ્લામના દામનમાં આવી જઈશું તો આપણા પાછલા ગુનાહોનું શું થશે ? ઈસ્લામ લાવ્યા બાદ જો અમે પોતાના ગુનાહોની પૂછતાછથી નથી બચી શકતા અને એના બદલામાં અમને જહન્નમમાં દાખલ કરી દેવામાં આવે તો અમને પોતાના જૂના ધર્મને છોડવાથી શું ફાયદો ? હજુ આ મુશ્રિકોએ આ સવાલ કર્યો હતો એવામાં આ આયત નાઝિલ થઈ : "તમે ફર્માવો, હે મારા બંદાઓ ! જેમણે પોતાની જાનો પર જુલ્મ કર્યો, અલ્લાહની રહમતથી નિરાશ ન થાવ. બેશક ! અલ્લાહ બધા ગુનાહ માફ ફર્માવી દે છે. બેશક ! એ જ બખ્શવાવાળો મહેરબાન છે. *(અલ ઝુમર, આયત–૫૩, કન્ઝૂલ ઈમાન)*

જ્યારે કુફ્ર, શિર્ક, અને ઝિના તથા કત્લ કરવાવાળાના માટે તૌબા કર્યા બાદ રહમતે ઈલાહીની આ હાલત છે, તો ઈમાનવાળા લોકો પોતાની ગફલત અને ખરાબ કિરદારથી સાચી તૌબા કરી લે તો રહમાન અને રહીમ રબની રહમતનો શું કોઈ અંદાજ લગાડી શકે છે ?!

તૌબા કરી અલ્લાહની રહમતને પોતાની તરફ કરી લો જેથી કરમની વર્ષા જરૂર વરસશે, પરંતું આપણે પણ એના તરફ વળીએ. સંજોગોથી ગભરાય જવું અને માયૂસ થઈ જવું એ મોમિનનું કામ નથી. આપણે બદલાઈ જાશું તો હાલત ઈન્શાઅલ્લાહ ! આપોઆપ બદલાઈ જશે, પરંતું આપણી હાલત અને આપણી હરકતો એવું બતાવે છે કે આપણે ઈચ્છીએ છીએ કે જેવા આપણે હતા એવા જ રહીએ અને સંજોગો બદલાઈ જાય ! તો આવું શક્ય નથી. આપણે પોતાના ગુનાહોથી તૌબા કરવી પડશે, પોતાને બદલવા પડશે, એ ઉમ્મીદ પર કે અલ્લાહ કરીમની રહમત જરૂર આપણા પર સાયો કરશે. ઉપરની આયતે કરીમાના વિશે હુઝૂરે કરીમ ﷺ ઈર્શાદ ફર્માવે છે : "જો આ આયતના બદલામાં મને દુનિયા અને તેમાંની દૌલત આપી દેવામાં આવે તો હું એને પસંદ ન કરું." *(મુસ્નદે ઈમામ અહમદ, પેજ–૫૪)*

જાણવા એ મળ્યું કે આ આયતે કરીમા આપણને એ હોસલો આપે છે કે, મુસલમાનો ! માયૂસ ન થાવ ! તમે પોતાની જાતને બદલવાની કોશિશ કરો, રબની રહમત તમને બદલવા માટે તૈયાર છે.

*–(સુન્ની દાવતે ઈસ્લામી મંથલી–મુંબઈ, એપ્રિલ–૨૦૧૪)*

رحمۃ اللہ علیہ



# ખ્વાજા ગરીબ નવાઝ અને દિલની સફાઈ

તંત્રી લેખ......

પ્યારા દીની સુન્ની ભાઈઓ ! બહેનો ! દુનિયાની દૌલત, દુનિયાની ચમક દમક, દુનિયાની ઈજ્જત, દુનિયાની સત્તા, દુનિયાની મોજ મજા, લિજ્જત તથા એશ આરામની ચીજો..... વગેરે સર્વ કાંઈ જો તમે પ્રાપ્ત કરી લો છતાં તમે ન દિલી સુકૂન મેળવી શક્શો ન તમે કામયાબી પામી શક્શો. કારણ કે કામયાબી કોને કહેવાય તેના વિશે આપણો ખાલિક, માલિક, આપણો સર્જનહાર કુર્આને પાકમાં ફર્માવે છે કે, قَدْ اَفْلَحَ مَنْ تَزَكّٰى - وَذَكَرَاسْمَ رَبِّهٖ فَصَلّٰى - ''બેશક ! જે સ્વચ્છ થયો તે ધ્યેયને વર્યો. અને પોતાના રબનું નામ લઈને નમાઝ પઢયો.'' *(સૂરએ અઅ્લા, પારા–૩૦, આ. ૧૪, ૧૫)*

તો હવે મુસલમાન કે જે કુર્આન પર ઈમાન રાખે છે તેણે વિચારવું જોઈએ કે મારા માટે કામયાબીનુ રાઝ શામાં છે ?! ''જે સ્વચ્છ થયો તે ધ્યેયને વર્યો એટલે કામયાબ થયો.'' તો સ્વચ્છ થવું એટલે શું ? ઉલમા તથા સૂફિયા ફર્માવે છે કે સ્વચ્છ થવાથી મુરાદ ''દિલને પાક સાફ કરવું'' છે. અને નમાઝ પઢવું પણ ઈમાન તથા અક઼ીદા સહીહ સાથે એટલે અહલે સુન્નતમાં રહીને કે જે એક જન્નતી ગિરોહ છે, બાકીના ૭૨ જહન્નમી ફિર્કાઓમાં રહીને નહીં ! એ રીતે હશે તો નમાઝ નમાઝ ગણાશે જે કામયાબીથી મિલાવશે. અને ઈમાનવાળો પણ રિયાકારી કે દુનિયાવી મક઼સદ માટે નહીં પણ કેવળ અને કેવળ અલ્લાહને રાજી કરવા દિલની સફાઈ સાથે આજીજીપૂર્વક નમાઝ પઢે તો જ કામયાબ છે. નહીં તો બદ્અક઼ીદાની તથા રિયાકારની નમાઝ તેના મોઢા પર મારી દેવામાં આવશે. અત્રે દિલની સફાઈ સંબંધે થોડીક ચર્ચા કરીશું, ઈન્શાઅલ્લાહ !

## ★ દિલની સફાઈ કોને કહેવાશે ? ★

હદીષે પાકમાં છે : હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને મસઊદ رضی اللہ عنہ રિવાયત કરે છે કે નબી કરીમ صلی اللہ علیہ وسلم ફર્માવે છે કે **બેશક ! મો'મિન (નેક) પોતાના ગુનાહોને એ રીતે જુએ છે જાણે કે તે કોઈ પહાડ નીચે બેઠો છે અને ડરે છે કે ક્યાંક તે પહાડ તેના પર ન પડી જાય !** અને ફાજિર (ગુનેહગાર) માણસ **પોતાના ગુનાહોને માખીની જેમ (તુચ્છ) સમજે છે** જે તેના નાક પરથી પસાર થઈ તો હાથ હલાવી આપ્યો. *(બુખારી શરીફ)*

સારાંશ કે સાફ દિલવાળો નેક મો'મિન મામૂલી ગુનોહ થઈ જતાં ખૌફે ખુદાથી ડરે છે, રડી રડીને તૌબા કરવા લાગે છે, અને તે ગુનાહને પહાડ જેમ સમજે છે, જ્યારે દિલમાં ગંદકીવાળો માણસ મોટા મોટા ગુનાહોને પણ માખીની જેમ તુચ્છ સમજીને કરે જ જાય છે.

બીજુ દિલની સફાઈ જાણવાની રીત એ છે કે માણસ જાહેરમાં તો નેક બનીને ફરે છે, ગુનાહોથી બચે છે, પણ એકાંત મળતાં ગુનાહોમાં પડતાં ખચકાતો નથી ! તો આવો માણસ દિલથી પાક નથી. **દિલથી પાક સાફ જે મો'મિન હોય છે તે જાહેરમાં કે એકાંતમાં ગુનોહ કરતાં ડરે છે કે મારો રબ મને જોઈ રહ્યો છે !** બસ, રબને રાજી રાખવા તે ગુનાહોથી, અય્યાશીઓથી, બેશર્મીઓથી સદા દૂર

ભાગે છે અને તક્વો તથા પરહેઝગારી અપનાવીને જીવન જીવે છે. આજે ઘણા લોકો એવા જોવા મળશે કે જાહેરમાં સૂફી બનશે પણ એકાંતમાં ટીવી પર કે મોબાઈલ પર કે નેટ પર તેમજ અન્ય રીતે ગુનાહોની દુનિયામાં રચ્યા પચ્યા રહે છે, તો એ દિલની સફાઈ નથી, બલ્કે તેમણે સાચા દિલથી તૌબા કરી ગુનાહોની ગંદકીથી પાક સાફ થઈ જવું જોઈએ, કેમ કે ખુદા બધું જ જુએ છે, ચાહે તમે જાહેરમાં કોઈ ગુનોહ કરો ચાહે બંધ ઓરડામાં કરો !

## ★ દિલની સફાઈનો પાઠ ખ્વાજા સાહબથી શીખો ! ★

આજે આપણે વલીઓની મહોબ્બતનો દમ ભરીએ છીએ. ''ખ્વાજા કા દામન ! નહીં છોર્ડેંગે !''ના નારા મારીએ છીએ પણ દામને ખ્વાજા પકડેલો કોને કહેવાય તે જ આપણને ખબર નથી ! સુલ્તાનુલ્ હિંદ મોઈનુદ્દીન ચિશ્તી સંજરી અજમેરી ખ્વાજા ગરીબ નવાઝ رحمۃ اللہ علیہનું દિલ કેવું સાફ સુથરું હતું તેનું દષ્ટાંત જુઓ કે એકવાર ખ્વાજા ગરીબ નવાઝ رحمۃ اللہ علیہ વુઝૂ બનાવી રહ્યા હતા તો વુઝૂ દરમ્યાન દાઢીમાં ખિલાલ કરવાની સુન્નત આપનાથી રહી ગઈ. તો એ વાતને યાદ કરીને આપ વરસો બાદ પણ અશ્રુમય આંખે કહેતા હતા કે રબની બારગાહમાં હું શું જવાબ આપીશ ? જ્યારે કે આ સુન્નત મુસ્તહબ છે, એના છૂટવાથી કોઈ ગુનોહ નથી થતો ! પણ દિલની પાકીની એ શાન છે કે જાણે કોઈ મહાન ગુનોહ થયો હોય તેમ આપ રડી રહ્યા છે ! જ્યારે આપણી જિંદગી સરાપા ગુનાહોમાં ડૂબેલી હોવા છતાં આપણે હાસ્યોની છોળો ઉડાડતા જીવી રહ્યા છીએ ! તો ક્યાં ખ્વાજા સાહબનો દામન આપણે પકડયો છે ?! **''દામન પકડવો'' એટલે ''તેમના નક્શે ક્દમ પર ચાલવું''** પણ ક્યાં આપણી જીવન જીવવાની રીત ?! ક્યાં આપણી રોજનીશી અને ક્યાં ખ્વાજા ગરીબ નવાઝના દિવસ રાત ?! અલ્લાહ મુસલમાનોને સાચા અર્થમાં ખ્વાજા સાહબના ચાહક બનાવે.

## ★ ખ્વાજા સાહબ થકી દિલની સફાઈની કરામતો ! ★

આ છે વલીઓની શાન કે ગુનાહ નહીં પણ કેવળ એકવાર મુસ્તહબ સુન્નત છૂટવાને જાણે પહાડ જેવો ગુનો થયો હોય તેમ ખૌફે ખુદાથી વરસો સુધી રડતા રહે છે. તો અલ્લાહની બારગાહમાં તેમની શું મક્બૂલિયત તથા શું દરજ્જો હોય છે તે પણ જોઈ લો ? કે આપની નજર પડતાં જ કુફ્ર તથા ગુનાહોથી ગંદા દિલો પાક સાફ થઈ જાય છે.

ખ્વાજા સાહબના અજમેર આગમનથી અને આપની કરામતોથી અંજાઈને લોકોને મુસલમાન થતા જોઈને રાજા પૃથ્વીરાજ ખૂબ જ ગભરાઈ ચૂક્યો હતો. જેથી તેણે જયપાલ જોગીને જે હિંદની ભૂમીનો સૌથી પ્રખ્યાત જાદૂગર હતો તેને બોલાવ્યો. તે હરણના ચામડાના આસન પર બેસીને દોઢ હજાર ચેલાઓને સાથે લઈને અજમેર પહોંચી ગયો અને એક ખૌફનાક શક્તિ સાથે ખ્વાજા સાહબ તરફ વધ્યો, એ રીતે કે જાદૂના સિંહ, અજગરો સાથે છે અને સૌ આગના ચક્રો ફેંકતા આગળ વધી રહ્યા છે. સાથમાં લોકોની મોટી ભીડ છે. આપના સાથીઓ જાદૂનો આ ભયાનક સામાન જોઈને ગભરાયા. આપે સૌની આસપાસ વર્તુળ ખેંચી આપ્યું. હવે એક બાજુથી સાપ આગળ વધવા માંડયા તો બીજી બાજુથી સિંહ આવવા લાગ્યા અને ઉપરથી સામેથી આગ વરસવી શરૂ થઈ ગઈ. ઘણો ભયાનક મંઝર હતો. શહેરવાસીઓ પણ ધ્રુજી રહ્યા હતા. પણ કોઈ વર્તુળની અંદર ક્દમ રાખી શકતું ન હતું. આપ નમાઝમાં વ્યસ્ત હતા. ત્યારબાદ આપે એક મુટ્ઠી માટી ફૂંકીને ફેંકી તો સર્વ ડ્રામો ફના થઈ ગયો ! હવે મેદાન સાફ હતું અને જયપાલ હારેલ સ્થિતિમાં ઉભેલો હતો. તેને ઉડવાની કળા ઉપલબ્ધ હતી જેથી ઉડયો અને આકાશમાં ઊંચાઈ પર

પહોંચી ગયો, પણ હુઝૂર ખ્વાજા ગરીબ નવાઝે પોતાના પગરખાંઓને હુકમ કર્યો તો આપના પગરખાંએ એને મારતાં મારતાં નીચે લાવીને ફેંક્યો. હવે તેણે હાર સ્વીકારીને આજ્ઞાંકિત બનીને પગે પડીને માફી માગી, તૌબા કરી અને કલ્મો પઢીને સાચા દિલથી મુસલમાન થઈ ગયો અને કમાલના મર્તબે પહોંચી ગયો જેનું નામ અબ્દુલ્લાહ રાખવામાં આવ્યું.

એ જ પ્રમાણે રામદેવ મહંતનો બનાવ છે. ખ્વાજા સાહબના અજમેર શરીફ આગમન પર રાજા પૃથ્વીરાજને લોકોએ બતાવ્યું કે કેટલાક લોકોએ આપણા ધર્મ સ્થળ પાસે આવીને પડાવ કરેલો છે. તો રાજાએ કહ્યું કે એને પકડીને હાંકી કાઢો ! રાજાના માણસો આપની પાસે આવ્યા અને ભીડ કરી તો હુઝૂર ખ્વાજા ગરીબ નવાઝ رحمۃ اللہ علیہએ આયતુલકુર્સી માટીની એક ચપટી પર પઢીને ફેંકી આપી જેનાથી તેઓ ત્યાં ને ત્યાં પૂતળા જેમ સ્થિર થઈ ગયા. કોઈની આગળ આવવાની હિંમત ન થઈ. એના ત્રીજા દિવસે રામદેવ મહંત (પૂજારી) એક મોટા ટોળા સાથે આપને બળપૂર્વક તગેડવા માટે આગળ વધ્યો. પણ ખ્વાજા સાહબે નજર ઉઠાવી તો તે ધ્રુજી ઉઠયો અને કૃદમોમાં પડીને તેણે ઈસ્લામ કૃબૂલ કરી લીધો, જે આગળ જતાં મહાન મર્તબે પહોંચ્યો. આમ આપની નજર દિલોની દુનિયાને બદલી નાખતી હતી. એવી ઘણી કરામતો ખ્વાજા સાહબની છે.

## ★ બનાવટી સૂફીઓ જુએ કે સાચા સૂફી સંત આવા હોય છે ! ★

આવો ! અત્રે હઝરત ખ્વાજા ગરીબ નવાઝ رحمۃ اللہ علیہની રૂહાની તર્બિયત તથા દિલની સફાઈમાં અતિશય વધારો જે હસ્તીએ કર્યો અને આપને અતિ ઉચ્ચ દરજ્જાઓ પર પહોંચાડયા તે આપના પીરો મુર્શિદ હઝરત ખ્વાજા ઉષ્માન હારૂની رحمۃ اللہ علیہએ કુફ્ર તથા શિર્કની ગંદકીથી ખદબદી રહેલાં દિલોની સફાઈ કેવી રીતે કરી તેને પણ જોતા ચાલો અને આજકાલના કેટલાક કહેવાતા સૂફી સંત, બોગસ પીરોને પણ ઓળખીને તેમનાથી દૂર રહો ! આ બનાવ પોતે ખ્વાજા ગરીબ નવાઝે "અનીસુલ અરવાહ" કિતાબમાં વર્ણવ્યો છે.

હઝરત ખ્વાજા ઉષ્માન હારૂની رحمۃ اللہ علیہ બગદાદ શરીફ તરફ જઈ રહ્યા હતા. આપની સાથે આપના ખાસ મુરીદ હઝરત શયખ ફખ્રુદીન رحمۃ اللہ علیہ પણ હતા. રસ્તામાં એક જગાએ આપ રોકાયા જ્યાં નજીકમાં અગ્નિપૂજકોની અગીયારી હતી જેમાં આગ સગળતી રહેતી હતી. આપ રોઝાથી હતા. ઈફતારીનો સમય થતાં ખાવા પકાવવા માટે આપે આપના મુરીદને આગ લાવવા કહ્યું. તે મુરીદે અગ્નિપૂજકો પાસે થોડી આગ માગી તો તેમણે કહ્યું કે આ અમારી મઅબૂદ છે જેની અમો પૂજા કરીએ છીએ જેથી એમાંથી આગ નથી આપી શકતા. મુરીદે પાછા જઈને હઝરત ખ્વાજા ઉષ્માન હારૂની رحمۃ اللہ علیہને વાત કરી તો હઝરત ઉષ્માન હારૂની જાતે તે અગીયારીમાં ગયા અને તેમના ગુરૂને પૂછયું કે તમો આગને શા માટે પૂજો છો ? એ તો અલ્લાહની એક અદના મખ્લૂક છે ?! તેણે કહ્યું કે અમારા ધર્મમાં એ મહાન ચીજ છે અને અમારી નજાતનો સબબ છે. હઝરતે ફર્માવ્યું કે તમે ઘણા અરસાથી એની પૂજા કરી રહ્યા છો તો આવો જરા એમાં હાથ નાખો ! જો એ નજાતનો સબબ છે તો તમને નહીં સળગાવે. તેણે કહ્યું કે ના ! એની ખાસિયત છે કે સળગાવવું જેથી સળગાવી દેશે. સારાંશ કે છેવટે હઝરત ઉષ્માન હારૂની رحمۃ اللہ علیہ તેઓના એક બાળકને લઈને આગમાં જતા રહ્યા અને અડધા કલાકે નીકળ્યા છતાં પોતે તથા તે છોકરો સહી સલામત રહ્યા. આ જોઈને તે ગુરૂ અન્ય અગ્નિપૂજકો સાથે કલ્મો પઢીને મુસલમાન થઈ જાય છે. સુબ્હાનલ્લાહ !

આ હતા સાફ સ્વચ્છ પવિત્ર દિલવાળા અલ્લાહના મહાન વલી, સાચા સૂફી સંત કે જે કેવળ અલ્લાહની રઝા માટે અલ્લાહ ﷻ પર ભરોસો કરીને જીવતા હતા. તેમને દુનિયાની કોઈ લાલચ ન હતી. જ્યારે આજે તેમના નામ પર ચરી ખાનારા બનાવટી સૂફી સંત કહેવાતા લોકો, દુનિયાવાળાઓને કે દુનિયાના રાજકરણીઓને રાજી કરવા માટે સામે ચાલીને ક્યાંક મૂર્તિની તો ક્યાંક ગાયની પૂજા કરતા જોવા મળે છે ! **ઈસ્લામમાં મુસલમાન કોઈને દેખાડવા માટે પણ કોઈ ગૈરની પૂજા કરે તો ઈસ્લામમાંથી નીકળી જાય છે.** છતાં આજે એવા જ લોકો કહેવાતા પીર, સૂફી, સંત તરીકે પંકાયેલા છે અને **અજ્ઞાન મુસલમાનો એવાને પીર તથા સૂફી માનીને પોતાના ઈમાનને દાવ પર લગાડી રહ્યા છે !**

એ સાચા સૂફી સંત હતા જેઓ કોઈ મંદિર પાસેથી પસાર થતા તો ત્યાંના લોકોના દિલોમાંથી વર્ષોની કુફ્ર તથા શિર્કની પલીદીને દૂર કરી દિલોને સાફ કરીને ઈસ્લામના શયદાઈ બનાવી દેતા હતા, તેમના દિલના આઈનામાં ''લાઈલાહ ઈલ્લલ્લાહ'' કલ્મો ચમકતો કરી આપતા હતા. **જ્યારે આજના આ કહેવાતા સૂફી સંતો છે કે સામે ચાલીને બાક઼ાયદા તેમના મઅબૂદોની પૂજા કરવા લાગી ગયા છે !** એકતાના નામે રામકથાઓમાં હાજરી આપીને પોતાની આખેરતના બદલામાં ગૈરોના ગુરૂઓમાં વાહ વાહ કમાય રહ્યા છે ! જેમ કે વર્તમાન પત્રોમાં તથા વોટસએપ પર આપણે જોઈ રહ્યા છીએ. આ પણ ખુશનસીબીની વાત છે કે દિલ પર કોઈ અલ્લાહવાળાની કરમની નજર પડી જાય તો તે સંવરી જાય, સાફ સુથરૂ થઈ જાય કે માનવીને જહન્નમથી જન્નતમાં પહોંચાડી આપે છે. જેમ કે ખ્વાજા સાહબની નજરોના કમાલથી કેવા કેવા કાફિરોના દિલ સાફ થઈ ગયાં અને તેઓ કામિલ મો'મિન બની ગયા !

## ★ ખ્વાજા સાહબની નજરનો કમાલ ! પલમાં દિલ સાફ થતું ! ★

એકવાર એક શખ્સ કોઈનો હાથો બનીને આપની ક઼ત્લના ઈરાદાથી આવ્યો. આપને મારવા માટેનું ખંજર તેણે પોતાની બાંયમાં છુપાવ્યું હતું. આપે બાતિની નૂર વડે તેના દિલની બદ્દનિય્યતી તથા ખરાબીને જાણી લીધી. જ્યારે તે આવ્યો તો આપે ખૂબ જ પ્યાર સાથે તેને બેસાડયો અને ખૂબ જ નમ્રતાપૂર્વક કહ્યું કે જે ઈરાદો લઈને આવ્યા છો તેને પૂરો કરો ! તે કાંપી ઉઠયો અને છરી સામે રાખીને માફી માગવા લાગ્યો અને કહ્યું, હું હાજર છું, આપ મને મારી બુરી નિય્યતની સજા આપો ! ખ્વાજા ગરીબ નવાઝ رحمۃ اللہ علیہ એ કહ્યું, ફક઼ીરોનું કામ બદલો લેવાનુ નથી, બલ્કે અમારા લોકો સાથે કોઈ બુરાઈ પણ કરે છે તો અમો તેની સાથે ભલાઈપૂર્વક વર્તીએ છીએ. આપે તેના હક્ક઼માં દુઆ કરી તો તે ખુદાની બારગાહનો મુક઼ર્રબ બની ગયો અને તેને ૪૫ વાર હજ્જની તૌફીક઼ નસીબ થઈ અને એ જ પવિત્ર ભૂમી પર તેનો ઈન્તેકાલ થયો.

આપ અખ્લાક઼ તથા કિરદારમાં સુન્નતે મુહમ્મદી ﷺનો આઈનો હતા. એકવારની વાત છે કે આપ એક બાગમાં હોજના કિનારે હતા. તે ઈલાકાનો બદ્દમિજાઝ હાકિમ યાર મુહમ્મદ નામનો રાફઝી (શીઆ) એ તરફથી પસાર થયો. અજનબી ચહેરો જોતાં દિલમાં કાંઈક નફરત સાથે આગળ વધ્યો. ખ્વાજા સાહબે તેના પર એક નજર નાખી તો તે ગભરાઈ ગયો અને હોશ ગુમાવી બેઠો. આપે પાણીના છાંટા માર્યા તો હોશમાં આવ્યો અને પોતાનાં બીવી બચ્ચાં કુટુંબીજનો સહિત ખ્વાજા સાહબનો દીવાનો બની ગયો અને શીઆપણાથી તૌબા કરીને મુસલમાન બનીને આપનો મુરીદ થઈ ગયો અને પોતાની સર્વ દૌલત આપને ભેટ ધરી. આપે એક પૈસો પણ ન લીધો અને ફર્માવ્યું, જુલ્મો સિતમથી ભેગો કરેલો માલ એના માલિકોને આપી દો ! તેણે એવું જ કર્યુ. પછી આપની સોહબતમાં રહીને બાતિની ઈલ્મોની પૂર્ણાહુતિ કરીને આપની ખિલાફતથી સરફરાઝ થયો.

## ★ માણસની ભલાઈ દિલની સફાઈ પર નિર્ભિત છે ★

હે ખ્વાજા સાહબ رحمۃ اللہ علیہની મહોબ્બતનો દમ ભરનારાઓ ! શું કદી તમે ખ્વાજા સાહબના દરબારમાં જઈને દિલને સાફ કરી આપવાની અરજ પણ કરી છે ?! કે તેની તમન્ના પણ કરી છે ? કે ફકત દુનિયાની દૌલત તથા દુનિયાનો માલ જ માગ્યા કર્યો છે ?! અલ્લાહના મહબૂબ બંદાઓના વસીલાથી દિલની સફાઈ માગો તો બંને જહાનમાં કામયાબી જ કામયાબી છે. હદીષે પાકમાં છે સરકારે દો આલમ صلی اللہ علیہ وسلم ફર્માવે છે કે, ''માણસના શરીરમાં ડાબી તરફ ગોશતનો એક ટુકડો છે જેને દિલ કહે છે. જો દિલ સંવરી જાય છે તો આખુ વજૂદ સંવરી જાય છે અને દિલ બગડી જાય છે તો આખુ વજૂદ બગડી જાય છે.'' દિલ માનવ ઢાંચાનો બાદશાહ છે, દિલ સંવરી જાય છે તો માનવ સંવરી જાય, દિલ બગડે તો માનવ ગુનાહોમાં પડી જાય છે, દુનિયાની લાલચોમાં પડી જાય છે અને આખેરતને ભૂલી જાય છે. જેથી દિલને સંવરવાની દુઆ હમેશાં કરવી જોઈએ.

આજે આપણા સમાજનું નિરીક્ષણ કરો તો સઘળો માહોલ ગુનાહોના ઘોડાપુરમાં તણાય રહેલો જોવા મળે છે. યુવાન, યુવતીઓ, વડીલો, મા બહેનો સૌ ઈસ્લામના હુકમોથી, શરીઅતની પાબંદીથી દૂર મનમાની જિંદગી જીવી રહ્યાં છે ! ઈલ્લા માશાઅલ્લાહ ! આજે દીની તા'લીમનું જાણે કોઈ મહત્વ જ નથી બલ્કે દુનિયવી શિક્ષણ પાછળ અવામ ગાંડા જેમ ભાગી રહેલ છે, એટલું જ નહીં પણ યુવાનો યુવતીઓ યહૂદી ઈસાઈ કલ્ચર અપનાવીને ઈસ્લામી ક઼ાનૂનોનો સરેઆમ ભંગ કરીને જાણે ઈસ્લામના બાગી બની રહ્યાં છે ! ક્યા મોઢે તેઓ પોતાને મુસલમાન કહે છે ?! તદ્દન બેપર્દા, નગ્નતા પ્રદર્શિત કરતા ડ્રેસો, ટૂંકા ટચ, ફીટ પારદર્શક કપડાં પહેરીને યુવતીઓ પોતાના હુસ્નનું પ્રદર્શન કરીને ગર્વ અનુભવી રહી છે. યુવાનીના ઉંબરે ક઼દમ મૂકતા પહેલાં જ યુવતીઓના પોશાક તથા અદાઓ ગૈરોના અનુકરણમાં બેહયાઈપૂર્ણ થઈ ગયાં છે. એટલું જ નહીં ઘરોમાં ટીવી પર નિયમિત બેહયાઈભર્યી સિરિયલો અચૂક જોવાઈ રહી છે, જેમાં ગંદા અખ્લાક઼ શીખવાડવામાં આવે છે એટલું જ નહીં બલ્કે પૂજાપાઠના દશ્યો ચાલતાં હોય છે. યાદ રાખો ! મુસલમાનોના ઘરોમાં પૂજા થઈ રહી છે ! પણ જે કુફ્રી કલામ સાંભળીને ખુશ થશે તે પણ કુફ્રમાં પડશે. જો તમને એ ખરેખર પસંદ નથી તો શા માટે તમારા ઘરોમાં એ ચાલે છે ?! કેમ એને બંધ કરવામાં નથી આવતું ?! તૌબા કરો ! **હે મુસલમાનો ! આ જ જીવનની રીત રહી તો જહન્નમમાં જવાનુ તમારું નિશ્ચિત સમજી લો** ! અને જો જહન્નમથી બચવું છે તો એ ડ્રામાઓ જોવાનું બંધ કરો !

અફસોસ ! આજે અનેક મુસ્લિમ યુવતીઓ કોલેજ જવાને બહાને બહાર નીકળીને સ્વચ્છંદી બની રહી છે, વ્યભિચારમાં પણ પડી રહી છે ! એટલું જ નહીં બલ્કે ગૈર ક઼ૌમના યુવાનો સાથે મિત્રતા કરીને તેમને બોયફ્રેન્ડ બનાવીને ભટકી રહી છે, ઈલ્લા માશા અલ્લાહ ! બલ્કે છેવટે તેમની સાથે ભાગી જઈને ઈસ્લામથી પણ બહાર નીકળીને પોતાની દુનિયાવી જિંદગીની સાથોસાથ હમેશાંની જિંદગી આખેરતને પણ બર્બાદ કરી રહી છે, અને માબાપોની ક઼ૌમની ઈજ્જતને લીલામ કરી રહી છે.

આ સર્વ થવાનું કારણ એ છે કે ગ઼ૌષો ખ્વાજા વ રઝાની આશિક઼ીના દાવા તો ભરપુર થાય છે પણ જીવનની સવાર સાંજ તેમના ફર્માનોની વિરુદ્ધ પસાર થઈ રહી છે ! અને ભરમ એ છે કે આ બુઝુર્ગો અમારી નજાત કરી આપશે ! જેમની મહોબ્બતનો દાવો છે, તેમની રૂહને ગુનાહોમાં પડીને પળ પળ નારાજ કરી રહ્યા છે અને છતાંય તેમના કરમની આશા રાખી રહેલ છે ! શું આ નાદાની નથી ?!

ગ઼ૌષપાક رضی اللہ عنہ તો ફર્માવે છે કે, ''બદમઝ઼હબને સામે આવતાં જુઓ તો તમે રસ્તો બદલો !''

જ્યારે આ ગૌષો ખ્વાજાના કહેવાતા ચાહકો બદઅક઼ીદા, વહાબી, દેવબંદીઓ સાથે દોસ્તી સગાઈ કરતા જ જાય છે ! તો ક્યાંથી બુઝુર્ગોનો કરમ થવાનો છે ! આ બધી જ બુરાઈઓમાં માનવીના સપડાવાનો સબબ એ છે કે એનું દિલ ગંદુ થઈ ગયું છે જેથી એની સુધારણાના માર્ગો શોધો !

## ★ દિલની સફાઈનો ઈલાજ અને આપણુ વલણ ★

હદીષે પાકમાં છે : હુઝૂરે અક઼દસ ﷺ ફર્માવે છે કે, "માણસ જ્યારે ગુનાહ કરે છે તો તેના દિલ પર એક કાળુ ટપકુ પડે છે. ફરી ગુનોહ કરે છે તો બીજુ કાળુ ટપકુ પડે છે. અને જો એક પછી એક ગુનાહો તે કરતો રહે છે તો એટલાં ટપકાં પડે છે કે તેનું દિલ સિયાહ કાળુ પડી જાય છે. પછી એ સમય આવે છે કે તેને હરામ હલાલની કોઈ તમીઝ રહેતી નથી છેવટે તે દીનથી દૂર થઈ જાય છે." જો ભૂલથી ગુનોહ થઈ જાય અને તે તરત તૌબા કરી લે છે તો તે કાળો ડાઘ દૂર થઈ જાય છે, પણ જેને તૌબાની તૌફીક઼ જ નથી થતી તે બેભાન જેમ ગુનાહોમાં ડૂબતો જાય છે અને દિલને સિયાહ કરીને બંને જહાનની બર્બાદી વહોરી લે છે.

આજે શરીરને સજાવવાનો બંદોબસ્ત સર્વ કરે છે, ઘરને સજાવવાનો સામાન, ડ્રોઈંગ રૂમને, બેડ રૂમને, કીચનને સજાવવાનો સામાન સૌ ખરીદે છે, ઘરોને મહોલ્લાઓને સજાવવામાં આવે છે, પણ જેના પર આપણી નજાતનો આધાર છે તે દિલને સજાવવાનો સામાન ખરીદવાનું કોઈ ભાગ્યે જ વિચારે પણ છે ! જેથી જ આપણો માહોલ ગુનાહોથી ખદબદી રહ્યો છે. આવો ! દિલની સફાઈ શાનાથી થશે તેને જોઈએ.

હઝરત ઈબ્ને ઉમર رضی اللہ عنہથી રિવાયત છે કે સરકારે મદીના ﷺએ ફર્માવ્યું, બેશક ! દિલોને પણ પણ કાટ લાગી જાય છે જેવી રીતે કે લોખંડને કાટ લાગી જાય છે જ્યારે તેને પાણી લાગી જાય. અર્ઝ કરવામાં આવી, તેની સફાઈ કેવી રીતે થાય છે ? ફર્માવ્યું, મૌતને ખૂબ જ પ્રમાણમાં (કષરતથી) યાદ કરવામાં આવે અને કુર્આનેપાકની તિલાવત કરવામાં આવે. *(મિશ્કાત શરીફ)*

સારાંશ કે દુનિયાના જમેલાઓ, નફ્સની ખ્વાહિશો પાછળ જવાથી દિલ કટાઈ જાય છે, તેની સફાઈનો ઈલાજ એ છે કે મૌતને યાદ કરવામાં આવે અને કુર્આનને પઢવામાં આવે, તેના આદેશોને સમજવામાં આવે. માણસને જ્યારે દિલમાં થશે કે મારે મરવાનું છે, ખુદાને ત્યાં મારાં કરતૂતોનો હિસાબ આપવાનો છે, આ ખયાલ તેના દિલો દિમાગમાં ચાલતો રહેશે તો તે ગુનાહોથી જરૂર તૌબા કરશે અને ગુનાહોથી દૂર રહેશે. અને કુર્આને પાકની તિલાવતથી ખુદાએ પાકના હુકમો સાંભળીને માણસ ધ્રુજી ઉઠશે અને દુનિયાના પૂજારી, દુનિયાના કૂતરાઓ જેમ જીવન જીવવાથી દૂર રહીને અલ્લાહના ખૌફવાળી જિંદગી અપનાવશે. અંતમાં ખ્વાજા ગરીબ નવાઝે પોતાની કિતાબ "અનીસુલ અરવાહ"માં હઝરત ઉષ્માન હારૂનીનો ક઼ૌલ નક઼લ કર્યો છે તેને દિલના કાનોથી સાંભળો : ફર્માવ્યું કે કુર્આન શરીફને વારંવાર પઢવું જોઈએ એ પણ ગુનાહોનો કફ્ફારો છે અને દોઝખની આગના સામે આડરૂપ છે. અને **જે શખ્સ કુર્આન પઢવામાં મશગૂલ થાય છે તો ખુદાવંદે તઆલા જન્નતના દરવાજા તેના માટે ખોલી આપે છે** અને દરેક ખૌફના બદલે જે તે પઢે છે તેના લીધે ખુદાવંદે તઆલા એક ફરિશ્તો પેદા કરે છે જે ક઼યામત સુધી તસ્બીહ પઢે છે. અને કોઈ શખ્સ ખુદાની આટલી નિક્ટતામાં નથી જેટલો તે શખ્સ છે જે ઈલ્મ શીખે અને વારંવાર કુર્આન પઢે. (જ્યારે આજે આપણામાં કેટલા છે જે વરસમાંય કુર્આન ખોલે છે ?!)

અને આ જ બુઝુર્ગાને દીનનો તરીક઼ો રહ્યો છે જેથી જ તેઓ બંને જહાનમાં કામયાબ હતા બલ્કે જેમના પર તેમની નજર પડી જતી તે પણ કામયાબ થઈ જતો. રબ્બે કરીમ તેના પ્યારા હબીબ ﷺના સદક઼ામાં બુઝુર્ગોના વસીલાથી મુસલમાનોને સાચા મુસલમાન બનવાની તૌફીક઼ અતા કરે.

કુર્આને પાકની તફસીર

# કન્ઝુલ ઈમાન વ ખઝાઇનુલ ઇરફાન

અઝ : આ'લા હઝરત
ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہ

અનુવાદક : મૌલાના હસન
આદમ કોલવનવી رحمۃ اللہ علیہ

## સૂરએ બકરહની તફસીર

સૂરએ બકરહ મદીનામાં ઉતરેલી અને એમાં ૨૮૬ આયતો અને ૪૦ રૂકૂઅ છે.

وَاِذْ قَالَ مُوْسٰی
لِقَوْمِهٖٓ اِنَّ اللّٰهَ يَاْمُرُكُمْ اَنْ تَذْبَحُوْا بَقَرَةً ؕ قَالُوْٓا
اَتَتَّخِذُنَا هُزُوًا ؕ قَالَ اَعُوْذُ بِاللّٰهِ اَنْ اَكُوْنَ مِنَ
الْجٰهِلِيْنَ ﴿۶۷﴾ قَالُوا ادْعُ لَنَا رَبَّكَ يُبَيِّنْ لَّنَا مَا هِيَ ؕ قَالَ
اِنَّهٗ يَقُوْلُ اِنَّهَا بَقَرَةٌ لَّا فَارِضٌ وَّلَا بِكْرٌ ؕ عَوَانٌۢ
بَيْنَ ذٰلِكَ ؕ فَافْعَلُوْا مَا تُؤْمَرُوْنَ ﴿۶۸﴾ قَالُوا ادْعُ لَنَا
رَبَّكَ يُبَيِّنْ لَّنَا مَا لَوْنُهَا ؕ قَالَ اِنَّهٗ يَقُوْلُ اِنَّهَا
بَقَرَةٌ صَفْرَآءُ ۙ فَاقِعٌ لَّوْنُهَا تَسُرُّ النّٰظِرِيْنَ ﴿۶۹﴾ قَالُوا
ادْعُ لَنَا رَبَّكَ يُبَيِّنْ لَّنَا مَا هِيَ ۙ اِنَّ الْبَقَرَ تَشٰبَهَ عَلَيْنَا ؕ
وَاِنَّآ اِنْ شَآءَ اللّٰهُ لَمُهْتَدُوْنَ ﴿۷۰﴾ قَالَ اِنَّهٗ يَقُوْلُ اِنَّهَا
بَقَرَةٌ لَّا ذَلُوْلٌ تُثِيْرُ الْاَرْضَ وَلَا تَسْقِي الْحَرْثَ ۚ
مُسَلَّمَةٌ لَّا شِيَةَ فِيْهَا ؕ قَالُوا الْـٰٔنَ جِئْتَ بِالْحَقِّ ؕ
فَذَبَحُوْهَا وَمَا كَادُوْا يَفْعَلُوْنَ ﴿۷۱﴾ وَاِذْ قَتَلْتُمْ نَفْسًا
فَادّٰرَءْتُمْ فِيْهَا ؕ وَاللّٰهُ مُخْرِجٌ مَّا كُنْتُمْ تَكْتُمُوْنَ ﴿۷۲﴾
فَقُلْنَا اضْرِبُوْهُ بِبَعْضِهَا ؕ كَذٰلِكَ يُحْيِ اللّٰهُ الْمَوْتٰی ۙ
وَيُرِيْكُمْ اٰيٰتِهٖ لَعَلَّكُمْ تَعْقِلُوْنَ ﴿۷۳﴾

અને જ્યારે મૂસાએ પોતાની કોમને ફરમાવ્યું, ખુદા તમને હુકમ આપે છે કે એક ગાય ઝુબેહ કરો[115] બોલ્યા કે આપ અમને મસ્ખરા બનાવો છો[116] ફરમાવ્યું, ખુદાની પનાહ કે હું જાહિલોમાં હોઉં[117] (૬૭) બોલ્યા, પોતાના રબથી દુઆ કરો કે અમને બતાવી દે ગાય કેવી ? કહ્યું, તે ફરમાવે છે કે તે એક ગાય છે ન ઘરડી ન બહુ નાની, બલ્કે બન્નેના વચમાં છે, તો કરો જેનો તમને હુકમ થાય છે (૬૮) બોલ્યા, પોતાના રબથી દુઆ કરો અમને બતાવે તેનો રંગ શું છે ? કહ્યું, ફરમાવે છે તે એક પીળી ગાય છે જેનો રંગ ઘેરો જોનારાઓને ખુશ કરતો (૬૯) બોલ્યા, પોતાના રબથી દુઆ કરો કે અમારા માટે સાફ બયાન કરી દે તે ગાય કેવી છે ? બેશક ! ગાયોમાં અમને શંકા પડી ગઇ, અને અલ્લાહ ચાહે તો અમે રસ્તો પામી જઇશું.[118] (૭૦) કહ્યું, તે ફરમાવે છે કે તે એક ગાય છે જેનાથી સેવા નથી લેવાતી કે જમીન ખેડે અને ન ખેતીને પાણી આપે, ઐબ વગરની છે જેમાં કોઇ ડાઘ નથી. બોલ્યા, હવે આપ ઠીક વાત લાવ્યા[119] તો તેને ઝુબેહ કરી અને ઝુબેહ કરતા લાગતા ન હતા[120] (૭૧) અને જ્યારે તમે એક ખૂન કર્યું તો એક બીજા પર એનો આક્ષેપ નાખવા લાગ્યા, અને અલ્લાહને જાહેર કરવું (હતું) જે તમે છુપાવતા હતા (૭૨) તો અમે ફરમાવ્યું તે મરનારને તે ગાયનો એક ટુકડો મારો[121] અલ્લાહ એમ જ મુર્દા જીવાડશે અને તમને પોતાની નિશાનીઓ બતાવે છે કે ક્યાંક તમને અક્કલ આવે[122] (૭૩)

## :: સમજૂતી ::

૧૧૫. બની ઇસરાઇલમાં આમીલ નામનો એક માલદાર હતો, તેના પિત્રાઇ ભાઇએ વારસાની લાલચમાં તેનું ખૂન કરીને બીજા ગામના દરવાજા પર નાખી દીધો, અને સવારમાં પોતે જ તેના ખૂનનો બદલો માંગવા માંડયો, ત્યાંના લોકોએ હઝરત મૂસાને ફરિયાદ કરી કે આપ દુઆ કરો જેથી અલ્લાહ પાક અસલ હકીકત જાહેર કરે, ત્યારે હુકમ થયો કે એક ગાય ઝુબેહ કરીને તેનો કોઇ ભાગ મરી ગએલાને મારે, તે જીવતો થઇને ખૂનીને બતાવી દેશે.

૧૧૬. કારણ કે મરી ગએલાની હાલત જાણવામાં અને ગાય ઝુબેહ કરવામાં કંઇ સંબંધ માલમ પડતો નથી.

૧૧૭. એવો જવાબ જે સવાલ સાથે સંબંધ ન ધરાવતો હોય તે જાહિલોનું કામ છે, અથવા એ અર્થ છે કે કેસના ફેંસલા સમયે મશ્કરી કરવી જાહિલોનું કામ છે, અમ્બિયાની શાન એનાથી ઉચ્ચ છે, મતલબ કે ત્યારે જ બની ઇસરાઇલે જાણી લીધું કે ગાય ઝુબેહ કરવી જરૂરી છે, તો તેઓએ આપની પાસે તેના ગુણો વિશે પૂછપરછ આદરી. હદીષ શરીફમાં છે કે જો બની ઇસરાઇલ ચર્ચા ન ધરાવતે તો ગમે તે ગાય ઝુબેહ કરતે તો પુરતું થઇ પડત.

૧૧૮. હુઝૂરે ફરમાવ્યું તે ઇન્શાઅલ્લાહ ન બોલ્યા હોત તો એ ગાય તેમને કદી મળત નહીં.

**મસઅલો** : દરેક નેક કામમાં ઇન્શાઅલ્લાહ કહેવું મુસ્તહબ છે.

૧૧૯. અર્થાત હવે સમજ પડી અને પુરૂં વર્ણન માલમ પડયું, પછી તેમણે ગાયની ઢુંઢ શરૂ કરી, તે તરફ એવી ફક્ત એક જ ગાય હતી, તેની વિગત એમ છે કે બની ઇસ્રાઇલમાં એક નેક માણસ હતા, તેમનો એક સગીર વયનો દીકરો હતો, અને તેમની પાસે એક ગાયની વાછરડી સિવાય કશું રહ્યું ન હતું, તેમણે તેની ગરદન પર મહોર લગાવીને અલ્લાહના નામ પર છોડી દીધી, અને અલ્લાહના દરબારમાં વિનંતી કરી, અય રબ! હું આ વાછરડીને આ છોકરા માટે તારા પાસે સંભાળી રાખવા મૂકું છું, જ્યારે આ દીકરો મોટો થાય ત્યારે એના કામ આવે, તે નેક માણસ તો મરણ પામ્યા, વાછરડી જંગલમાં અલ્લાહની દેખરેખ નીચે વધતી રહી, આ છોકરો મોટો થયો, અને તેના ફઝલથી નેક અને મુત્તકી થયો, માં નો કહ્યાગરો હતો, એક દિવસે તેની માંએ કહ્યું, અય બેટા! તારા પિતાએ ફલાણા જંગલમાં તારા માટે ખુદાના નામ પર એક વાછરડી છોડી મૂકી છે, તે હવે જવાન થઇ ગઇ, તેને જંગલમાંથી લઇ આવ, અને અલ્લાહ પાસે દુઆ કર કે તે તને આપે, છોકરાએ ગાયને જંગલમાં જોઇ, અને માંની બતાવેલી નિશાનીઓ તેમાં મળી આવી, અને તેને અલ્લાહની કસમ આપીને બોલાવી, તે હાજર થઇ, જવાન તેને વાલિદાની સેવામાં લઇ આવ્યો, માંએ બજારમાં લઇ જઇને ત્રણ દીનારમાં વેચી નાખવાનું કહ્યું, અને એવી શરત મૂકી કે સોદો થયા પછી ફરી તેણીની રજા લેવામાં આવે, તે સમયે ઇલાકામાં ગાયની કિંમત ત્રણ દીનાર જ હતી, જવાન જ્યારે તે ગાયને બજારમાં લાવ્યો, તો એક ફરિશ્તો ગ્રાહક બનીને આવ્યો, અને તેણે ગાયની કિંમત ૬ દીનાર લગાવી, પણ એવી શરત કે જવાન માંની રજા માટે બંધાએલો ન રહે, જવાને એ મંજૂર ન રાખ્યું, અને માંને બધી હકીકત કહી, તેની માંએ સોદામાં ૬ દીનાર કિંમતને મંજૂરી તો આપી પણ ફરી પાછી પોતાની મરજી મેળવવાની શરત આગળ રાખી, જવાન ફરી બજારમાં આવ્યો, ફરિશ્તાએ આ વખતે ૧૨ દીનાર કિંમત કરી, અને કહ્યું કે માંની પરવાનગી પર મોકૂફ ન રાખો, જવાને ન માન્યું, અને માંને ખબર આપી, તે શાણી સ્ત્રી સમજી ગઇ કે આ ગ્રાહક નથી કોઇ ફરિશ્તો લાગે છે, જે અજમાવવા ખાતર આવે છે. બેટાને કહ્યું કે આ વખતે ગ્રાહકને કહેજે કે તમે અમને ગાય વેચવાની પરવાનગી આપો છો કે નહીં? છોક-

રાએ એવું જ કહ્યું, ફરિશ્તાએ કહ્યું કે હમણાં એને રાખો. બની ઇસરાઇલ આવે. ત્યારે તેની કિંમત એવી નક્કી કરજો કે એમના ચામડામાં સોનું ભરી દેવામાં આવે, જવાન ગાયને ઘેર લાવ્યો, જ્યારે બની ઇસરાઇલ ઢુંઢતા ઢુંઢતા તેના ઘેર પહોંચ્યા તો એ જ કિંમત નક્કી કરી, અને હઝરત મૂસા અલયહિસ્સલામની જામિનગીરીથી તે ગાય બની ઇસરાઇલને હવાલે કરી.

આ બનાવથી અમુક મસઅલા જાણવા મળ્યા,

(૧) જે પોતાના સંબંધીઓને અલ્લાહના હવાલે કરે અલ્લાહ તઆલા તેમનું આવુ સરસ પાલનપોષણ કરે છે. (૨) જે પોતાનો માલ અલ્લાહના ભરોસા પર તેની અમાનમાં સોંપી દે, અલ્લાહ તેમાં બરકત આપે છે. (૩) માં-બાપની ફરમાંબરદારી અલ્લાહને પ્રિય છે. (૪) ગૈબી ફેઝ કુરબાની અને ખૈરાત કરવાથી મળે છે. (૫) ખુદાની રાહમાં સારો માલ આપવો જોઇએ. (૬) ગાયની કુરબાની અફઝલ છે.

૧૨૦. બની ઇસરાઇલના લગાતાર સવાલો અને પોતાની ફજેતીની ફિકર અને ગાયની મોંઘી કિંમતથી એમ લાગતું હતું કે તેઓ ઝુબેહ કવાનો ઇરાદો ધરાવતા નથી, પણ જ્યારે તેમના સવાલો સંતોષકારક જવાબોથી ખતમ કરી દેવાયા ત્યારે તેમને ઝુબેહ કરવી જ પડી.

૧૨૧. બની ઇસરાઇલે ગાય ઝુબેહ કરીને તેના કોઇ ભાગ વડે મુરદાને માર્યું, તે અલ્લાહના હુકમથી જીવતો થઇ ગયો, તેના ગળામાંથી લોહીના ફુવ્વારા ચાલુ હતા, તેણે પોતાના પિત્રાઇ ભાઇને બતાવી કહ્યું કે એણે મારૂં ખૂન ક્યું, હવે તેને પણ સ્વીકારવું પડયું, હઝરત મૂસા અલયહિસ્સલામે બદલામાં તેને કત્લ કર-વાનો હુકમ આપ્યો, અને ત્યારબાદ હુકમ થયો કે :

**મસઅલો** : ખૂની મરનારના વારસાથી મેહરૂમ બની જશે.

**મસઅલો** : પણ આદિલે (ન્યાય કરનાર) બાગી (બળાખોર)ને મારી નાખ્યો, અથવા કોઇ હુમલાખોર પાસેથી જીવ બચાવવા સ્વરક્ષણમાં હુમલાખોર માર્યો ગયો, તો મરનારના વારસાથી મેહરૂમ નહીં થાય.

૧૨૨. અને તમે સમજો કે બેશક અલ્લાહ તઆલા મુર્દા જીવાડવાની શક્તિ ધરાવે છે અને કયામતના દિવસે મુર્દાઓને જીવતાં કરવાં અને હિસાબ લેવો હક છે.

પેજ નં. ૧૭નું ચાલુ...

**નહીં જિસ્કે રંગ કા દુસરા ન તો હો કોઈ ન કભી હુવા**
**કહો ઉસકો ગુલ કહે કયા કોઈ કે ગુલોં કા ઢેર કહાં નહીં**

*(ગુલો = ફૂલો, ઢેર = ઢગલો)*

**અર્થ** : હુઝૂર ﷺના જેવો ન કોઈ છે, ન કોઈ થશે અને ન કદી થયો. એમને ફૂલ કેવી રીતે કહું કે ફૂલોના ઢગલા છે અને હુઝૂર ﷺ જેવો બીજો કોઈ નથી.

**કરું મદ્હે અહલે દોવલ 'રઝા' પળે ઈસ બલામેં મેરી બલા**
**મૈં ગદા હું અપને કરીમ કા મેરા દીન પારએ નાન નહીં**

*(મદ્હ = પ્રશંસા, અહલે દોવલ = માલદાર, દીન = ધર્મ, પારએ નાન = રોટીનો ટુકડો)*

**અર્થ** : નાનપારાના નવાબે આ'લા હઝરત رضي الله عنهની બારગાહમાં અરજ મોકલી કે મારા વિશે કોઈ પ્રશંસારૂપે પંક્તિઓ લખી આપો તો આ'લા હઝરત رضي الله عنهએ ઉપરોક્ત શેર લખ્યો, (અર્થાત) : ''હે રઝા ! હું માલદારોની તારીફ કરું ?! અરે ! હું તો મારા કરીમ આકાનો ગુલામ છું, હુઝૂરની તારીફ કરનારો છું, મારો દીન પારએ નાન (નાનપારાનું ઉલ્ટુ એટલે કે રોટીનો ટુકડો) નથી કે ગમે તેને વેચી દઉં.''

અબ્દુલ્લાહ ઈબ્ને મુગફફલ رضی اللہ عنہથી[1] રિવાયત છે. ફર્માવે છે, રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું કે તમારામાંથી ગુસલખાનામાં કોઈ કદાપિ પેશાબ ન કરે, પછી તેમાં ગુસ્લ કે વુઝૂ કરશે[2]. કે સામાન્યતઃ વસવસા એના થકી થાય છે[3]. એને અબૂ દાઊદ, તિર્મિઝી તથા નિસાઈએ રિવાયત કરી, પણ એ બંનેવે ''ષુમ્મ યગ્તસિલ''નો ઉલ્લેખ નથી કર્યો.

અબ્દુલ્લાહ ઈબ્ને સરજસથી રિવાયત છે[4] ફર્માવે છે કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું કે તમારામાંથી કોઈ શખ્સ દર (કાણા)માં પેશાબ ન કરે[5]. *(અબૂ દાઊદ, નિસાઈ)* હઝરત મઆઝ رضی اللہ عنہથી રિવાયત છે ફર્માવે છે કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું કે ત્રણ લઅનતી ચીજોથી બચો : ઘાટો, માર્ગના વચ્ચે તથા છાંયડામાં જાજરૂ કરવાથી[6]. *(અબૂ દાઊદ)* હઝરત અબૂ સઈદ رضی اللہ عنہથી રિવાયત છે. ફર્માવે છે કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું કે બે શખ્સો જાજરૂ કરવા ન જાય કે શર્મગાહો ખોલે, વાતો કરે. કેમ કે અલ્લાહ તઆલા એના લીધે નારાજ થાય છે[7]. *(અહમદ, અબૂ દાઊદ, ઈબ્ને માજહ)*

હઝરત ઝયદ બિન અરક્મ رضی اللہ عنہથી[8] રિવાયત છે, ફર્માવે છે કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું કે આ પાખાના (જાજરૂ) જિન્નાતને હાજર રહેવાની જગા છે તો જ્યારે તમારામાંથી કોઈ જાજરૂએ જાય તો કહે હું ગંદા જિન્નાત અને જિન્નાતનીઓથી અલ્લાહથી પનાહ લઉં છુ[9]. *(અબૂ દાઊદ, ઈબ્ને માજહ)*

હઝરત અલી رضی اللہ عنہથી રિવાયત છે. ફર્માવે છે કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું કે જિન્નાતની આંખો અને લોકોના સતર (ગુપ્ત અંગો)ની વચ્ચે પર્દો એ છે કે જ્યારે કોઈ પાખાના (જાજરૂ)માં જાય તો બિસ્મિલ્લાહ કહી લે[10] એને તિર્મિઝીએ રિવાયત કરી અને ફર્માવ્યું, આ હદીષ ગરીબ છે એની સનદ કવી નથી. હઝરત આઈશા رضی اللہ عنہاથી રિવાયત છે કે નબી ﷺ જ્યારે જાજરૂથી આવતા તો ફર્માવતા, તારી બખ્શિશ (જોઈએ). *(તિર્મિઝી, ઈબ્ને માજહ, દારમી)*

## -:: સ....મ....જૂ....તી.... ::-

**સમજૂતી ૧.** આપ સહાબી છે. કબીલા મુઝનિય્યહથી છે. બયઅતે રિદ્વાનમાં શરીક રહ્યા. મદીના મુનવ્વરા વસવાટ રહ્યો. તન્તુર શહેર ફતહ થતાં આપ જ ત્યાં દાખલ થયા. ફારૂકી યુગમાં બસરામાં લોકોને ઈલ્મે દીન શીખવાડવા માટે આપને મોકલવામાં આવ્યા ત્યાં હિજરી સ. ૫૯માં વફાત પામ્યા.

**૨.** ''મુસ્તહ્મતિહી''નો અર્થ ગરમ પાણી વાપરવાની જગા. ''હમીમ'' એટલે ગરમ પાણી એના પરથી હમામ બન્યું. જો ગુસ્લખાનાની જમીન મજબૂત પાકી હોય અને એમાં પાણી બહાર જવાની નીક પણ હોય ત્યાં પેશાબ કરવામાં વાંધો નથી, જો કે બેહતર એ જ છે કે ન કરે. પરંતું જો જમીન કાચી હોય અને પાણીને જવાનો રસ્તો પણ ન હોય તો પેશાબ કરવો સખત બુરુ છે કેમ કે જમીન નાપાક થઈ જશે અને ગુસ્લ તથા વુઝૂમાં ગંદુ પાણી શરીર પર પડશે. અહીં બીજી સ્થિતિ જ મુરાદ છે. એટલા માટે તાકીદ સાથે મનાઈ કરવામાં આવી.

**૩.** એટલે કે એનાથી વસવસાઓ તથા વહેમની

બીમારી પેદા થાય છે જેમ કે અનુભવ છે અથવા ગંદા છાંટા પડવાનો વસવસો રહેશે. પ્રથમ અર્થ અધિક જાહેર છે.

**૪.** આપ કબીલા મુઝય્યના અથવા કબીલા મખ્ઝૂમથી છે. બસરાના રહેવાસી છે. આપના વાલિદનું નામ સરજિસ અથવા નરજિસ છે.

**૫.** "હજર"થી મુરાદ ક્યાં તો જમીનનું દર (કાણુ) અથવા દીવાલની ફાટ છે, મોટાભાગે દરોમાં ઝહેરીલાં જાનવર, કીડીઓ વગેરે કમજોર જાનવરો અથવા જિન્નાત રહે છે. કીડીઓને પેશાબ તથા પાણીથી તકલીફ થશે અથવા સાપ કે જિન નીકળીને આપણને તકલીફ આપશે. એટલા માટે ત્યાં પેશાબ કરવાથી મના કરવામાં આવ્યું. જેમ કે સઅદ ઈબ્ને ઓબાદ અન્સારી رضی اللہ عنہનું મૃત્યુ એનાથી જ થયું કે આપે એક દરમાં પેશાબ કર્યો તો જિને નીકળીને આપને હલાક કરી નાખ્યા. લોકોએ એ દરથી આ અવાજ સાંભળ્યો : (અર્થ) : "અમે હલાક કરી નાખ્યો ખઝરજના સરદાર સઅદ ઈબ્ને ઓબાદાને, અને અમે તેને તીરોથી હલાક કર્યો." *(મિર્કાત તથા અશિઅતુલ લમ્આત)*

**૬.** એની શરહ (સ્પષ્ટતા) અગાઉ વર્ણન થઈ ચૂકી કે દરેક તે જગા જ્યાં લોકો બેસતા અથવા આરામ કરતા હોય ત્યાં જાજરૂ કરવું સખત મના છે કે એનાથી રબ તઆલા પણ નારાજ છે અને લોકો પણ ગાળો આપે છે. એનાથી જાણવા મળ્યું કે મસ્જિદનાં ગુસલખાનાઓ તથા પેશાબ ખાનાઓમાં જાજરૂ કરવું સખત જુર્મ છે કે બંદાઓને સતાવનાર રબના અઝાબને પાત્ર છે.

**૭.** કેમ કે અન્યોની સામે નગ્ન થવું પણ મના છે અને પેશાબ જાજરૂ કરતી વખતે વાતો કરવી એ પણ જુર્મ છે. એ વખતે વાતો કરવાથી ફરિશ્તાઓને તકલીફ થાય છે, બલ્કે એ વખતે અલ્લાહનો ઝિક્ર પણ ન કરે. જો છીંક આવે તો ઝબાનથી "અલ્હમ્દુલિલ્લાહ" પણ ન કહે, જો કોઈ સલામ કરે તો જવાબ પણ ન આપે. સારાંશ કે પેશાબ, જાજરૂ તથા સંભોગ કરતી વખતે સદંતર વાત કરવી મના છે.

**૮.** આપ મશ્હૂર અન્સારી સહાબી છે. આપની કુન્નિયત અબૂ અમ્ર છે. કદરજી છે. કૂફામાં વસવાટ કર્યો. ૮૫ વરસની વયે હિ.સ. ૭૫માં કૂફામાં વફાત પામ્યા અને ત્યાં જ દફન થયા.

**૯.** કેમ કે અહીં નાપાકી પડે છે, અલ્લાહનો ઝિક્ર થતો નથી, જેથી ત્યાં શૈતાન લોકોની તાકમાં બેસે છે. એટલા માટે હુકમ છે કે વિના જરૂરત જાજરૂ ન જાવ અને જરૂરત વિના ત્યાં ન બેસો. યાદ રાખશો કે ગિરજા, મંદિર, શરાબખાના, સીનેમા ઘરો, કેસીનાઓ જ્યાં જૂગારી જૂગાર રમે છે એ સર્વ જગાઓ શૈતાનનાં ઠેકાણાઓ છે. સરકાર ﷺએ ફર્માવ્યું છે કે બજારોમાં શૈતાન રહે છે કેમ કે ત્યાં જૂઠ ધોકાઓ ખૂબ જ આપવામાં આવે છે.

**૧૦.** પણ આ શબ્દો જાજરૂમાં પ્રવેશતાં પહેલાં બોલે, જાજરૂની અંદર અલ્લાહનો ઝિક્ર કરવો મના છે કેમ કે ત્યાં ગંદકીઓ થાય છે. એટલે કે જેવી રીતે દીવાલ તથા પર્દા લોકોની નજરોએથી આડ બને છે એવી જ રીતે આ અલ્લાહનો ઝિક્ર જિન્નાતની નિગાહોથી આડ બનશે કે જિન્નાત એને જોઈ શકશે નહીં.

આ સર્વ હદીષોમાં બયતુલ ખલાથી જાજરૂ જવાની જગા મુરાદ છે, જંગલમાં હોય કે સપાટ મેદાન પર કે ઘરના ખૂણામાં હોય, ન કે ખાસ કેબીનો જ મુરાદ છે. કેમ કે એ જમાનામાં ઘરોમાં જાજરૂની કેબીનો (Toilet બાથરૂમ) બનાવવાનો રિવાજ ન હતો. અને જાજરૂથી ફારિગ થઈને મગફેરત માગવાનાં બે કારણો છે, એક એ કે ફરાગત થતા સુધીનો સમય અલ્લાહના ઝિક્ર વિના પસાર થયો, કેમ કે હુઝૂર ﷺ આ હાલત સિવાય સર્વ સ્થિતિઓમાં ઝિક્રુલ્લાહ કરતા હતા, ખુદાવંદા એ ઉણપને માફ કર. બીજુ એ કે સારી રીતે જાજરૂ થઈ જવું એ ખુદાની મોટી નેઅમત છે જેનો શુક્ર અદા કરવાથી જીભ લાચાર છે, હે ખુદા ! એ કુસૂરને માફ કર ! યાદ રાખશો કે હુઝૂર ﷺનો ઈસ્તિગફાર એ ઉમ્મતની તાલીમ માટે છે.

# હદાઈકે બખ્શિશ

અઝ
આ'લા હઝરત ઈમામ અહમદ રઝા મુહદ્દિષે બરેલ્વી رحمۃ اللہ علیہ

અનુવાદક તથા રૂપાંતરકર્તા
મૌલાના સાદિક સાબરી દહેગામી

**વો કમાલે હુસ્ને હુઝૂર હૈ કે ગુમાને નક્સ જહાં નહીં**
**યહી ફૂલ ખાર સે દૂર હૈ યહી શમ્અ હૈ કે ધુવાં નહીં**

*(કમાલ = ખૂબી, હુસ્ને હુઝૂર ﷺ = પ્યારા નબી ﷺની સુંદરતા, ગુમાન = વિચાર, નક્સ = કમી, ઐબ, જહાં = જ્યાં, ખાર = કાંટા, શમ્અ = મીણબત્તી)*

**અર્થ :** આ તો હુઝૂર ﷺના હુસ્નનો કમાલ છે કે જ્યાં ઐબ તો શું ઐબનો વિચાર કરવો પણ બેઅદબી છે, બધા જ ફૂલો સાથે કાંટા હોય છે પરંતુ કુદરતના બાગના હુઝૂર ﷺ એવા ફૂલ છે જ્યાં કાંટો નથી. દરેક શમ્અ સાથે ધુમાડા હોય છે પરંતુ હુઝૂર علیہ الصلوٰۃ والسلام રિસાલતની એવી શમ્અ છે જ્યાં ફક્ત પ્રકાશ જ છે, ધુમાડાનું નામ જ નથી. આ શેઅરમાં હુઝૂરના હુસ્નની ખૂબીને બયાન કરવામાં આવી છે જેને સહાબાએ કિરામ رضوان اللہ تعالیٰ علیہم اجمعین એ બયાન કરી : હુઝૂર (ﷺ) જેવો હસીનો જમીલ ન પહેલાં જોવા મળ્યો, ન આપના પછી કોઈ જોવા મળશે. *(મિશ્કાત શરીફ)*

સહાબીએ રસૂલ હઝરત હસ્સાન બિન ષાબિત رضی اللہ عنہ એ શું ખૂબ ફર્માવ્યું, (તર્જુમો) : પ્યારા નબી ! ﷺ આપથી વધારે સુંદર મારી આંખોએ કદી જોયો નથી, અને આપથી વધારે રૂપાળો કોઈ માતાએ જન્મ્યો નથી, આપ તો દરેક ઐબ અને કમીથી પાક સાફ પૈદા કરવામાં આવ્યા, આપને આપની મરજી પ્રમાણે પૈદા કરવામાં આવ્યા.

**દો જહાં કી બેહતરિયાં નહીં કે અમાનિયે દિલોં જાં નહીં**
**કહો કયા હૈ વો જો યહાં નહીં મગર ઈક 'નહીં' કે વો હાં નહીં**

*(બેહતરિયાં = ભલાઈઓ, અમાની = આરઝૂઓ, ઈક = એક, નહીં = નથી)*

**અર્થ :** બંનેવ જહાનની ભલાઈઓ, દિલો જાનની આરઝૂઓ, કહો કે કઈ એવી વસ્તુ છે કે જે હુઝૂરની હોય કે બારગાહમાં નથી ?! જે માગો તે મળે છે, પરંતુ હા ! એક શબ્દ "નહીં"નો હુઝૂર ﷺની બારગાહમાં નથી કે કોઈને આપ નથી એવું નથી કહેતા. હઝરત અલી رضی اللہ عنہ ફર્માવે છે કે હુઝૂર પાસે કોઈ સવાલ કરતો તો જો હુઝૂરને આપવુ મંજૂર ન હોતું તો ખામોશ રહેતા, કોઈને નથી એવું કદી ન ફર્માવતા.

હઝરત અબ્દુલહક્ક મુહદ્દિષ દહેલ્વી رحمۃ اللہ علیہ ફર્માવે છે, દુનિયા અને આખેરતની કોઈ આરઝૂ છે તો હુઝૂર علیہ الصلوٰۃ والسلام ની બારગાહમાં આવો અને અરજ કરો જે ચાહો ! અને ફર્માવે છે કે કાઈનાતની દરેક નેઅમત હુઝૂર ﷺના હાથમાં આપવામાં આવી છે કે હુઝૂર ખૂદ ફર્માવે છે કે અલ્લાહ મને આપે છે અને હું વહેચું છું. *(મદારિજુન્નબુવ્વત, ભાગ : ૧, પેજ : ૧૪૯)*

**મૈં નિષાર તેરે કલામ પર મિલી યૂં તો કિસ કો ઝબાં નહીં**
**વો સુખન હૈ જિસ્મેં સુખન ન હો વો બયાં હૈ જિસ્કા બયાં નહીં**

*(નિષાર = કુર્બાન, કલામ = વાતચીત, ઝબાં = જીભ, સુખન = વાત, સુખન = ટિપ્પણી, બયાં = બયાન)*

**અર્થ :** હે ફસીહુલ્લિસાન પ્યારા નબી ! ﷺ હું આપના કલામ પર કુર્બાન જાઉં ! આમ તો જબાન સૌની પાસે છે પરંતુ આપના કલામની કોઈ મિષાલ નથી કે ખુદા ફર્માવે છે : 'અમારો મહબૂબ પોતાની મરજીથી નહીં મારી વહીથી બોલે છે.'' *(કુર્આન)* અને આપના કલામની કસમથી યાદ ફર્માવે છે, ''વકિલીહિ) રસૂલના તે કહેવાની કસમ. *(કુર્આન)* કલામ અસલમાં તે જ છે જેના પર કોઈ કલામ (એતેરાઝ) કરવામાં ન આવે, અને વાત અસલમાં તે જ વાત છે જેની વાત ન થઈ શકે અને જેની ખૂબીઓ બયાન થઈ શકે.

હઝરત અબૂબક્ર સિદીક رضی اللہ عنہએ હુઝૂર ﷺની બારગાહમાં અર્ઝ કરી, યા રસૂલલ્લાહ ! ﷺ હું અરબના શહેરોમાં ફર્યો છું અને મેં અરબના મોટા મોટા ફુસહા (મીઠી વાણીવાળા)ને સાંભળ્યા, પરંતુ આથી વધુ ફસીહને નથી જોયો. હુઝૂર ﷺએ ફર્માવ્યું, ''મને મારા રબે શિખવાડયુ છે.'' *(ખસાઈસે કુબ્રા, ૧/૬૩, ઝુર્કાની : ૪/૧૦૧)*

**બખુદા ખુદા કા યહી હૈ દર નહીં ઔર કોઈ મફર મકર**
**જો વહાં સે હો યહીં આકે હો જો યહાં નહીં તો વહાં નહીં**

*(બખુદા = ખુદાની કસમ, દર = દરવાજો, મફર = પનાહની જગ્યા, મકર = ઠેકાણુ)*

**અર્થ :** ખુદાની કસમ ! ખુદાની બારગાહમાં પહોંચવાનો દરવાજો હુઝૂર ﷺની બારગાહમાં છે. અહીંયાં સિવાય બીજી કોઈ જગ્યા નથી જ્યાં નજાત અને પનાહ મળે. ખુદાની બારગાહથી જે મળે છે તે હુઝૂર ﷺની બારગાહમાં થઈને મળે છે કે ખુદાએ નેઅમતોના માલિક હુઝૂર ﷺને બનાવ્યા છે, અને હુઝૂર વહેંચણી કરે છે. જે અહીંયાંથી મહેરૂમ રહ્યો તે બારગાહે ખુદાથી પણ મેહરૂમ રહ્યો.

**કરે મુસ્તફા કી ઈહાનતેં ખુલે બંદોં ઈસ પે યહ જુર્અતેં**
**કે મૈં કયા નહીં હૂં મુહમ્મદી ! અરે ! હાં નહીં ! અરે હાં નહીં !**

*(ઈહાનતેં = તૌહીનો, ગુસ્તાખીઓ, ખુલે બંદો = ખુલ્લે આમ, જાહેરમાં, જુર્અતેં = બહાદુરી, મુહમ્મદી = હુઝૂર ﷺનો ઉમ્મતી)*

**અર્થ :** વહાબી, નજદી, દેવબંદીઓ ખુલે આમ હુઝૂર ﷺની શાનમાં ગુસ્તાખીઓ કરે છે અને એના પર બહાદુરી તો જુઓ ! કહે છે, શું હું મુહમ્મદી એટલે હુઝૂર ﷺનો ઉમ્મતી નથી ?! અરે ગુસ્તાખે રસૂલ ! હા ! તું હુઝૂર ﷺનો ગદ્દાર છે, વફાદાર નથી ! તું મુસલમાન જ નથી !

## :: વહાબીઓના ગુસ્તાખીભર્યા લખાણના અમુક નમૂનાઓ ::

**૧.** ''બેશક ! હુઝૂર ﷺ પોતાના જીવનમાં નફા નુકસાનના માલિક નથી.'' *(કશ્ફુશ્શુબહાત, પેજ–૬)*

★ ''જેનું નામ મુહમ્મદ અથવા અલી છે તે કોઈ પણ વસ્તુના માલિકો મુખ્તાર નથી.'' *(તકવિયતુલ ઈમાન)*

★ ''નમાઝમાં હુઝૂર ﷺનો ખ્યાલ લાવવો બળદ, ગધેડાના ખ્યાલમાં ડૂબી જવાથી વધારે બુરો છે.'' *(સિરાતે મુસ્તકીમ–૮૬, લેખક : ઈસ્માઈલ દહેલ્વી)*

**૨.** ''અમુક ઈલ્મે ગૈબ મુરાદ હોય તો એમાં હુઝૂરની શું વિશિષ્ટતા ! એવો ઈલ્મે ગૈબ તો ઝૈદ, અમ્ર બલ્કે બાળક, પાગલ, તમામ હૈવાનો અને જાનવરોને પણ પ્રાપ્ય છે.'' *(હિફ્ઝુલ ઈમાન, પેજ–૧૬, લેખક : અશ્રફ અલી થાનવી)*

૩. "શૈતાનનો ઈલ્મ તો કુર્આનથી સાબિત છે અને હુઝૂર ﷺના ઈલ્મની કોઈ દલીલ નથી." ★ "હુઝૂરને દીવાર પાછળનો પણ ઈલ્મ નથી." ★ "હુઝૂર ﷺની મીલાદ કનૈયાના જન્મ દિવસની ઉજવણી જેવું છે." –*(બરાહીને કાતિઅહ્, પેજ–૧૮૪, લેખક : ખલીલ અહમદ અંબેટવી)*

૪. "અમુક સમયે ઉમ્મતી અમલમાં નબીથી આગળ નીકળી જાય છે." –*(તહઝીરુન્નાસ, પેજ : ૫૨, લેખક : કાસિમ નાનોત્વી)*

લખાણ ટૂંકાવવાના હિસાબે આટલી ગુસ્તાખીઓનો ખુલાસો લખ્યો, નહીં તો તેમની અનેક કિતાબો ગુસ્તાખીભર્યાં લખાણોથી ભરેલી છે. વધુ જાણકારી માટે "તારીખે નજદો હિજાઝ"નો અભ્યાસ કરો.

વહાબી, નજદી, દેવબંદીઓના ગુસ્તાખીભર્યાં લખાણને કારણે અરબ અને અજમ, મક્કા મદીનાના મુફતીઓએ તેમને કાફિર ઠરાવ્યા છે જેનો ખુલાસો આ'લા હઝરત رضی اللہ عنہએ આ શેઅરમાં *"અરે હાં નહીં ! અરે હાં નહીં !"* કહીને કર્યો છે. વધુ વિગત માટે આ'લા હઝરતની કિતાબ "હુસ્સામુલ હરમૈન"નો અભ્યાસ જરૂર કરશો.

**તેરે આગે યૂં હૈં દબે લચે ફુસહા અરબ કે બળે બળે**
**કોઈ જાને મુંહ મેં ઝબાં નહીં, નહીં બલ્કે જિસ્મમેં જાં નહીં**

*(દબે લચે = શરમથી ઝુકેલા, ફુસહા = સુંદર વાણીવાળા, બળે = મહાન)*

**અર્થ** : હે પ્યારા નબી ! ﷺ આપની બારગાહમાં અરબના મોટા મોટા ફસીહો શાઈરો શરમથી માથુ ઝુકાવેલ છે, આપની સામે બોલવાની હિમ્મત નથી, જાણે મોઢામાં જીભ નથી બલ્કે એવું લાગે છે કે શરીરમાં જાન નથી.

**વો શરફ કે કતઅ હૈં નિસ્બતેં વો કરમ કે સબસે કરીબ હૈં**
**કોઈ કહ દો યાસો ઉમ્મીદ સે વો કહીં નહીં વો કહાં નહીં**

*(શરફ = બુઝુર્ગી, મહાનતા, કતઅ = જુદા, કરમ = મહેરબાની, યાસ = નાઉમ્મીદી)*

**અર્થ** : બુઝુર્ગી અને મહાનતામાં હુઝૂર ﷺથી કોઈને સંબંધ નથી, આપના મકામ સુધી પહોંચી શકતો જ નથી. આ તો મહેરબાની છે કે આપ મો'મિનોની જાનથી વધારે નજીક છે. કુર્આનમાં છે, "નબી મો'મિનોની જાનથી પણ વધુ નિકટ છે." તો નાઉમ્મીદીને કહી દો કે તારા માટે અહીંયાં કોઈ જગ્યા જ નથી, અહીંયાં તો ચારેવ બાજુ ઉમ્મીદ જ ઉમ્મીદ છે.

**યહ નહીં કે ખુલ્દ ન હો નિકો વો નિકોઈ કી ભી હૈ આબરૂ**
**મગર અય મદીને કી આરઝૂ જિસે ચાહે તૂ વો સમાં નહીં**

*(ખુલ્દ = જન્નત, નિકો = સારી, નેકોઈ = ભલાઈ, આબરૂ = ઈજ્જત, આરઝૂ = તમન્ના = સમાં = બરાબરી)*

**અર્થ** : હું એવું નથી કહેતો કે જન્નત સારી નથી બલ્કે તે તો દરેક ભલાઈની આબરૂ છે, પરંતુ હે મદીનાની આરઝૂ ! જેને તું પસંદ કરે તેની બરાબરી કોઈ કરી શક્તુ જ નથી !

**હૈ ઉન્હીં કે નૂર સે સબ અયાં હૈ ઉન્હીં કે જલ્વામેં સબ નિહાં**
**બને સુબ્હ તાબિશે મહર સે રહે પેશે મહર મેં જાં નહીં**

*(અયાં = જાહેર, જલ્વા = ચમક, નિહાં = ગુપ્ત, તાબિશે મહર = સૂર્યનો પ્રકાશ, પેશ = સામે, જાં = તાકત)*

**અર્થ** :હુઝૂર ﷺના નૂરથી દરેક વસ્તુ જાહેર છે. હદીષમાં છે કે દરેક વસ્તુને મારા નૂરથી પૈદા કરવામાં

આવી. અને આપની ચમકની સામે દરેક વસ્તુ છુપાઈ જાય છે અને જેવી રીતે સૂર્ય નીકળતાની સાથે સવાર થઈ જાય છે અને રાત છુપાઈ જાય છે એવી જ રીતે શમ્સુદ્દુહાની સામે કોઈ રોશન રહે એવી કોઈનામાં તાક઼ાત જ નથી.

**વહી નૂરે હક્ક઼ વહી ઝિલ્લે રબ હે ઉન્હીં સે સબ હે ઉન્હીં કા સબ**
**નહીં ઉન્કી મિલ્ક મેં આસમાં કે ઝમીં નહીં કે ઝમાં નહીં**

*(ઝિલ = સાયો, મઝહર, મિલ્ક = મિલ્કત)*

**અર્થ :** હુઝૂર પૂરનૂર ﷺને અલ્લાહ પાકે પોતાના નૂરથી બનાવ્યા અને આપના નૂરથી સર્વ જગતને બનાવ્યું, તો આપ અલ્લાહના નૂર અને તેનુ કુદરતના મઝહર (ઉદ્ભગ સ્થાન) છે અને દરેક ચીજ આપના નૂરથી બની એટલે આપ દરેક વસ્તુના માલિક છે, જમીન, આકાશ, જહાન કઈ વસ્તુ આપની નથી ?!

**વહી લામકાં કે મકીં હૂએ સરે અર્શ તખ્તનશીં હૂએ**
**વો નબી હૈં જિસકે હૈં યે મકાં વો ખુદા હૈ જિસ્કા મકાં નહીં**

*(લામકાં = જેને જગ્યા કે મકાન ન કહેવાય, મકીં = રહેવાસી, સરે અર્શ = અર્શની ઉપર, તખ્તનશીં = તખ્ત પર બિરાજમાન, મકાં = જગ્યા)*

**અર્થ :** હુઝૂર ﷺ લામકાં મકીં બન્યા અને અર્શના મહેમાન બન્યા, આ બધી જગ્યાઓ હુઝૂર ﷺની છે કારણ કે અલ્લાહ તો જગ્યા અને મકાનથી પાક છે.

**સરે અર્શ પર હે તેરી ગુઝર દિલે ફ઼ર્શ પર હે તેરી નઝર**
**મલકૂતો મુલ્ક મેં કોઈ શય નહીં વો જો તુઝ પે અયાં નહીં**

*(ગુઝર = પસાર થવું, મલકૂત = ફરિશ્તાઓની રહેવાની જગ્યા, મુલ્ક = દેશ, શય = વસ્તુ, અયાં = જાહેર, ફ઼ર્શ = જમીન)*

**અર્થ :** યા રસૂલલ્લાહ ! ﷺ અર્શે આ'ઝમની ઉપર આપની ગુઝર છે. ફ઼ર્શ (પૃથ્વી) પર વસનારાઓના દિલ પર આપની નજર છે. કાઈનાતમાં કઈ એવી વસ્તુ છે જે આપ પર જાહેર ન હોય. કુર્આને પાકમાં છે : (૧) "અને આ રસૂલ તમારા ગવાહ છે." (૨) "હે મહબૂબ ! અમોએ તમને શાહિદ બનાવીને મોકલ્યા."

અલ્લામા રાગિબ મુફરિદાતમાં લખે છે કે શાહિદનો અર્થ છે હાઝિરો નાઝિર. હુઝૂર ફ઼ર્માવે છે, ખુદાની ક઼સમ ! તમારો ખુશૂઅ (દિલની કૈફિયત) મારા માટે ગુપ્ત નથી." *(બુખારી શરીફ, પેજ : ૧૫૩)*

**કરું તેરે નામ પે જાં ફ઼િદા ન બસ એક જાં દો જહાં ફ઼િદા**
**દો જહાં સે ભી નહીં જી ભરા કરું કયા કરોરોં જહાં નહીં**

**અર્થ :** યા હબીબલ્લાહ ! ﷺ હું તમારા ઉપર મારી જાન કુર્બાન કરી દઉં ! કેવળ જાન જ નહીં, પરંતુ બંનેવ જહાન ફ઼િદા કરી દઉં ! બંને જહાનથી પણ દિલ નથી ધરાતું, પણ શું કરું કરોડો જહાન નથી ! જો કરોળો જહાન હોત તો હું તે સૌ આપના પર ફ઼િદા કરી દેત.

**તેરા ક઼દ તો નાદિરે દહર હૈ કોઈ મિષ્લ હો તો મિષાલ દે**
**નહીં ગુલ કે પૌદોં મેં ડાલિયાં કે ચમન મેં સર્વેચમાં નહીં**

*(ક઼દ = જિસ્મ મુબારક, નાદિરે દહ્ર = જમાનામાં અનોખુ, મિષ્લ = બરાબર, મિષાલ = દાખલો, ગુલ = ફૂલ, પૌદોં = છોડવા, ચમન = બાગ, સર્વે ચમાં = નખરા સાથે ચાલનાર)*

**અર્થ :** હે મારા પ્યારા નબી ! ﷺ આપના ક઼દ (શરીર) મુબારકને ખુદા પકે જમાનામાં અનોખુ બનાવ્યું છે, દુનિયામાં કોઈ એવું નથી જેની સાથે આપનો દાખલો આપી શકીએ. બાગમાં કોઈ ફૂલ, ડાળી, છોડ એવો નથી, જેનાથી આપની મિષાલ આપી શકીએ.

વધુ પેજ નં. ૧૧....પર

# ઉમ્મતના મહાન ઈમામો

(ઈમામે આ'ઝમના શાગિર્દો)

## [૧૨] વકીઅ બિન અલ્ જર્રાહ رحمۃ اللہ علیہ

**નામ તથા વંશવાળી** : નામ : વકીઅ, કુન્નિયત : અબૂ સુફયાન, વાલિદનું નામ : જર્રાહ બિન મલીહ છે. કૂફી અને હદીષના હાફિઝ છે.

**તા'લીમ તથા તર્બિયત** : શરૂઆતની તા'લીમ લીધા પછી ઈમામે આ'ઝમ رضی اللہ عنہની બારગાહમાં હદીષ તથા ફિક્હની તા'લીમ હાંસલ કરી અને ઊંચો મક઼ામ હાંસલ કર્યો.

અન્ય મુહદ્દિષો તથા ફિક્હોથી ઈલ્મ મેળવ્યું. આપના શયખો તથા ઉસ્તાદોનું લિસ્ટ ખૂબ જ લાંબુ છે. અમુકનાં નામ અહીં લખીએ છીએ :–

**ઉસ્તાદો** : આપના વાલિદ જર્રાહ બિન મલીહ, ઈસ્માઈલ બિન અબી ખાલિદ, ઈકરમા બિન અમ્માર, હિશામ બિન ઉર્વા, સુલૈમાન બિન અઅ્મશ, જરીર બિન હાઝમ, અબ્દુલ્લાહ બિન સઈદ બિન અબી હિંદ, મઅરૂફ બિન ખરબૂઝ ઈબ્ને ઔન, ઈસા બિન તહાન, મુસ્અબ બિન સુલૈમ, મસ્અર બિન હબીબ, બદર બિન ઉલ્માન, ઈબ્ને જરીહ, ઈમામ ઔઝાઈ, ઈમામ માલિક, ઉસામા બિન ઝૈદ લૈષી, સુફયાન ષૌરી, શઅબા, ઈબ્ને અબી લૈલા, હમ્માદ બિન સલ્મા.....વગેરે.

**શાગિર્દો** : શાગિર્દોની સંખ્યા પણ ખૂબ વધારે છે, અમુક આ પ્રમાણે નામો છે : ઈમામ શાફઈ, ઈમામ અહમદ બિન હંબલ, ઈબ્ને અબી શઅબા, અબૂ હૈષમ હમીદી, કઅનબી અલી બિન ખુશરમ, મુસદર, મુહમ્મદ બિન સલામ, યહયા બિન યહયા નિશાપૂરી, મુહમ્મદ બિન સબાહ દૂલાબી.... વગેરે.

**ઈલ્મ તથા ફઝલ** : મુહદ્દિષો આપની ઈલ્મી જલાલત ઉપર એકમત છે. ઈમામ અહમદ બિન હંબલનો એકવાર ઈમામદોરીથી કોઈક હદીષ ઉપર મુબાહેષો થઈ રહ્યો હતો, ઈમામ અહમદએ પૂછયુ, આપ આ હદીષ કોનાથી રિવાયત કરો છો ? બોલ્યા, શબાબાથી. ફર્માવ્યું, હું આ હદીષ તે ઈમામે આલી શાનથી રિવાયત કરું છું કે આપની આંખોએ તેના જેવો બીજો જોયો નહીં હોય. એટલે ઈમામ વકીઅથી, આપ પોતાના સમયમાં ઈમામુલ્ મુસ્લિમીન હતા. યહયા બિન મુઈન કહે છે, મેં વકીઅથી અફઝલ કોઈને જોયો નથી ! મેં ષૌરી, મુઅમ્મર, અને ઈમામ માલિકને જોયા છે પણ ઈમામ વકીઅની જેમ મેં કોઈને ન પામ્યો.

યહયા બિન અકષમએ કહ્યું, મેં ઈમામ વકીઅને સફર તથા હજરમાં જોયા, આપ હમેશાં રોઝાથી હોતા અને રાતે આખુ કુર્આન શરીફ પઢી લેતા.

**વિસાલ** : આપે ૮૦ વર્ષની ઉંમર પામી. હિ.સ. ૧૯૭માં વિસાલ ફર્માવ્યો.

## [૧૩] યહ્યા બિન સઈદ કત્તાન رحمۃ اللہ علیہ

**નામ તથા વંશવાળી** : નામ : યહ્યા, કુન્નિયત : અબૂ સઈદ, વાલિદનું નામ : સઈદ બિન ફરવખ છે. તૈમી બસરી છે અને કત્તાનથી મશહૂર છે.

**તા'લીમ તથા તર્બિયત** : શરૂઆતની તા'લીમ લીધા પછી ઈમામે આ'ઝમ અબૂ હનીફા رضی اللہ عنہની ખિદમતમાં હાજર થયા, હદીષ તથા ફિક્હની તા'લીમ

❀ ❀ રજૂકર્તા : **સીરાજભાઈ લોખંડવાળા-ભાવનગર** *(મુબલ્લિગે સુન્ની દાવતે ઈસ્લામી)* ❀ ❀

હાંસલ કરી અને તદવીને ફિક્હ (ફિકહને ભેગો, સંગ્રહ કરવો)ની મજલિસમાં મજબૂત પાયાની હૈષિયત હામિલ (કોઈ વસ્તુને ઉઠાવનાર) રહ્યા. નકદ રિજાલ હદીષમાં ખૂબ નામ કમાયું અને મશહૂર નિકાદને રિજાલને ઉસ્તાદ થયા.

આપના હદીષનો સમય અસરથી મગરિબ સુધી હતો. અસરની નમાઝ પછી મીનારા મસ્જિદથી ટેકો લગાડી બેસી જતા અને સામે ઈમામ અહમદ બિન હંબલ, અલી બિન મદયની, યહ્યા બિન મુઈન અને અમ્ર બિન ખાલિદ જેવા ફનોના ઈમામો ઊભા રહી હદીષનો દર્સ લેતા. મગરિબ સુધી ન તે કોઈને બેઠવાનું કહેતા અને ન કોઈની હિમ્મત થતી.

ફન્ને રિજાલમાં સૌથી પહેલાં આપે લખ્યું, પછી આપના શાગિર્દોએ અને પછી તેમના શાગિર્દો ઈમામ બુખારી તથા ઈમામ મુસ્લિમએ ક઼લમ ઉપાડી.

હદીષોના ઈમામોનો ક઼ૌલ છે કે જેને યહ્યા કત્તાન છોડી દેશે તેને અમે પણ છોડી દઈશું. તે ફઝ્લ તથા કમાલવાળા હોવા છતાં ઈમામે આ'ઝમ અબૂ હનીફા رضی اللہ عنہના શાગિર્દ બનવામાં ફખ્ર કરતા હતા.

ઈમામ અહમદ બિન હંબલ رضی اللہ عنہ ફર્માવે છે : મેં યહ્યા બિન સઈદ કત્તાનના જેવો બીજો નથી જોયો.

અલી બિન મદયની ફર્માવે છે : ફન્ને રિજાલમાં યહ્યા કત્તાન જેવો મેં કોઈને નથી જોયો.

હદાદ કહે છે : હું વીસ વર્ષ સુધી આપની ખિદમતમાં આવતો જતો રહ્યો, મેં ક્યારેય આપને ગુનાહ કરતા નથી જોયા.

**ઉસ્તાદો** : ઈમામે આ'ઝમ અબૂ હનીફા, સુલૈમાન તૈમી, હમીદ તુવૈલ, ઈસ્માઈલ બિન અબી ખાલિદ, અબ્દુલ્લાહ બિન અમ્ર, હિશામ બિન ઉર્વા, બહઝ બિન હકીમ, ઈમામ માલિક, ઈમામ ઔઝાઈ, ઈમામ શઅબા, ઈમામ સુફયાન ષૌરી, ઉષ્માન બિન ગયાષ, ફુઝૈલ બિન ગઝવાન, કર્રા બિન ખાલિદ رِضْوَانُ اللّٰہِ تَعَالٰی عَلَیْہِمْ اَجْمَعِیْنَ વગેરે.

## [૧૪] હફ્સ બિન ગયાષ رحمۃ اللہ علیہ

**નામ તથા વંશવાળી :** નામ : હફ્સ, કુન્નિયત : અબૂ ઉમર, વાલિદનું નામ : ગયાષ બિન તલક બિન મુઆવિયા બિન માલિક બિન હારિષ બિન ષઆબ છે, નખઈ કૂફી છે.

**તા'લીમ તથા તર્બિયત :** શરૂઆતની તા'લીમ પછી ઈમામે આ'ઝમ અબૂ હનીફા رضی اللہ عنہના દર્સના હલકામાં દાખલ થઈ ગયા. મુમતાઝ ફાઝિલોના સાથીમાં ગણવામાં આવે છે, અને હનફી ફિક઼્હના મશ્વરા આપવામાં અનોખો રોલ અદા કર્યો. ઈમામે આ'ઝમ رضی اللہ عنہથી મસાનીદે ઈમામમાં કષરતથી હદીષો રિવાયત કરે છે.

મુહદ્દિષો આપને ષિક઼હ માને છે. ઝુહદ તથા રિયાઝતનો એ હાલત હતો કે **જે દિવસે આપનો વિસાલ થયો તો આપની માલિકીમાં એક દિરહમ પણ ન હતો.** આપ કૂફા અને બગદાદના ક઼ાઝી રહ્યા.

**વિસાલ** : આપની વિલાદત હિ.સ. ૧૧૭માં થઈ અને વિસાલ હિ.સ. ૧૯૪માં થયો.

**ઉસ્તાદો :** આપના દાદા તલક બિન મુઆવિયા, ઈમામે આ'ઝમ અબૂ હનીફા, ઈસ્માઈલ બિન અબી ખાલિદ, અબૂ માલિક, અશજઈ, જાફર સાદિક઼, ઈબ્ને જરીહ....વગેરે.

**શાગિર્દો :** ઈમામ અહમદ બિન હંબલ, ઈસ્હાક઼, અબી શૈબા, યહ્યા બિન મુઈન, અબૂ નુઐમ, અબી બિન મદયની, યહ્યા કત્તાન....વગેરે.

*(હવાલો : જામિઉલ અહાદીષ, મુક઼દ્દમામાંથી, પેજ નં. ૨૭૪ થી ૩૦૨)*

# અહલે સુન્નતના અક઼ીદા કુર્આનની રોશનીમાં

લેખક : **મૌલાના સૈયદ મુહમ્મદ અમીનઅલી ક઼ાદરી** *(નિગરાં : સુન્ની દાવતે ઈસ્લામી–માલેગાંવ)*
અનુવાદક : **મૌલાના ઈમરાન રઝા મિસ્બાહી** *(મુદર્રિસ : દારુલ ઉલૂમ બરકાતે ખ્વાજા–આમોદ)*

## હુઝૂર સૈયદે આલમ ﷺ મખ્લૂકમાં સર્વશ્રેષ્ઠ છે

**★ મુસ્તફા જાને રહમત ﷺને અલ્લાહ પાકે કેટલાય દરજ્જાઓ ઉચ્ચ કર્યા ★**

تِلْكَ الرُّسُلُ فَضَّلْنَا بَعْضَهُمْ عَلٰى بَعْضٍ مِّنْهُمْ مَّنْ كَلَّمَ اللّٰهُ۔ وَرَفَعَ بَعْضَهُمْ دَرَجٰتٍ

"આ રસૂલો છે કે અમે એમનામાં એકને બીજા પર શ્રેષ્ઠ કર્યા, એમનામાં કોઈની સાથે અલ્લાહે વાત ફર્માવી, અને કોઈ તે છે જેને બધા પર (કાંઈ કેટલાય) દરજજાઓ બુલંદ (ઉચ્ચ) કર્યા." *(પારા–૨૬, સૂ. બક઼રહ, આ. ૨૮)*

**★ હુઝૂર ﷺને અલ્લાહ પાકે પોતાના ખાસ બંદા ફર્માવ્યા ★**

سُبْحٰنَ الَّذِىْ أَسْرٰى بِعَبْدِهٖ لَيْلًا مِّنَ الْمَسْجِدِ الْحَرَامِ إِلَى الْمَسْجِدِ الْأَقْصَا۔

"પવિત્રતા છે તેને જે લઈ ગયો પોતાના બંદાને રાતોરાત મસ્જિદે હરામથી મસ્જિદે અક઼્સા સુધી." *(પારા–૧૫, સૂ. ઈસ્રાઈલ, આ. ૧)*

**★ આક઼ાએ કરીમ ﷺ પૂરી કાઈનાતને ખૌફે ખુદા અતા ફર્માવનાર છે ★**

تَبَارَكَ الَّذِىْ نَزَّلَ الْفُرْقَانَ عَلٰى عَبْدِهٖ لِيَكُوْنَ لِلْعٰلَمِيْنَ نَذِيْرًا

"મહાન બરકતવાળો છે તે કે જેણે ઉતાર્યું કુર્આન પોતાના બંદા પર જે સમગ્ર જગતને ડર સંભળાવનાર થાય." *(પારા–૧૮, સૂ. ફુર્ક઼ાન, આ. ૧)*

## હુઝૂર ﷺ સમગ્ર બ્રહ્માંડના રસૂલ છે

قُلْ يٰأَيُّهَا النَّاسُ إِنِّىْ رَسُوْلُ اللّٰهِ إِلَيْكُمْ جَمِيْعًا

"તમે ફર્માવો, હે લોકો ! હું તમારા સર્વ તરફ તે અલ્લાહનો રસૂલ છું." *(પારા–૯, સૂ. અઅરાફ, આ. ૧૫૮)*

وَمَآ أَرْسَلْنٰكَ إِلَّا رَحْمَةً لِّلْعٰلَمِيْنَ

"અને અમે તમને બધાય જગત માટે રહમત (બનાવીને) મોકલ્યા છે." *(પારા–૧૭, સૂ. અંબિયા, આ. ૧૦૭)*

وَمَآ أَرْسَلْنٰكَ إِلَّا كَآفَّةً لِّلنَّاسِ بَشِيْرًا وَّنَذِيْرًا وَّلٰكِنَّ أَكْثَرَ النَّاسِ لَا يَعْلَمُوْنَ

"અને હે મહબૂબ ! અમે તમને એવી રિસાલત સાથે મોકલ્યા છે જે બધા જ માનવીઓને ઘેરી લેનારી છે, ખુશખબરી આપતા અને ડર સંભળાવતા, પણ ઘણા લોકો જાણતા નથી." *(પારા–૨૨, સૂ. સબા, આ. ૨૮)*

સૂરતમાં બરકાતે ખ્વાજા (માસિક)ના ગ્રાહક થવા માટે સંપર્ક કરો :–
અનીસભાઈ વાલુડીઆ
Mob. 8401794006
અઝીઝભાઈ મચ્છાસરાવાલા
Mob. 9173982278

બરકાતે ખ્વાજા (માસિક)ના ગ્રાહક બનો અને બનાવો

# ગલતફહમીઓ તથા તેની સુધારણા

✪ અઝ ✪
હઝરત મૌલાના તત્હીર અહમદ બરેલ્વી

✪ અનુવાદક ✪
મુહમ્મદ બશીર યૂસુફ ગોડીલ-પોરબંદર
(B.Sc. M.Ed.)

## રાત્રે મોડે સુધી જાગવું અને સવારે મોડેથી ઉઠવું

આજકાલ રાત્રે જાગવાનો અને દિવસે સૂવાનો માહોલ વધી રહ્યો છે. જો કે કુર્આને કરીમની કેટલીક આયતોનો ભાવાર્થ આ પ્રમાણે છે : "અમોએ રાતને આરામ કરવા માટે બનાવી અને દિવસને કામ કરવા માટે બનાવ્યું." અને ઈસ્લામિક પધ્ધતિ (પણ) એ જ છે કે "રાત્રે ઈશાની નમાઝ પઢયા પછી જલ્દી સૂઈ જાવ અને સવારમાં જલ્દી ઉઠી જાવ" અને ઈશાની નમાઝ પછી જરૂરત વગરની, બેકાર દુનિયવી વાતો કરવી મકરૂહ અને મના છે.

હદીષ શરીફમાં છે : "રસૂલુલ્લાહ ﷺ ઈશાની નમાઝ પહેલાં સૂવાને અને ઈશાની નમાઝ બાદ વાતચીત કરવાને નાપસંદ ફર્માવતા હતા. આ હદીષ બુખારી અને મુસ્લિમ બંનેમાં છે. *(મિશ્કાત, બાબુત્તઅજિલુસ્સલાત, ભાગ-૧, પેજ-૬૦)*

કેટલાક (મદ્રસાના) મુદર્રિસીન(ઉસ્તાદ) અને વિદ્યાર્થીઓ જોવા મળ્યા છે કે તેઓ મોડી રાત સુધી કિતાબો વાંચવામાં અને કિતાબો અને તેના હાશિયાઓ (સ્પષ્ટતાઓ) લખવામાં લાગેલા હોય છે અને ફજરમાં ફજરની નમાઝ કઝા કરી દે છે અને નમાઝ પઢે છે તો પણ એવી રીતે કે ઘડિયાળને જોતા રહે છે અને જ્યારે જોયું કે બે ચાર મિનિટની વાર છે અને સમય પૂરો થવા આવે ત્યારે તો ઉઠે છે અને જલ્દી જલ્દી વુઝૂ કરીને નમાઝમાં પક્ષીઓની જેમ ચાર ચાંચો લગાડીને મુસલ્લાથી અલગ થઈ જાય છે.

આવી નમાઝને હદીષે પાકમાં હુઝૂર ﷺએ મુનાફિક્ની નમાઝ ફર્માવી છે. અને તેમાનાં તે લોકો જેઓ નમાઝો છોડવાના અથવા જમાઅત વગર નમાઝના છેલ્લા સમયમાં મુનાફિક્ની જેમ નમાઝ પઢવાના આદતવાળા બની ગયા છે તેઓ બધા જ ગુમરાહ છે અને રસ્તા (સીધા)થી ભટકી ગયા છે. તેઓનું આખી રાતનું વાંચન અને કિતાબો જોતા રહેવું તેઓને નમાઝમાં આળસ અને સુસ્તીના અઝાબથી બચાવી શકશે નહીં.

હકીકતમાં આ તે લોકો છે જેઓ કિતાબો પઢે છે પરંતું ઈલ્મ (જ્ઞાન) શું છે તે જાણતા નથી. તેઓ શૈતાની ફરેબ (જાળ)ના શિકાર છે અને શૈતાને તેમને ધોખામાં રાખેલ છે (જેથી) કાંઈનું કાંઈ વિચારેલ છે (ઊંધા માર્ગે જઈ રહ્યા છે) એ જ પ્રમાણે તે વાએઝ અને તકરીર કરવાવાળાઓ પ્રોગામ (જલ્સા) કરાવવાવાળો અને કરવાવાળાઓ અને શ્રોતાઓ અને સંભળાવવાવાળાઓ એ ભ્રમમાં ન રહે કે તેમના પ્રોગામો (જલ્સાઓ) તેમને નમાઝ છોડવાના અઝાબમાંથી મુક્તિ અપાવશે. નમાઝોમાં બેદરકારી કરવાવાળાઓના અને જલ્દી જલ્દી મુનાફિકોની જેવી નમાઝો પઢવાવાળાઓના હોશ કયામતના દિવસે ઉઠી જશે, પછી તે મુકર્રિર હોય કે શાયર, મુદર્રિસ હોય કે મુફતી, સજ્જાદાનશીન હોય કે કોઈ મોટા બાપના બેટા અથવા મોટી મોટી ખાનકાહોના મુજાવર ! અને કયામતના દિવસે જ્યારે નમાઝોનો હિસાબ લેવામાં આવશે ત્યારે ખબર પડશે કે કોણ કોણ કેટલો મોટો મઝહબનો ખાદિમ અને ઈસ્લામનો ઠેકેદાર હતો ?!

ખુલાસો એ જ કે "રાત્રે મોડે સુધી જાગવાની અને સવારે મોડેથી ઉઠવાની આદત સારી નથી." હા ! જો કોઈ વ્યક્તિ ઈલ્મે દીનના શીખવા અને શીખવાડવામાં અથવા ઈબાદત અને રિયાઝતમાં રાત્રે જાગે અને ફજરની નમાઝ પણ પાબંદીની સાથે જમાઅતની સાથે અદા કરે તો તે વ્યક્તિ "મર્દે મુજાહિદ" છે.

# મૈયતના ફાતિહાનુ ખાણુ

## અમીર ગરીબ સૌ ખાય શકે !

અઝ : તાજુશ્શરીઅહ્ હઝરત મુફ્તી

**અખ્તરરઝાખાં અઝહરી** مدظلہ العالی

અનુવાદક : ખલીફા તાજુશ્શરીઅહ, **પટેલ શબ્બીર અલી રઝવી** *(તંત્રી : બરકાતે ખ્વાજા–માસિક)*

**સવાલ** : જો કોઈ શખ્સ ઈસાલે સવાબના માટે પોતાના બાપ, ભાઈ, મા, બહેન અથવા કોઈ અન્ય સગા સંબંધીની ફાતિહા, તીજયુ, ચાલીસુ કે વરસી વગેરે કરે અને એમાં ખાવાની વ્યવસ્થા પણ કરે, અને તે પોતાનાં માલદાર, ગરીબ સર્વ સગાંઓ તથા દોસ્તોને તેમજ મહોલ્લાના લોકોને દા'વત આપે, તેમને ખાવા ખવડાવે, જ્યારે કે આ સર્વ કામો મૈયતના ઘરવાળો પોતાની મરજીથી કરે, એના પર કોઈ દબાણ પણ ન હોય, તો આવી સ્થિતિમાં એ ખાણુ દરેક અમીર તથા ગરીબ ખાય શકે છે ? જેને તે ખવડાવે, બલ્કે ન ખાવાની સ્થિતિમાં ઘરવાળાને દુ:ખ થાય તેમ છે, અથવા નથી ખાય શક્તો ?

અહીં કેટલાક મોલ્વી હઝરાતનું કહેવું એવું છે કે દરેક વ્યક્તિના માટે હલાલ નથી, બલ્કે ઘરવાળાની મરજી તથા ખુશી છતાં (જણાવે છે કે) આ ખાણુ હરામ છે અને કેવળ મોહતાજ (ગરીબ) જ ખાય શકે છે. બલ્કે ખૂદ એ મોલ્વીઓએ એવું કહીને ખાવાથી ઈન્કાર કરી આપ્યો કે આ ખાણુ અમારા માટે હરામ છે !

જ્યારે કેટલાક મોલ્વીઓનું કહેવું છે કે આ ખાણુ વાજિબ સદકો નથી, બલ્કે નફલી સદકો છે, અને **નફલી સદકો કોઈના માટે હરામ નથી અને ન કોઈ ગુનોહ પણ છે** જ્યારે કે ખાનાર વ્યક્તિ અંગત રીતે એ વાતનો ખ્વાહિશમંદ ન હોય કે એ ખાવા મને ખવડાવે. તેમજ એ મોલ્વી દલીલ પણ આપે છે કે પોતાના ઘરે આવેલા મહેમાનને જે કાંઈ મેજબાન ખવડાવે પીવડાવે છે અને સેવા સુશ્રુષા કરે છે એ સર્વ કાંઈ નફ્લી સદકામાં ગણાય છે, એ ઝિયાફત અમીર મહેમાનને માટે પણ જાઈઝ છે અને ગરીબને પણ. અને જો ઘરવાળો ચાહે તો તેનો સવાબ કોઈને બખ્શી શકે છે.

જેથી તીજીયુ, ચાલીસુ, વરસી વગેરેની ફાતિહા કરવી અને એ ખાણાને ખાવું જ્યારે કે પોતાના તરફથી એને ખાવાની તમન્ના ન હોય એ જાઈઝ છે અને એનો સવાબ મૈયતની રૂહને જરૂર પહોંચે છે. અને કોઈ ખાણુ હરામ નથી હોતુ જ્યાં સુધી કે તે હરામ તરીકાથી હાંસલ કરવામાં ન આવે. (આ બંને વાતોમાંથી) સહીહ હુકમથી માહિતગાર કરશો.

(૨) ઘરમાં જો કોઈ મૃત્યુ પામે છે તો લોકો ઘડા વગેરે વાસણોમાં રાખેલુ પાણી ફેંકી દે છે. જો ખાવા રંધાઈ રહ્યું છે અથવા પકાવી રાખ્યું છે તો એને જાનવરોને ફેંકી દે છે અને એને ખાવા લાયક નથી સમજતા. તો એની શું હકીકત છે ?

(૩) વિધવા સ્ત્રીએ ઈદ્દતના દિવસોમાં માથામાં તેલ નાખીને કાંસકો વગેરે કરવું જોઈએ કે નહીં ? તેમજ કપડાં વગેરે ધોઈને અને નહાયને પહેરવાં જોઈએ કે નહીં ? જો માથામાં કાંસકો વગેરે નહીં કરે તો મોટા વાળ હોવાના લીધે માથા તથા વાળોની હાલત તો ઘણી જ તકલીફદાયક થઈ જશે. શરીઅતના હુકમથી માહિતગાર કરશો.

પ્રશ્નકર્તા : મુહમ્મદ મિન્હાજુલ્લાહખાં (મુા. ખંભોલ, પો. ભલ્યા બુઝુર્ગ, જિ. ખયરી, યુ.પી., તા. ૭–૧૦–૧૯૮૫)

**અલ્જવાબ** : ઉર્ફે આમ (સામાન્ય રિવાજ પ્રમાણે) જોતાં નજરો સાક્ષી છે કે ચાલીસુ વગેરેનાં ખાણા પકવવાથી લોકોનો મકસદ મૈયતને સવાબ પહોંચાડવાનો છે એટલા માટે એ કામ કરે છે જેથી એને ફાતિહાનું ખાણુ, ચાલીસાની ફાતિહા વગેરે કહે છે.

નિ:શંક ! આ નિય્યત વડે ખાણુ પકાવવું સવાબનું કામ છે. અને તેહકીક એ છે કે **કેવળ ફકીરોમાં જ આવુ ખાવા વહેંચવા પર સવાબ**

**નથી, બલ્કે માલદારોને ખવડાવવું પણ સવાબનું કામ છે.**

હુઝૂર ﷺ ફર્માવે છે :– **فی کل ذات کبد حری اجر** "દરેક ગરમ જિગરમાં સવાબ છે. એટલે જે જીવતાને ખવડાવશે, પાણી પીવડાવશે તો સવાબ પામશે." હદીષમાં છે :–

**اخرجه البخاری ومسلم عن ابی هريرة واحمد عن عبد الله بن عمرو ابن ماجه بن سراقه بن مالك رضی الله عنهم**

હુઝૂરે અક્દસ ﷺએ ફર્માવ્યું :–

**فيما يا كل ابن ادم اجر وفيما يا كل السبع حرو الطير اجر**

"જે કાંઈ માણસ ખાય જાય એમાં સવાબ છે, અને જે જંગલી પ્રાણી ખાય જાય એમાં સવાબ છે અને જે પક્ષીઓને પહોંચે એમાં સવાબ છે." હાકિમે જાબિર બિન અબ્દુલ્લાહ رضی اللہ عنہماથી સહીહ સનદ સાથે રિવાયત કરી. બલ્કે હુઝૂરે અક્દસ ﷺ ફર્માવે છે :

**ما اطعمت زوجك وما اطعمت خادمك فهو لك صدقة وما الطعمت نفسد فهو لك صدقة**

"જે કાંઈ તું પોતાની પત્નીને ખવડાવે એ તારા માટે સદકો છે, અને જે કાંઈ પોતાના સેવક (નોકર)ને ખવડાવે એ તારા માટે સદકો છે, અને જે કાંઈ તું જાતે ખાય એ તારા માટે સદકો છે." ઈમામ અહમદ તથા તિબ્રાનીએ કબીરમાં સહીહ સનદ સાથે મિક્દાર બિન મઅદીકર્બ رضی اللہ عنہથી રિવાયત કરી.

રદુલ મુહતારમાં બહરુર્રાઈક્થી છે :–

**صرح فی الذخيرة بان الصدق علی الغنی نوع فرية دون قرية الفقير**

દુર્રે મુખ્તારમાં છે :–

**الصدقة لا رجوع فيها ولو علی غنی لان المقصود الثواب**

મજમઉલ બિહારિલ્ અન્વારમાં શરહે સુનને અબૂ દાઊદના થકી છે :–

**الصدقة ما تصدقت به علی الفقراء ای غالب انو اعها كذالك فانها علی الغنی جائزة عندنا يشاب به بلا خلاق**

અને કામનો નિય્યત પર છે.

**તો انما الا عمال با لنيات** તો જે કાંઈ ખાણુ ફાતિહા માટે પકાવવામાં આવ્યું. બોલાવતી વખતે તેને દા'વત શબ્દ વડે તઅબીર કરવું એ નિય્યતને બાતિલ (રદ) કરશે નહીં. જેમ કે કોઈએ પોતાના મોહતાજ ભાઈ ભત્રીજાઓને ઈદના દિવસે અમુક રૂપિયા દિલમાં ઝકાતની નિય્યત સાથે અને જીભ વડે ઈદીનુ નામ આપીને આપ્યા તો ઝકાત અદા થઈ ગઈ. ઈદી કહેવાથી તે નિય્યત બાતિલ (રદ) થશે નહીં. **كما نصوا عليه فی عامة الكتب** એ જ પ્રમાણે આપણા નજીકના સગાંઓને ખવડાવવું (વહેવાર કરવો) પણ સિલએ રહમ (સગાં સાથે સદ્વર્તાવ) છે અને સવાબનો સબબ છે, ભલે તેઓ માલદાર હોય અને માણસ જે કાર્યથી પોતે સવાબ પામે, તો તે કોઈ પણ કાર્ય હોય તેનો સવાબ મૈયતને પહોંચાડી શકે છે.

**الا صل ان كل عبادة ماله جعل ثوابها لغيره وان نواها عند الفعل النفسه الطاهر الاوله**

આ પરથી જાહેર થઈ ગયું કે **આ ફાતિહાનું ખાણુ માલદારો માટે હરામ નથી, એમને પણ ખવડાવી શકે છે અને દા'વત પણ આપી શકે છે.** જો કે **અફઝલ એ જ છે કે કેવળ ગરીબોમાં વહેંચે,** કેમ કે મૂળ હેતુ સવાબનો છે તથા કેવળ ફકીરોને ખવડાવવું અધિક મુનાસિબ છે કે **એમાં સવાબ ખૂબ જ પ્રમાણમાં છે,** તેમ છતાં પણ અસલ હેતુ દિલમાં જયારે કે નિય્યત સવાબ પહોંચાડવાની છે. હા ! જેનો એ હેતુ જ ન હોય અને કેવળ ફખ્ર તથા રિયા અને નામના તથા વાહ વાહ મેળવવાનો ઈરાદો હોય તો એની આ હરકતમાં કાંઈ કહેવાનું રહેતું જ નથી. સહીહ હદીષમાં છે :–

**نهی رسول الله صلی الله عليه وسلم عن طعام المبتائيين قال المناوی ای المتعار رضين بالضيافه فخرواً ورياءً لا نه الرياء لا الله**

"જે ખાણા ગર્વ તથા રિયાના માટે પકાવવામાં આવે છે એને ખાવાથી નબી ﷺએ મના ફર્માવ્યું છે." **اخر جه ابو داؤد والحاكم باسناد صحيح** અને જે ખાણા ઈસાલે સવાબની નિય્યત વગર દા'વત તથા મહેમાનદારીના રૂપે શાદીઓના ખાવાની જેમ પકાવે છે તેમને સવાબ સાથે કોઈ સંબંધ નથી, એવી દા'વતને કૂબૂલ કરવી જોઈએ નહીં કેમ કે આ દા'વતોનો પાયો શાદી (ખુશીઓ) માટે છે ન કે ગમી માટે. જેથી ઉલમા ફર્માવે છે કે એ બિદઅતે સૈયિઅહ (બુરી બિદઅત) છે. પણ **સ્પષ્ટ દલીલ વિના કોઈ મુસલમાનના માટે એવું સમજી લેવું કે આ કામ તેણે ગર્વમાં અને નામના ખાતર કર્યું છે, એ જાઈઝ નથી. કેમ કે દિલનો હાલ અલ્લાહ ﷻ જાણે છે અને મુસલમાન પર બદ્ગુમાની હરામ છે.** મરાકીયુલ ફલાહ વગેરે મુસ્તનદ કિતાબોમાં છે :–

**وهذا لفظ المراقى تكره الضيافة من اهل الميت لانها شرعت فى السرور ولافى الشرور و هى بدعة مستقبحة وقال عليه السلام لا عقر فى الا سلام وهو الذى كان يعض عند القبر بقرة اوشاة**

સારાંશ કે સવાબ પહોંચાડવાની નિય્યતથી ખાવા પકાવવું, ખવડાવવું, તેની દા'વત આપવી જાઈઝ તથા મુસ્તહસન છે, બલ્કે ખૂદ હદીષથી સાબિત છે જેથી એ સુન્નત છે.

તહતાવી અલલ મરાકીમાં છે :–

**على انه قدعارضه ماروا ه الامام احمد ايضاً بسند صحيح وابوداود وعن عاصم بن كليب عن ابيه عن رجل من الانصار قال خر جنا مع رسول الله صلى تعالى عليه وسلم فى جنازة فلما رجع استقبله داعى امرأت فجاء حى بطعام فوضع يده ووضيع اقوم فاكلوا ورسول الله صلى الله عليه وسلم يلوك القمه فى فيه الحديث فهٰذا يدل على اباحة صنع اهل البيت الطعام والدعوة اليه...الخ**

એટલે કે મૈયતવાળાઓના તરફથી મહેમાનદારીની કરાહતનો હુકમ જે મતન (મૂળ લખાણ)માં આવ્યો છે તેનાથી વિરુદ્ધમાં આ હદીષ છે જેને ઈમામ અહમદ તથા અબૂ દાઊદે આસિમ બિન કલીબ رضی اللہ عنہથી, અને તેમણે પોતાના પિતાથી રિવાયત કરી છે. અને તે એક સહાબી અન્સારીથી રિવાયત કરે છે કે અમે રસૂલુલ્લાહ ﷺની સાથે એક જનાઝાની પાછળ નીકળ્યા. તો જ્યારે હુઝૂર ﷺ પરત થયા તો મૈયતની પત્નીનો કાસિદ હુઝૂર ﷺની રૂબરૂ હાજર થયો અને દા'વત આપી, તો સરકાર ﷺ તેને ત્યાં તશરીફ લાવ્યા અને ખાણુ હાજર કરવામાં આવ્યું તો સરકાર ﷺએ એમાં દસ્તે અક્દસ રાખ્યો તો લોકોએ પોતાના હાથ તેમાં રાખ્યા તો લોકોએ તે ખાવા ખાધુ અને હુઝૂર ﷺ કોળીયાને પોતાના મુખ મુબારકમાં ચાવી રહ્યા હતા." તો **આ હદીષ ખાવા પકાવીને મૈયતવાળાઓ તરફથી દા'વત આપવાનુ મુબાહ હોવા વિશે દલીલ પૂરી પાડે છે.** તેમજ એ જ તહતાવીમાં છે :–

**وفى شرعة الاسلام والسنة ان يتصدق ولى الميت له قبل مضى اليله الأولىٰ بشئى مما تيسم له قال ويتسحب ان يتصدق على الميت بعد الدفن الى مبعة ايام كل يوم بشيئى ماتيسرله هذا كله ملخص مافى الفتاوىٰ الرضويه بتصرف وزيادة منا والله تعالىٰ اعلم**

(૨) પાણી ફેંકવું નાજાઈઝ તથા ગુનોહ છે અને એવો ખયાલ તદ્દન બેહૂદા ખયાલ છે જેને દૂર કરવો લાઝિમ છે. (વલ્લાહુ તઆલા અઅ્લમ)

(૩) મોટા દાંતાવાળા કાંસકા વડે વાળ ઓઢી શકે છે જ્યારે કે શણગારનો ઈરાદો ન કરે અને સુગંધ વિનાનુ તેલ પણ જરૂરત મુજબ ઝીનતના ઈરાદા વગર નાખી શકે છે. અને ખુશ્બુ વિનાનુ તેલ ન હોય તો ખુશ્બુદાર પણ નાખી શકે છે. અને નહાવું તથા કપડાં ધોવું, ધોયેલાં કપડાં પહેરવાં જેને સામાન્યતઃ સ્ત્રીઓ ઘરોમાં પહેરે છે અને તેનાથી ઝીનત (શણગાર) નથી થતો, એ જાઈઝ છે. હિંદિયમાં છે :–

**قال سمن الائمة المراد من الشياب المذكوره ماكان جديداً منها تقع به الزينة فلا باس به كذافى المحيط....**

એમાં છે :–

ان امتشتطت من الطرف الذی اسنانه منفرجة لا باس به وانما یکره الا متشاط بالطرف الا خرلان ذالك یکون الزینة کذافی فتاویٰ قاضیخان۔

એમાં છે :–

وانما یلز مها الا جتناب فی حالة الاختیار أمافی حالة الا ضطرار فلا بأس بها ان استکته رأسها وضیها عینها فسبت الدهن اواکتحلت لا جل المعالجة فلا باس به ولکن لا تقصد به الزینة کذافی المحیط واللّٰه تعالیٰ اعلم

—ફકીર **મુહમ્મદ અખ્તર રઝાખાં અઝહરી** કાદરી ગુફિરલહૂ (૮–સફર હિ.સ. ૧૪૦૬) –*હવાલો માહનામા સુન્ની દુન્યા–બરેલી શરીફ, ફેબ્રુ–માર્ચ : ૧૯૮૬*

ફકીર મુહમ્મદ **મુશાહિદ રઝાખાં કાદરી રઝવી** હશ્મતી ગુફિરલહૂ કવી, આસ્તાના આલિયા હશ્મતિયા, હશ્મત નગર, પીલીભીત શરીફ

ما احاب المخدوم العلام هو حق وصواب بلا شك و الا رتیاب وتوفیق العمل من ربنا المنعام

**મુહમ્મદ મઝહરુલ હક્ક હશ્મતી** બારબંકવી ગુફિરલહૂ

અલ્જવાબ સહીહ : **સિબ્ગતુલ્લાહ હશ્મતી ગુફિરલહૂ**

## જંબુસરમાં ઉસ્વએ રસૂલ ﷺ કોન્ફરન્સ યોજાયી

**જંબુસર** : મુકામે તા. ૧૩–૪–૨૦૧૪ રવિવારના ઈશાની નમાઝ બાદ "ઉસ્વએ રસૂલ ﷺ કોન્ફરન્સ"નો શાનદાર જશ્ન થયો જેમાં જંબુસરના હઝરત સૈયદ શૌકતઅલીબાવા (ખલીફા નૂરાનીબાવા પેટલાદી رحمۃ اللہ علیہ), હઝરત સૈયદ હશ્મત અલીબાવા અન્ય સાદાતો તથા સર્વ સુન્ની મસ્જિદોના ઈમામો, ઉલમા, હુફ્ફાઝ હઝરાત, તેમજ આમોદથી હઝરત સૈયદ મન્સૂર આલમ સાહબ તથા દારુલ ઉલૂમ બરકાતે ખ્વાજા આમોદનો સ્ટાફ તથા અન્ય ઉલમાની હાજરીમાં સુન્નીઓના હજારોના મજમામાં અતાએ હુઝૂર મુફતીએ આ'ઝમે હિંદ હઝરત મૌલાના મુહમ્મદશાકિર નૂરી રઝવી (અમીરે સુન્ની દા'વતે ઈસ્લામી)એ હુઝૂર ﷺના ઉસ્વએ હસનાને અપનાવવા આશિકીનો દાવો કરતા સર્વ સુન્ની મર્દ ઔરતોને સમજાવતું અસરકારક બયાન કુર્આનની અનેક આયતો ટાંકીને કર્યું હતું. જંબુસરના સુન્ની ઉલમા, હુફ્ફાઝ, ઈમામો તથા નવયુવાનોનો સુન્નિયત માટેનો જોશ જઝબો નોંધપાત્ર હતો. અલ્હમ્દુલિલ્લાહ ! માહોલને જોતાં હઝરતે સુન્ની દા'વતે ઈસ્લામી તેહરીક થકી મકામી ઉલમા, સાદાતના સહકારથી અને ખાસ મુબલ્લિગીને સુન્ની દાવતેઈસ્લામી મૌલાના મુહમ્મદ ઝહીર મિસ્બાહી, મૌલાના ઈબ્રાહીમ સાહબ વગેરેની મહેનતને હઝરતે બિરદાવી હતી. નિઝામત મૌલાના ઈમરાન દાઉદ ઝંઘારવી (ખતીબ જામા મસ્જિદ–જંબુસર)એ સંભાળી હતી. કિર્અત તથા નઅતના ગુલદસ્તા મકામી નઅતખાં ઉપરાંત મુંબઈથી ખાસ પધારેલ કારી રિયાઝુદ્દીન અશરફી સાહબે પેશ કરી મજમામાં ઉત્સાહ પેદા કરી આપ્યો હતો. હઝરતે આમોદ ખાતે દારુલ ઉલૂમ બરકાતે ખ્વાજામાં પણ હાજરી આપી તલબાને નસીહત કરી હતી તથા "હેરા ઈંગ્લિશ સ્કૂલ"ના બાંધકામનું નિરીક્ષણ કર્યું હતું. તેમજ જંબુસર ખાતે મગરિબની નમાઝ દારુલ ઉલૂમ ફયઝાને અવલિયામાં પઢાવી હતી અને ત્યાંના ઉસ્તાદોને નસીહતો કરી સુન્નિયતનું કામ કરવા પ્રોત્સાહિત કર્યા હતા.

**ગૌષિયા તકવીમ લેમિનેટેડ**

(કેલેન્ડર ટાઈપ)

*નમાઝોનું કાયમી ટાઈમ ટેબલ*

(ગુજરાતમાં અને ખાસ ભરૂચ, સૂરત, વડોદરા જિલ્લા માટે) ઉપયોગમાં આવે તેવું. જે ૧૨ મહિનાના લેમિનેટેડ કાર્ડ પેપરો પર મલ્ટી કલરમાં આકર્ષક છપાયેલ છે. તમારી મસ્જિદો તથા ઘરો માટે પણ મંગાવશો.

**હદિયો : રૂા. ૨૨૫/–** ઠે. રઝવી કિતાબ ઘર, મુા.પો. દયાદરા, તા. જિ. ભરૂચ મો. ૯૪૨૭૪૬૪૪૧૧

# વેપારનું મહત્વ અને તેના નિયમો

**★ મોઘવારી ★**

મદીનામાં એક વખત દુકાળ પડયો. જોતજોતામાં અનાજ મોઘુ થઈ ગયું. યાદ રાખો કે અનાજ બે રીતે મોઘુ થાય છે. એક તો કૃત્રિમ રીતે વેપારી અછત ઉભી કરી દે છે. આ ખૂબ જ ગુનાહનું કામ છે. જેણે માલ મોંઘો કરવા માટે માલને જમા કર્યો અને ગોડાઉનોને ભરી ભરીને રાખી, અલ્લાહ કયામતના દિવસે તેને રહમતની દૃષ્ટિએ નહીં જુએ. આ પોતાની જગાએ ખૂબ જ મોટુ જંગલીપણુ છે. અલ્લાહના બંદા દાણા દાણાના મોહતાજ થઈ જાય છે અને આ બદબખ્ત લોકો પોતાનું બેંક બેલેન્સ વધારવા માટે અનાજ, માલ છુપાવી દે છે, ખાવા પીવાની વસ્તુઓનો સંગ્રહ કરી લે છે. તો આ જુલ્મ અને જંગલીપણુ નથી તો શું છે ? હજી કાંઈ વધારે દિવસો પસાર નથી થયા, અંગ્રેજ જ્યારે આપણા દેશ પર હુકૂમત કરતા હતા તો બીજા વિશ્વ યુદ્ધમાં બંગાળમાં ખૂબ જ સખત દુકાળ પડયો. લોકોએ પોતાનાં બાળકો વેચી દીધાં, ઈજ્જતો નિલામ કરી દીધી પણ મહાજનો અનાજનો સંગ્રહ કરી પોતાની તિજોરીઓ ભરતા રહ્યા હતા. અંગ્રેજ અગ્રેસરોને રિશ્વત લાંચ આપીને કેટલાક મુસલમાન માલદારોએ પણ ખૂબ જ ધન કમાયું. તેમની આ કમાણી દોઝખના અંગારા છે.

અનાજ મોઘુ થવાની બીજી રીત એ છે કે કોઈ કુદરતી આફત અને મુસીબત આવી પડે, વરસાદ ન પડે, ખેતરો નાશ પામી જાય, ખેતી બળી જાય, આ સ્થિતિમાં અનાજ મોઘુ થઈ જાય તો એમાં આદમીના જંગલીપણાને કોઈ દખલ નથી હોતો, એ માફીના લાયક છે. પરંતુ જે લોકો પોતાનાં ખિસ્સાં ભરવા માટે મોઘવારી વધારે છે તો આવા લોકો જાલિમ છે. હુકૂમતે એના પ્રત્યે પગલાં લેવાં જોઈએ. જો આવું નહીં કરવામાં આવે તો સમયનો હાકિમ ખૂબ જ ગુનેહગાર થશે અને જનતાને અધિકાર છે કે તેનાથી પૂછપરછ કરે. ઈસ્લામ જેવી રીતે જુલમથી રોકે છે તેવી જ રીતે એ પણ હુકમ આપે છે કે પોતાની જાત પર જુલમ ન થવા દે. દરેક ઈન્સાનને અધિકાર છે કે તે પોતાના પાયાના હક્કોની રક્ષા કરે.

અલ્લાહના રસૂલ ﷺ જવાનીના સમયથી જ વેપાર ફર્માવતા હતા. ચાલીસ વર્ષ પછી પણ કેટલાક સમય સુધી આપ વેપાર કરતા રહ્યા.

મોઅલ્લિમે કાઈનાત ﷺએ તિજારત (વ્યાપાર) કરીને દુનિયાને બતાવ્યું કે ઈમાનદારી અને પાક પવિત્ર તરીકાથી તિજારત કેવી રીતે કરવામાં આવે. ધોકા દેવાનો જે રિવાજ આજે આમ છે, તેમાં કેટલાક નવાં છે કેટલાક પૂરાણા શૈતાની હથિયારો છે. જેથી ઈસ્લામે તિજારતના એક એક ભાગના સાફ સાફ હુકમો આપ્યા છે અને બતાવ્યું કે જાઈઝ શું છે અને નાજાઈઝ શું છે, આપણે વેપાર કેવી રીતે કરવો જોઈએ ? સાંભળો !...

**★ સૌથી ખરાબ વેપારી ★**

કહે છે કે મદીના શહેરની માર્કેટમાં સોદાનો અવાજ આવી રહ્યો હતો. કોઈ સબ્જી વેચી રહ્યું હતું, કોઈ ફળ વેચી રહ્યું હતું. એક તરફ અનાજના વેપારી હતા. એક વેપારીની સામે ઘઉંનો ઢગલો હતો. ઘઉં સાફ અને સારા હતા. ખરીદારની નજર પડી તો તેને થયું કે ઘઉંનો સોદો કરે. તે સમયે મદીનામાં ઈસ્લામી સલ્તનત કાયમ થઈ ગઈ હતી. આ હિ.સ. ૭ની વાત છે. સરવરે આલમ ﷺ ત્યારે સલ્તનતના પ્રબંધક હતા. એક દિવસ આપ

✪ અઝ : મૌલાના ઈલ્યાસખાન નૂરી (રતનપૂર) ✪ અનુવાદક : મૌલાના મુહમ્મદ રઉફ રઝવી (પાલેજ)

મદીનાના બજાર તરફ ચાલી નીકળ્યા, સાથે હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہ પણ હતા. જ્યારે આપ મદીનાના બજારમાં પહોંચ્યા તો બધેથી પસાર થતા થતા આપ તે જગા થોભી ગયા જ્યાં ઘઉંનો ઢગલો હતો. તે વેપારી બજારમાં જે ભાવ સારા ઘઉંનો હતો તે જ ભાવથી પોતાના ઘઉં વેચી રહ્યો હતો. કિંમત ઠીક હતી જેથી વાંધો ઉઠાવવાની કોઈ જરૂરત ન હતી. નબી કરીમ صلی اللہ علیہ وسلم તે ઘઉંના ઢગલા પાસે બેસી ગયા અને તેમાં હાથ નાખીને નીચેના ઘઉં ઉપર લઈ આવ્યા તો બે વાતો સામે આવી, એક તો એ કે નીચે તૂટેલા ઘઉં અને ખરાબ ઘઉં રાખેલા હતા જેની કિંમત નિશ્ચિત રૂપે ઓછી હતી, આ મિલાવટ હતી. બીજી વાત એ જાહેર થઈ કે નીચેના ઘઉં ભીના હતા. ભીના એટલા માટે કરવામાં આવ્યા હતા કે તેનું વજન વધી જાય. અલ્લાહના રસૂલ صلی اللہ علیہ وسلمએ પૂછયું, આ ઘઉં ભીના કેમ છે ? તો જવાબ મળ્યો વરસાદનું પાણી લાગી ગયું હતું. ફર્માવ્યું, તેં આ ભીના ઘઉંને ઉપર કેમ ન કર્યા જેથી ખરીદાર જોઈ લેતો અને સૂકાઈ પણ જતા. આ ફર્માવીને આપ ખૂબ જ નારાજ થઈ ત્યાંથી ઉભા થયા અને ફર્માવ્યું, **"ખુદાની કસમ ! તે અમારામાંથી નથી જે આ રીતનો ધોકો કરીને કમાઈ કરે. ધોકાની કમાઈ હરામ છે, હરામ છે !"**

આ હદીષથી જાણવા મળ્યું કે મિલાવટ અને ધોકાનો વેપાર અને કમાઈ હરામ છે. પોતાના માલનો ઐબ છુપો રાખીને વેચવાવાળા, ઉચિત કિંમત લઈને ખરાબ માલ આપનારા, ધોકાથી કામ લેવાવાળા, મોઘા ભાવે વેચવાવાળા વાસ્તવમાં પોતાના ઈમાનને વેચી રહ્યા છે. અફસોસ કે એક તુચ્છ ફાયદા માટે આવા લોકો આખેરતને તબાહ અને બર્બાદ કરી રહ્યા છે !

## ★ મિલાવટ કરનારાઓનો અંજામ ★

રિવાયતમાં છે કે હાજીઓના એક કાફલામાં એક માણસનું મૃત્યુ થઈ ગયું. તેઓમાંથી એક વ્યક્તિ હઝરત અબ્દુલ્લાહ બિન અબ્બાસ رضی اللہ عنہماની પાસે આવ્યો અને કહેવા લાગ્યો, અમો હજ્જ માટે આવ્યા છીએ અને રસ્તામાં અમારો એક માણસ મૃત્યુ પામી ગયો અને તેના માટે કબર ખોદી તો તેમાં એક ખૌફનાક કાળો સાપ બેઠેલા જોયો, તો અમે તે જગા છોડી દીધી અને બીજી જગાએ કબર ખોદી, તો તેમાં પણ તે જ સાપ નજર આવ્યો. પછી અમે ત્રીજી કબર ખોદી તો તેમાં પણ એ જ સાપ જોયો, તો અમો હૈરાન થઈ ગયા અને તમારી પાસે આવ્યા કે હવે શું કરીએ કે આ ખતરનાક સાપથી છૂટકારો મળે ?!

આ સાંભળી હઝરત અબ્દુલ્લાહ બિન અબ્બાસ رضی اللہ عنہماએ ફર્માવ્યું, તમે સાપની પાસે જ દફન કરી દો. ખુદાની કસમ ! જો તમે આખી જમીન તેના માટે ખોદી નાખશો તો પણ તે સાપ તમને જરૂર નજર આવશે. જેથી તેમણે તેના માટે એક કબર ખોદી અને સાપ પાસે જ તેને દફન કરી દીધો. અને પરત ફરતાં તેની પત્નીથી તેનું ચરિત્ર પૂછયું તો ખબર પડી કે તે આટાનો સોદાગર હતો, આટા અને ખાવા પીવાની વસ્તુમાં મિલાવટ કરતો હતો. આટામાં લાકડાનું ભૂસુ નાખીને વેચતો હતો. હું સમજી ગયો કે આથી જ આ અઝાબે ઈલાહી છે જે તેના પર નાખવામાં આવ્યો છે.

## ★ પહેલાં વ્યાપારના નિયમો શીખો ★

હઝરત ઈમામ માલિક رضی اللہ عنہ ખૂબ જ મહાન મુહદ્દિષ હતા. જ્યારે રાજ્યનો કોઈ હાકિમ અથવા ઈસ્લામી હુકૂમતનો કોઈ હોદ્દેદાર આપથી મુલાકાત માટે જતા તો આપ તેમનાથી કહેતા કે શહેરના દરેક વેપારીઓને ભેગા કરો. જ્યારે આ લોકો ભેગા થઈ જતા તો તેમનાથી વેપારને લગતા એહકામ પૂછતા. વજન વિશે, નફા વિશે, માલ ભેગો કરવાના વિશે. પછી પૂછતા કે ખામીવાળો અને ઐબદાર માલ વેચવાની શું સજા છે ? જૂઠી કસમ ખાઈને માલ વેચવાથી કેમ રોકવામાં આવ્યા છે ? ગ્રાહકને પરેશાન કરવા અથવા ધોકો આપવા પર શું અઝાબ છે ? માલ મોઘો કરીને વેચવાથી કેમ રોકવામાં આવ્યા છે ? માલને છુપો રાખીને કિંમત વધારવા પર કયામતમાં કેવી રીતે પકડ થશે ? જો માપતોલ

ઝુકતુ ન રાખવામાં આવે તો અલ્લાહ અને રસૂલ عَزَّوَجَلَّ وَصَلَّى اللهُ عَلَيْهِ وَسَلَّمَની નારાઝગી કેવી હોય છે ? જ્યારે કોઈ વેપારીને આ એહકામ ખબર ન રહેતા અથવા તે હલાલ અને હરામની વચ્ચે ફર્ક ન કરી શકતો તો આપ ફર્માવતા, "તેને બજારમાંથી કાઢી નાખો !" તે એના પાત્ર નથી કે તિજારત (વેપાર) કરી શકે. પછી ફર્માવતા, જનાબ ! પહેલાં ખરીદી અને વેચાણના વિશે અલ્લાહ અને તેના રસૂલ عَزَّوَجَلَّ وَصَلَّى اللهُ عَلَيْهِ وَسَلَّمَના એહકામ માલૂમ કરો, પછી બજારમાં બેસો ! જે એહકામ જાણ્યા વગર તિજારત કરે છે અને લૂટ મચાવે છે. સમજી લો કે કયામતમાં તેની ખૂબ જ સખ્ત રીતે પૂછતાછ થશે અને તે સખ્ત અઝાબમાં સપડાય જશે. આ જ કારણે હઝરત ઉમર ફારૂકે આ'ઝમ رضی اللہ عنہએ પોતાના શાસનકાળમાં માત્ર ઓલમાને તિજારતની ઈજાઝત આપી હતી અને મદીનાના બજાર પર ઓલમા જ કબ્જો ધરાવતા હતા.

તિજારતમાં ઈમાનદારી અને દયાનત મહત્વપૂર્ણ ચીજ છે, જે તેની મહત્તાને નથી સમજતો તે શૈતાનની જાળમાં એવો ફસાય છે કે મરીને પણ છૂટકારો નથી મેળવતો. અહીં વાત સારા તાજિરોની નથી પરંતું ખરાબ તાજિરોની કરી રહ્યો છું. દરેક વેપારી જૂઠો અને ખરાબ નથી હોતો. કેટલાક અલ્લાહથી ડરવાવાળા અને તેના બંદાઓનો ખયાલ કરવાવાળા પણ હોય છે. તબકાતે ઈબ્ને સઅદમાં છે કે એક વખત મોહદ્દિષ અલ્લામા મુહમ્મદ બિન શીરીં رحمۃ اللہ علیہએ અનાજ ખરીદયું. થોડીવાર પછી આપ તેને બજારમાં વેચવા માટે લઈ ગયા તો જોયું કે બજારમાં કાંઈક એવો ઉછાળો વાગ્યો કે તેમને તે સોદામાં ૮૦ હજારનો ફાયદો થયો, તેમણે ફાયદાની પૂરી રકમ છોડી દીધી. લોકોએ કહ્યું, હઝરત આપ આ શું ગજબ કરી રહ્યા છો ?! ફર્માવ્યું, શું તમારી નજરમાં નફાની આ કિંમત ખૂબ જ વધારે નથી ? જવાબ મળ્યો, હા છે ! ખૂબ જ છે. ફર્માવ્યું, મારા દિલમાં એ શંકા પેદા થઈ કે આ નફો નથી પરંતું વ્યાજ છે, લૂંટ છે ! ઈસ્લામે આવી નફાખોરીથી મના કર્યુ છે અને કહ્યું છે કે સોદો સસ્તો કરીને મખ્લૂકને રાહત આપો.

ભાઈઓ ! આપણા બુઝુર્ગોનો આ તરીકો આપણા માટે માર્ગદર્શક છે. અફસોસ કે આપણે માત્ર નામના મુસલમાન છીએ. ગૈરોની ચોરબજારી, મિલાવટ અને નફાખોરીને જોઈને આપણે પણ એ જ રસ્તે ચાલવા લાગ્યા છીએ. પોતાના ગરેવાનમાં મોઢું નાખીને સોચો ! આજે લાખો કરોડો વેપારીઓ અને તાજિરોમાં કેટલા લોકો છે જે તિજારતના ઈસ્લામી ઉસૂલ (તરીકાઓ) જાણે છે ? શું હજી સુધી સમય નથી આવ્યો કે આ લોકો જાગૃત થાય ?! છેવટે વેપારી, કારીગર અને માલદાર પણ મુસલમાન તો છે જ. મૃત્યુ પછી તેમણે અલ્લાહની સમક્ષ જવાબ આપવાનો છે. પાઈ પાઈનો, એક એક શ્વાસનો દરેકે હિસાબ આપવાનો છે. ક્યાં સુધી ઈન્સાન અલ્લાહ અને તેના રસૂલના એહકામથી મોઢું ફેરવશે ? યાદ રાખો ! માલની હવસ એક અઝાબ છે. આનાથી બચવા માટે ઈમાનની મજબૂત દીવાલોની જરૂરત છે. હઝરત અબ્દુલ્લાહ બિન ઉમર અને હઝરત અબ્દુલ્લાહ બિન અબ્બાસ رضی اللہ عنہمથી રિવાયત છે કે જે તાજિરે (વેપારીએ) એક રાત પણ એવી તમન્ના કરી કે માલ મોઘો થઈ જાય અને મારા એકત્ર કરેલ માલની કિંમત વધી જાય તો **અલ્લાહ તઆલા તેના ચાલીસ વર્ષના નેક અમલો બેકાર કરી દે છે.** ફર્માને નબવી છે કે જેણે ખાવા પીવાની વસ્તુનો ચાલીસ દિવસ પણ ભંડાર કર્યો તો તે વ્યક્તિ અલ્લાહથી બે તઅલ્લુક છે, અને અલ્લાહને તેનાથી કોઈ સંબંધ નથી. હવે તમો જરા વિચારો કે જેનાથી અલ્લાહ બે તઅલ્લુક થઈ જાય તે બદબખ્તનું ઠેકાણુ ક્યાં હશે ? એ પણ બતાવી દઉં કે દોઝખના કેટલાક તબકા છે જેમ કે દુનિયાની જેલોમાં અપરાધના પ્રમાણે કઠિનતા છે એ જ રીતે આખેરતમાં પણ ગુનાહના પ્રમાણે ગુનેહગારો માટે દોઝખના તબકા નિયુક્ત છે. ...........*(ક્રમશઃ)*



# ઈમામ અહમદ રઝા

## ❊ અને દર્સ તથા તદરીસ ❊

અઝ : મૌલાના સૈયદ શાહિદ અલી રઝવી નૂરી
અનુવાદક : ઝયનબ યાકૂબ ઓમનજી–પાલેજ

આ'લા હઝરત મુજદ્દિદે દીનો મિલ્લત મૌલાના અશ્શાહ ઈમામ અહમદ રઝાખાં કાદરી બરકાતી قدس سرہએ દર્સો તદરીસની પરંપરા કોઈ મદ્રસામાં મુદર્રિસ બનીને અથવા પોતાનો મદ્રસો સ્થાપીને શરૂ કરી ન હતી. ઓલમા સામાન્ય રીતે ફરાગત પછી તદરીસની ખિદમતો અંજામ આપે છે પરંતું આ'લા હઝરતે ઈલ્મ હાંસલ કરવાના જમાનામાં જ દર્સો તદરીસનું કામ શરૂ કરી દીધુ હતું. આપ પોતાના જમાનામાં ઓલમાનું કેન્દ્ર રહ્યા અને દૂર દૂરથી તલ્બા આવીને ફૈઝ હાંસલ કરતા રહ્યા. આપના મોટા સાહબઝાદા મૌલાના મુહમ્મદ હામિદ રઝાખાં قدس سرہ લખે છે : આ'લા હઝરતે તાલિબે ઈલ્મીના જમાનામાં તલ્બાને પઢાવ્યા.

તે સમયમાં કોણ ખુશનસીબ હઝરતોએ આ'લા હઝરત علیہ الرحمۃ والرضوانથી ફૈઝ હાંસલ કર્યો, તેનો ઈતિહાસ તથા રિવાયતોમાં કોઈ નિર્દેશ નથી અને અત્યાર સુધીની તેહકીકાતે રઝવિય્યહમાં પણ આ તરફ કોઈ નિર્દેશ જોવા નથી મળતો. ઈમામ અહમદ રઝા رضی اللہ عنہએ ફરાગત પછી પણ તદરીસના ફરાઈઝ અંજામ આપ્યા, જાતે જ એક જગા પર લખે છે :"ફકીરનો દર્સ બિ હમ્દિહી તઆલા તેર વર્ષ, દસ મહીના, ચાર દિવસની ઉમરમાં પૂર્ણ થયો, ત્યાર પછી કેટલાક વર્ષો સુધી તલ્બાને પઢાવ્યા." *(અલ્ કલિમતુલ્ મુલ્હિમા, પેજ–૬)*

કેટલાક વર્ષોથી મુરાદ શું છે ?! કેટલા સમય સુધી દર્સે રઝાની પરંપરા ચાલુ રહી જેની વિગત કેટલાક અંશે નીચે આપેલ વર્ણનો તથા હવાલાઓથી જણાય છે. આ'લા હઝરત હિ.સ. ૧૩૦૪માં બદાયૂં મદ્રસા તયબએ કાદરિયામાં જોયેલ સ્વપ્નના હેઠળ ફર્માવે છે : "........એ જ રીતે કેટલાક મહીના થયા અને સૈયદ શાહ ફઝ્લે હસન સાહબ પંજાબી ફકીરથી સહીહ બુખારી પઢતા હતા." *(અહસનુલ વિદાઅ લિ આદાબિ દુઆ, પેજ : ૪૦)*

ઉપરોક્ત હવાલાથી એટલો ખુલાસો થઈ ગયો કે ઈમામ અહમદ રઝા رضی اللہ عنہનો દર્સ અને તદરીસ હિ.સ. ૧૩૦૪માં ચાલુ હતો.

**દર્સી પ્રવૃત્તિઓ** : ઈમામ અહમદ રઝા ફાઝિલે બરેલ્વી قدس سرہ હિ.સ. ૧૩૦૬ સુધી દર્સો તદરીસમાં એટલા પ્રમાણમાં પ્રવૃત્ત રહેતા હતા કે લેખન, સંપાદન અને ફતાવા લખવા લખાવવાનો સમય પણ ખૂબ જ ઓછો મળતો હતો. સાધારણ રીતે જુમ્આની છૂટ્ટીમાં ફતાવાનું કામ કરતા હતા. આપ પોતાના એક રિસાલા "અસ્સફાઈહુલ લુજૈન ફી કવનિત્તસાફુહિ બિ કફ્ફિલ્ યદૈન"માં મુસાફો જાઈઝ હોવા સંબંધિત મસ્અલો બયાન કરતાં ફર્માવે છે : "આ મસ્અલો ફકીર (આ'લા હઝરત)ને ૧૯ ઝી–કઅદા હિ.સ. ૧૩૦૬ જુમ્આના રોજ નમાઝે જુમ્આ પછી પૂછવામાં આવ્યો. જવાબ ઝબાની બયાનમાં આપ્યો અને આજકાલ બીમારી અને દર્સો તદરીસમાં પ્રવત્ત અને મશગૂલ રહેવાના કારણે સમયનો અભાવ હતો. વિચાર કર્યો કે આવતી જુમ્આની છૂટ્ટીમાં ઈન્શાઅલ્લાહુ તઆલા ! લેખિત જવાબ આપવા બંધાયેલ છું." *(ફતાવા રઝવિય્યહ જદીદ, ભા–૨૨, પેજ–૨૭૦)*

આ લખાણથી એ વાત અધિક સ્પષ્ટ થઈ ગઈ કે હિ.સ. ૧૩૦૬ સુધી "દર્સે રઝા"ની પરંપરા શબાબ પર હતી અને દર્સની પ્રવૃત્તિમાં મોહલતની અછત હતી જેથી ફતાવા લખવાનું કામ માત્ર જુમ્આના દિવસે કરતા હતા પરંતું એ પણ અત્રે સ્પષ્ટ નથી થયું કે દર્સે રઝાની પરંપરા ક્યાં સુધી ચાલતી રહી. જેનો ખુલાસો નીચે દર્શાવેલ હવાલાઓ વધુ પ્રમાણમાં થાય છે.

હિ.સ. ૧૩૧૧ સુધી હઝરત હુજ્જતુલ ઈસ્લામ

મુફતી મુહમ્મદ હામિદ રઝાખાં કાદરી બરેલ્વી رضی اللہ عنہએ વાલિદે માજિદ આ'લા હઝરતથી કુતુબે મઅકૂલ અને મનકૂલ પઢીને ઓગણીસ (૧૯) વર્ષની ઉમરમાં દર્સિયાત સંપૂર્ણ કર્યું. હુજ્જતુલ ઈસ્લામની સાથે તેમના સમકાલિન ઈદુલ ઈસ્લામ મૌલાના અબ્દુસ્સલામ રઝવી જબલપૂરી قدس سرہ આ'લા હઝરતના દર્સમાં સાથે હતા. હુજ્જતુલ ઈસ્લામના સમકાલિનોમાં આ મહત્તા માત્ર હઝરત ઈદુલ ઈસ્લામને જ પ્રાપ્ત હતી. *(હયાતે મૌલાના અહમદ રઝાખાં કાદરી નવી આવૃત્તિ, પેજ–૧૪૨)*

મૌલાના મુહમ્મદ ઈબ્રાહીમ ખુશ્તર સિદ્દીકી રઝવી સાહબ "તઝકિરએ જમીલ"માં લખે છે : "સુલ્તાનુલ વાએઝીન મૌલાના અબ્દુલ અહદ મુહદ્દિષે સૂરતી હઝરત મૌલાના વસી અહમદ رضی اللہ عنہના એકના એક સાહબઝાદા હતા. હિ.સ. ૧૨૯૮ ઈ.સ. ૧૮૮૩માં પીલીભીતમાં જન્મ પામ્યા. તેર (૧૩) વર્ષની ઉમરમાં હિ.સ. ૧૩૧૧માં આ'લા હઝરત ઈમામ અહમદ રઝાની ખિદમતમાં બરેલી હાજર થયા અને આપથી જ દૌરએ હદીષ પઢવાનું સૌભાગ્ય હાંસલ કર્યું. ઈમામ અહમદ રઝા رضی اللہ عنہએ જાતે જ પોતાના હાથોથી દસ્તારબંદી કરી." *(તઝકિરએ જમીલ, પેજ–૨૨૯)*

આ હિ.સ. ૧૧૩૧ની વાત છે. હવે આ'લા હઝરતના કલમથી વધુ એક સાબિતીનું નિરિક્ષણ કરો. આપ રિસાલા કવારિઊલ કહ્હાર અલલ્ મુજસ્સમતિલ્ ફુજ્જાર, (હિ.સ. ૧૩૧૮)ના અંતમાં લખે છે કે : અતિશય કામ અને તા'લીમો તદરીસ અને મીલાદ શરીફની મજલિસોમાંથી ફુરસતની કમસે કમ બેઠકોમાં પૂર્ણ થયું. *(ફતાવા રઝવિય્યહ, ભા–૧૧, પેજ–૨૬૩)*

મૌલાના ડોક્ટર હસન રઝાખાં (પટના) વર્ણવે છે : હઝરત મૌલાના રહીમ બખ્શ સાહબ પોતાના સમયના એક ઉચ્ચ કક્ષાની શખ્સિયત હતા, હિ.સ. ૧૩૧૨માં મુઝફ્ફરપુર જિલ્લાના એક ગામ બાથમાં પેદા થયા. પ્રારંભિક તા'લીમ આપે ત્યાંના ઉલ્માથી પ્રાપ્ત કરી. ઉચ્ચ તા'લીમની પ્રાપ્તિ માટે આપના વાલિદે આ'લા હઝરતની બારગાહમાં મોકલ્યા. આપે સતત બાર વર્ષ સુધી આ'લા હઝરતથી જ્ઞાન પ્રાપ્ત કર્યું. ફારિગની સનદ પછી આપ રુશ્દો હિદાયતની ખિદમતમાં તલ્લીન થઈ ગયા. અસંખ્ય કરામતો આપથી જાહેર થઈ. ૧૯ જમાદિઉલ આખર હિ.સ. ૧૩૭૯ના દિવસે દારેફાનીથી કૂચ કરી. આપનો મઝાર બાથ જિલ્લાના મુઝફ્ફરપુરમાં લોકોની ઝિયારતગાહ છે. *(ફિક્હે ઈસ્લામ, પેજ–૪૫૨)*

ડોક્ટર હસન રઝાખાં, સૂફી કલંદર અલી સોહરવર્દી قدس سرہના સિલસિલામાં લખે છે : "અબુલ ફૈઝ કલંદર અલી સોહરવર્દી ગિલાનીના ચશ્મો ચરાગ છે. કોટલી લુહારાન સિયાલકોટ વતન છે. ૮ વર્ષની ઉમરમાં યતીમ થઈ ગયા. મિડલ સુધી તા'લીમ હાંસલ કર્યા પછી દીની તા'લીમના શોખમાં દેવબંદ પહોંચ્યા. એક રાત કયામ કર્યા પછી આ'લા હઝરત ફાઝિલે બરેલ્વી قدس سرہની ખિદમતમાં હાજર થયા. લગભગ અઢી વર્ષ સુધી કયામ કર્યો. અને ઉલૂમે દીનિયહ હાંસલ કરવાનો શર્ફ ઈમામે એહલે સુન્નતથી હાંસલ કર્યો. *(ફિક્હે ઈસ્લામ, પેજ–૨૪૭, સોહરવર્દી અવલિયા, પેજ–૩૬૬)*

શરફે મિલ્લત અલ્લામા અબ્દુલ હકીમ શરફ કાદરી رحمۃ اللہ علیہ તહરીર લખે છે : ઉસ્તાઝુલ ઓલમા, મરજઉલ ફુઝલાઅ્, સૈયદુસ્સનદ સૈયદુલ બરકાત સાહબ دام ظلہ العالی શૈખુલ હદીષ મરકઝી હિઝબુલ અહનાફ લાહોર ફર્માવે છે : "જ્યારે આ'લા હઝરત قدس سرہની ઉમર શરીફ પચાસ વર્ષની થઈ ગઈ તો આપે બધુ જ ધ્યાન તસ્નીફ અને તાલીફ (લેખન–સંપાદન)ની તરફ ફેરવી અને ફર્માવ્યું, **"એક દૌર મતલબ અડધી સદી દર્સો તદરીસમાં વીતી ગઈ. જમાનાની હાલત બદલાઈ ગઈ. હવે આપણે પણ પોતાની આદતમાં બદલાવું જોઈએ."** કેમ કે અધિકતર લોકો લખાણથી વધારે ફાયદો ઉઠાવી શકે છે, એટલા માટે આ'લા હઝરત رضی اللہ عنہ તકરીર કરતાં તહરીર (લખાણ)ની તરફ વધારે ધ્યાન ફર્માવતા હતા." *(યાદે આ'લા હઝરત : સ. ૨૪)*

આ રિવાયતથી એ વાત સ્પષ્ટ થઈ ગઈ કે હિ.સ. ૧૩૨૨ સુધી ઈમામ અહમદ રઝા ફાઝિલે બરેલ્વી رضی اللہ عنہનું વધારે પડતુ ધ્યાન દર્સો તદરીસ પર હતું, ઉમ્ર શરીફ પચાસ વર્ષ થયા પછી પોતાનું ધ્યાન તસ્નીફ વ તાલીફ તથા ઈફતા અને રદ્દે વહાબિયહની તરફ ફેરવી દીધું. આ સિલસિલામાં એક મકામ પર ઈમામ અહમદ રઝા ખૂદ વર્ણવે છે : ઈફતા તથા રદ્દે વહાબિયહએ

તદરીસનું કામ પણ છોડાવી આપ્યું. *(અલ્ કલિમતુલ્ મુલ્હિમહ, પેજ–૬)*

મલિકુલ ઉલમા મૌલાના સૈયદ ઝફરુદ્દીન બિહારી, ઈમામ અહમદ રઝા ફાઝિલે બરેલ્વી رضی اللہ عنہની તદરીસી ખિદમતના સિલસિલામાં "દર્સે રઝા"ની બરકતો અને ભવ્યતાઓનું વર્ણન કરતાં લખે છે : "આ'લા હઝરતે દર્સી કિતાબોથી ફરાગત પછી તદરીસ, ઈફતા તથા તસ્નીફ (લેખન)ની તરફ ધ્યાન ફર્માવ્યું. શરૂઆતમાં તદરીસની તરફ ધ્યાન વધુ હતું. બરેલી શરીફમાં કોઈ મદ્રસો ન હતો જેથી ફક્ત આ'લા હઝરતની જાત તલ્બા તથા ઉલ્માનું કેન્દ્ર હતી. જેમને ઈલ્મી ઝરણાથી ફૈઝયાબ થવું હતું તેઓ આ'લા હઝરત رضی اللہ عنہ પાસે આવતા અને કામિયાબી હાંસલ કરતા." *(હયાતે આ'લા હઝરત જદીદ, ૧/૧૨૪)*

સારાંશ કે આ'લા હઝરત رضی اللہ عنہનો એક જમાનો તદરીસ તથા તા'લીમમાં જોરશોરથી ચાલ્યો છે જેમાં દૂર દૂરથી તલ્બા બીજા મદ્રસા છોડીને અહીં હાજર થતા હતા, અને આ ચશ્મએ ઈલ્મો નઝરથી ફૈઝયાબ થતા. જેમ કે એ જ જમાનાનો એક બનાવ જનાબ મૌલ્વી મુહમ્મદ શાહખાં ઉર્ફે નથનખાં સાહબ બયાન કરે છે કે એક દિવસ ત્રણ તાલિબે ઈલ્મ નવા આવ્યા. અને આ'લા હઝરતથી પઢવાની ખ્વાહિશ જાહેર કરી. મેં પુચ્છા કરી કે તમે ક્યાંથી આવ્યા છો ? આથી પહેલાં ક્યાં પઢતા હતા ? તો તેઓએ કહ્યું, દેવબંદમાં પઢતા હતા, ત્યાંથી ગંગોહ ગયા, ત્યારબાદ અહીયા આવ્યા છીએ. મેં કહ્યું કે સામાન્યતઃ તો તલ્બાને "ષુમ્મ ખયરા"ની બીમારી હોય છે, મતલબ જ્યાં પઢતા હોય ત્યાં કરતાં બીજે બેહતર પઢાઈ છે એવો વહેમ હોય છે, એટલા માટે એક જગ્યાએ સ્થિર થઈને ખૂબ જ ઓછા લોકો પઢે છે, બલ્કે બે ચાર જગ્યાએ જઈને જરૂર જોતા હોય છે, પણ આવું સામાન્યતઃ એવી જગ્યા એ થાય છે કે બીજે ત્યાંની તારીફ ઈન્સાન સાંભળે છે, પરંતુ મારી સમજમાં એ વાત નથી આવતી કે તમે લોકોએ દેવબંદ કે ગંગોહમાં બરેલીની તારીફ સાંભળી જેથી અહીં આતુરતાપૂર્વક આવ્યા છો ! કહ્યું, આ તમે સાચુ કહો છો ! મઝહબ તથા ખયાલના મતભેદના કારણે મોટાભાગે બરેલીની બુરાઈ થયા કરતી હતી, પરંતું એ વાત જરૂર થતી કે (આ'લા હઝરત) કલમના બાદશાહ છે, જે મસ્અલા પર કલમ ઉઠાવી દીધી, પછી કોઈની મજાલ નથી કે એમના વિરૂદ્ધ કાંઈક લખી શકે ! આ જ અમે દેવબંદમાં સાંભળ્યું અને આ જ ગંગોહામાં પણ, જેથી અમારા લોકોના દિલોમાં શોખ અને ઉમંગ પેદા થયો કે ત્યાં જ જઈને ઈલ્મ હાંસલ કરીએ જેમના વિરોધીઓ ફઝ્લો કમાલની ગવાહી આપતા હોય ! *(હયાતે આ'લા હઝરત : ૧/૨૧૧, ૨૧૨ કદીમ)*

મુહક્કિકે એહલે સુન્નત મૌલાના મુહમ્મદ જલાલુદ્દીન કાદરી લખે છે : તા'લીમથી ફારિગ થઈને ઈમામ અહમદ રઝા قدس سرہએ તદરીસના ફરાઈઝ અંજામ આપ્યા. આપના મોટાભાગના શાગિર્દો આસ્માને ઈલ્મ વ ફઝ્લના ચમકતા તારલા બનીને ચમક્યા. ઈમામ અહમદ રઝાની જાત મરજઉલ ઉલમા (ઉલમાના કેન્દ્ર સ્થાને) હતી, દૂર દૂરથી તલ્બા ફાયદો હાંસલ કરવા હાજર થતા, ત્યાં સુધી કે સહારનપુર તથા દેવબંદના અમુક તલ્બા પણ હદીષ તથા ફિકહના દર્સ માટે આવતા હતા.

ફાઝિલે મન્ઝરે ઈસ્લામ મૌલાના મુહમ્મદ ઈસા રઝવી વર્ણવે છે : મન્ઝરે ઈસ્લામની સ્થાપ્ના ઈમારત તથા મકાનના રૂપમાં ભલે કાયદેસર રીતે એક મુહર્રમુલ હરામ હિ.સ. ૧૩૨૨માં થઈ, પરંતુ એના પહેલાં પણ ઈમામ અહમદ રઝા બરેલ્વી قدس سرہના દૌલતકદામાં દર્સો તદરીસ અને તા'લીમનો બાકાઈદા અમલ જારી હતો. દેશ વિદેશથી ઉલ્મા તથા તલ્બા એમની બારગાહે ઈલ્મ તથા દાનિશમાં ફયઝ હાંસલ કરવા તથા ઈલ્મો તથા ફનો (વિદ્યાઓ)ની પ્રાપ્તિ માટે આવતા અને એમનાથી શાગિર્દીનો શર્ફ હાંસલ કરવાનું ગૌરવ અનુભવતા હતા. આવી રીતે તદરીસ તથા તા'લીમનો આ સિલસિલો મંઝરે ઈસ્લામની સ્થાપ્નાથી પહેલાં જ ઈમામ અહમદ રઝાખાં رضی اللہ عنہએ ઉલૂમે અકલિયા અને નકલિયાથી ફારિગ થયા પછી શરૂ કર્યો. વરસો સુધી આ અંદાજમાં જ એમના કાશાનાએ ઈલ્મો દાનિશમાં આ ઈલ્મી સિલસિલો ચાલુ રહ્યો, જયારે કે મંઝરે ઈસ્લામની સ્થાપ્ના તથા અસ્તિત્વ હજી ખ્વાબો ખયાલમાં પણ ન હતું.

''દર્સે રઝા''નો આ સિલસિલો ફરાગત પછી હિ.સ. ૧૨૮૬ ઈ.સ. ૧૮૭૦થી હિ.સ. ૧૩૨૨ ઈ.સ. ૧૯૦૪ સુધી અત્યંત પધ્ધતિસર સારી રીતે જારી રહ્યો. લેખનકાર્ય તથા ફત્વાનું કામ વધી જવાથી આ સિલસિલો મંદ તથા ધીરો થયો પરંતું બંધ ન થયો. આપના એ દૌરના મોટાભાગના શાગિર્દો આસમાને ઈલ્મો ફઝ્લના ચમકતા ચાંદ અને રોશન સૂરજ બનીને ચમક્યા. ઉસ્તાદે ઝમન મૌલાના મુહમ્મદ હસન રઝાખાન બરેલ્વી, ઈલ્મે મીરાષના માહિર ઉસ્તાદ મૌલાના મુફતી મુહમ્મદ રઝાખાં બરેલ્વી, ઈદુલ ઈસ્લામ મૌલાના અબ્દુસ્સલામ જબલપુરી, મૌલાના સૈયદ અહમદ અશરફ કછૌછવી, મૌલાના મુહમ્મદ અબ્દુલ અહદ મુહદ્દિષ પીલીભીતી, મૌલાના સુલ્તાન અહમદખાં બરેલ્વી, મૌલાના સૈયદ અમીર અહમદ બરેલ્વી, મૌલાના હાફિઝ યક઼ીનુદ્દીન બરેલ્વી, મૌલાના હાફિઝ અબ્દુલ કરીમ, મૌલાના સૈયદ નૂર અહમદ ચાટગામી, મૌલાના મુનવ્વર હુસૈન બરેલ્વી, મૌલાના વાઅઝુદ્દીન બરેલ્વી, મૌલાના રહીમ બખ્શ બાથવી, મૌલાના સૂફી કલંદર અલી સુહરવર્દી વગેરે એ જ દૌરની યાદગાર છે જેમના ઈલ્મ તથા ફઝ્લના ડંકા દુન્યાએ સુન્નિયતમાં વાગી રહ્યા છે અને વાગતા રહેશે, ઈન્શાઅલ્લાહ !

ઉસ્તાઝુલ ઉલ્મા હઝરત મૌલાના સૈયદ અહમદ આલમ ક઼ાદરી રજહતીએ ઈ.સ. ૧૮૭૮માં જોનપુર આવીને મસ્નદે તદરીસની સેવા કરી, તો જોનપુરને શેહરિસ્તાને ઈલ્મો ફઝ્લ બનાવી દીધું. સમગ્ર અખંડ ભારતથી ઈલ્મના તરસ્યા ખેંચાઈ ખેંચાઈને ચાલ્યા આવતા અને ઈલ્મના મોતીઓથી પોતાના ખાલી દામનોને ભરતા. ઈલ્મના મોજા મારતા સમુદ્રથી પોતાની ક્ષમતા પ્રમાણે પોતાનો હિસ્સો લેતા અને ખુશી ખુશી પરત થઈ જતા. ઉસ્તાઝુલ ઓલમા ઈમામુલ હિકમતની બારગાહે ઈલ્મ દર્સમાં કસ્બે ફૈઝ અને હુસૂલે ઈલ્મ તથા ફનૂનમાં દિવસ અને રાત તલ્લીન તથા મસ્રૂફ હતા, પરંતું જ્યારે ઈમામુલ હિકમતની ઝુબાને હક્ક઼ તર્જુમાનથી દર્સના દરમ્યાન ઈમામ અહમદ રઝા رضی اللہ عنہનું ઝિક્રે ખૈર વારંવાર સાંભળ્યું તો ઝિયારતના માટે આતુર તથા બેચેન થઈ ગયા. પછી શું થયું તે મૌસૂફના ફરઝંદે અર્જમંદ મૌલાના સૈયદ બદરઆલમ રઝવી નૂરી રજહતી (ઝારખંડ)ની ઝબાની સાંભળો : આ'લા હઝરત ફાઝિલે બરેલ્વી رحمۃ اللہ علیہનું ઝિક્ર મોહદ્દિષે જોનપુરી થકી પોતાના દર્સ દરમ્યાન વારંવાર સાંભળતા રહેતા હતા. આપનો શોખ વધ્યો અને ઉસ્તાઝે મુકર્રમથી બરેલી શરીફ જઈને ઈમામ અહમદ રઝા ફાઝિલે બરેલ્વી علیہ الرحمۃ و الرضوانની ખિદમતમાં જઈને અધિક તા'લીમ હાંસલ કરવાની પરવાનગી માંગી, તો મુહદ્દિષે જોનપુરીએ ખુશીથી પરવાનગી આપી દીધી. અને આ'લા હઝરતની ખિદમતે અક઼દસમાં હિ.સ. ૧૩૨૧માં આપને સોંપી દેવામાં આવ્યા. અને આ'લા હઝરત ફાઝિલે બરેલ્વીથી ફર્માવ્યું, ''મારી જિંદગીનો અનમોલ હિરો આપની નઝર કરી રહ્યો છું !''

ઈમામ અહમદ રઝા رضی اللہ عنہની ઉલૂમો ફુનૂનમાં ફિક઼્હી સમૃધ્ધતા, દર્સી મહારત અને ઈફતામાં કમાલની પહોંચનો ઉલ્લેખ જ્યારે મલિકુલ ઓલમા મૌલાના સૈયદ ઝફરુદ્દીન બિહારી رضی اللہ عنہએ પોતાના પ્રેમાળ, ચહીતા તથા મહેરબાન ઉસ્તાદ, આ'લા હઝરતના સમકાલિન અને ખલીફા અલ્લામા વસી અહમદ મુહદ્દિષે સુરતીથી દર્સ દરમ્યાન વારંવાર સાંભળ્યો તો મુલાકાતની આતુરતા જાગી અને દીદારની ઈચ્છાઓ બરેલી શરીફ ખેંચી લાવી. હિ.સ. ૧૩૨૧માં ઈમામ અહમદ રઝા رضی اللہ عنہની ખિદમતમાં બરેલી પહોંચ્યા. મલિકુલ ઉલ્માએ ઈમામ અહમદ રઝા رضی اللہ عنہની તસ્નીફી મસરૂફિયાત અને કારે ઈફતાની કષરત જોઈ તો થોડા દિવસોના માટે મદ્રસા ''ઈશાઅતે ઉલૂમ'' બરેલીમાં ઝેરે તાલીમમાં રહ્યા. અને ''દારુલ ઈફતાએ એહલે સુન્નત વ જમાઅત''માં હાજર થઈને ઈફતાની મશ્ક઼ કરતા રહ્યા. આપની સાથે આપના હમવતન હઝરત મૌલાના અબ્દુલ રશીદ અઝીમાબાદી علیہ الرحمۃ و الرضوان પણ હતા. થોડા દિવસો પછી આપ ક઼ાયમી તૌર પર ફાઝિલે બરેલ્વીની ખિદમતમાં હાજર થઈને ફૈઝ પામવા લાગ્યા. પોતાની આ નિસ્બત પર ફખ્ર કરતાં લખે છે : ''અને પછી બધી જ નેઅમતો ઉપરાંત સોના કરતાં પીળુ એ કે આ'લા હઝરત ઈમામે એહલે સુન્નત મુજદ્દિદે મિઅતે હાઝરા મુઅય્યિદે મિલ્લતે તાહિરા મૌલાના મોલ્વી હાફિઝો ક઼ારી શાહ અહમદ રઝાખાં સાહબ ક઼ાદરી બરકાતી બરેલ્વી رضی اللہ عنہએ બયઅત અને શાગિર્દી તથા ઈર્શાદ અને ખિલાફતના શર્ફથી મુશર્રફ ફર્માવ્યો.'' *(ક્રમશ:)*

# આલે સઊદ અસલમાં યહૂદ છે !

રજૂકર્તા : **અલ્તાફહુસૈન મિસ્બાહી-કુરચણ**
*(મુદર્રિસ : દારુલ ઉલૂમ બરકાતે ખ્વાજા-આમોદ)*

ઈ.સ. ૧૯૫૦થી પહેલાંનુ બ્રિટન જ્યારે પોતાનો સૂરજ અથમાવી ચૂક્યુ ત્યારે એમણે અમેરિકાનું રૂપ ધારણ કર્યુ અને પોતાની ગુમાવેલ આબરૂ તથા સામ્રાજયને ફરી પ્રાપ્ત કરવા માટે એક નવઆબાદયાતી બંધારણની રચના કરી અને એ બંધારણના હેઠળ પૂરી દુનિયા પર બીજી વખતે કબ્જો જમાવવાની કોશિશ કરી જેમાં સંપૂર્ણ રીતે સફળતા પણ મળી ગઈ. અમેરિકાએ ૧૨-૧૪ વર્ષની નવયુવાન છોકરીઓને અરબસ્તાનના મુસ્લિમ નવયુવાનોને ઈશ્કમાં ફસાવવાની ટ્રેનિંગ એવા ઈશ્કના નિષ્ણાતો થકી અપાવી કે એ છોકરીઓ કોઈપણ નવયુવાનને ચપટીમાં પોતાનો આશિક બનાવી દે. માશૂકાઓની આ નાની ટીમને અમેરિકાએ સંપૂર્ણ દુનિયામાં બે બે, ચાર ચારની ટુકડીઓમાં નિયુક્ત કરવાનો ફેંસલો કર્યો. આ નાની ટુકડીઓને એવી રીતે રવાના કરવામાં આવી જેવી રીતે કે શિકાર માટે શિકારીને જંગલ તરફ રવાના કરવામાં આવે છે. એ નવયુવાન છોકરીઓની શિકારગાહ કોલેજ તથા યુનિવર્સિટીઓ હતી જ્યાં બાદશાહોના છોકરાઓ શિક્ષણ પ્રાપ્ત કરતા હતા. એક શેહઝાદા (બાદશાહના પુત્ર)ના પાછળ ચાર ચાર તથા છ છ છોકરીઓનો એ જ કોલેજ તથા કલાસમાં દાખલો કરાવ્યો જેમાં બાદશાહો તથા હાકિમોના છોકરાઓ પઢતા હતા. આ યહૂદી છોકરીઓએ એમને પોતાના ઈશ્કમાં ફસાવ્યા અને ત્યારબાદ એમનાથી શાદી થઈ ગઈ. આ છોકરાઓ અનુભવી ન હોવાથી ઘણી સરળતાથી ફસાઈ ગયા. આ સિલસિલો વર્ષોથી પ્રચલિત છે અને હવે સ્થિતિ એ છે કે **અરબ દેશોમાં કોઈ હુકમર્રા (શાસક)ની મા યહૂદી છે તો કોઈની પત્ની યહૂદી ! આ રીતે શાદીથી જે બાળકો જન્મ પામ્યાં એ સર્વ પોતાની મા ના ધર્મનુ અનુસરણ કરે છે પણ પોતાને મુસલમાન જાહેર કરે છે !** અને ત્યારબાદ આ હાઈબ્રિડાઈઝ્ બાળકોએ મોટા થઈને દેશની સત્તા પર કબ્જો જમાવી લીધો અને જમાવી રહ્યા છે. આગળ જુઓ શું થાય છે !!

ઈતિહાસમાં આનુ ઉદાહરણ "મહેરૂન્નિસા" છે જેણે જહાંગીરને હમેશાં શરાબના નશામાં મદ્હોશ રાખ્યો અને હુકૂમતની લગામ પોતાના હાથમાં લઈ લીધી અને વધારે પડતા રાજ્યોમાં પોતાના હમધર્મ ગવર્નર નિયુક્ત કરી દીધા અને એની જ ચાલાકીથી આગળ જઈ સંપૂર્ણ મોગલ સલ્તનત રાજકીય સ્વતંત્રતાના કારણે ટુકડે ટુકડા થઈ ગઈ. હા ! યહૂદી નવયુવાન છોકરીઓની ટુકડીએ સંપૂર્ણ દેશ પર કબ્જો કરી લીધો અને એ બધા જ હુકમરાનોના ઘરો તથા મહેલોમાં દાખલ થઈ અને પોતાના પતિઓની જાસૂસી સાથે સાથે પત્નીની જિમ્મેદારીઓ પણ નિભાવવા લાગી અને થોડાક સમય માટે પણ પોતાના પતિઓને અલગ ન થવા દીધા બલ્કે દરેક પળ એમની દેખરેખ રાખી.

અરબદેશોમાં જ્યાં રાજાશાહી શાસન છે અથવા રાજાશાહી નથી તો અમીરશાહી શાસન છે, બંનેવ સ્થિતિઓમા સર્વ સત્તાધારી હુકૂમતો પોતાની પોલિસી હેઠળ પોતાના દેશની પબ્લિક પર અત્યાચાર કરે છે, આ સર્વ હુકૂમતોની મદદ અમેરિકા કરે છે. અરબ દેશોમાં અમેરિકા, બ્રિટન અને ફ્રાન્સ લોકશાહી જોવા પસંદ નથી કરતું. આ પશ્ચિમી દેશો દરેક રીતે આતંકવાદ ફેલાવી પૂર્વી દેશોમાં પોતાનો ઉલ્લુ સીધો કરવા માગે છે. જો કોઈ દેશનો હાકિમ (અધિકારી) અમેરિકા વિરૂદ્ધ કોઈ ભાવના રાખતો હોય તો કોઈ ન કોઈ બહાને એની હુકૂમતને નાબૂદ કરી એને મૌતને ઘાટ ઉતારી દેવામાં આવે છે, જેમ કે સદ્દામ હુસૈન અને મુઅમ્મર ગદાફીનું થયું. ત્યાર પછી એ દેશમાં અમીરશાહી હુકૂમત કાયમ થાય છે. એનું દરેક કામ તથા પોલિસી એ પ્રમાણે હોય છે કે દેશ સેંકડો વર્ષ

પાછળ ચાલ્યો જાય છે અને સાયન્સ તથા ટેકનોલોજીમાં કોઈ પ્રગતિ ન થાય એ માટે પશ્ચિમ પોતાની ઈજારાદારી ચાહે છે.

આ કેટલી સરળ પદ્ધતિ કાઢી કે નાની સંખ્યામાં છોકરીઓને તૈયાર કરી સંપૂર્ણ દેશ પર કબ્જો કરી લેવામાં આવ્યો, કોઈ ખૂનખરાબો ન થયો અને ટોપ કે બંદૂકની પણ જરૂરત ન પડી અને દેશ ફતહ થઈ ગયો ! આ નવયુવાન છોકરીઓએ પોતાની અદાઓથી જે કારનામુ અંજામ આપ્યુ એ ટેંક, એટમ બોમ્બ તથા મિસાઈલ પણ ન આપી શકે. અલબત્ત એકાદનું કત્લ એવી રીતે થયું કે દેશમાં જે નેતાથી અમેરિકાને પોતાના આ પ્લાન બાબતે ખતરો લાગ્યો એને તથા એની સર્વ ફેમેલીને બરબાદ કરી નાખવામાં આવી. આ આલે સઊદ વાસ્તવિક્તામાં યહૂદ છે જેમને જોઈને યહૂદીઓ શરમાતા નથી બલ્કે ગર્વ કરે છે. આ એ યહૂદી છે જે મુસલમાનોમાં મુસલમાન બની ઈસ્લામ તથા મુસલમાનોને નાબૂદ કરવાનુ કામ કરી રહ્યા છે અને યહૂદીઓ માટે અતિ માનનીય યહૂદી છે, કેમ ન હોય !! યહૂદીઓ પોતાના ધર્મને બાકી રાખવા માટે આ બધાં કામો કરી રહ્યા છે પણ આપણા મુસલમાનોને આપણો ધર્મ એની કદાપિ પરવાનગી નથી આપતો કે આપણે એક પળ માટે પણ બીજો કોઈ ધર્મ કોઈ હેતુ હેઠળ અપનાવીએ, આ એક સાચા મુસલમાનની શાન છે.પણ બીજા ધર્મના લોકો આપણો ધર્મ ઈસ્લામ અપનાવી આપણામાં ઘૂસી આપણને જ મોટુ નુકસાન પહોંચાડે છે.

યહૂદી ઘણો એજ્યુકેટેડ અને પોતાની કૌમ તથા ધર્મથી અતિ પ્રેમ કરનાર અને પોતાની કૌમની સફળતા માટે દરેક રીતે પ્રયત્નો કરનાર વ્યક્તિ હોય છે, એ હાલના મુસલમાનો જેમ બદ્કિરદાર અને ઝમીરફરોશ નથી હોતો. આપણે ત્યાં રૂપિયા પૈસામાં કામ કરવાવાળા ઝમીરફરોશ મુસલમાનોની અધિક્તા છે જે ઈસ્લામના વિરુદ્ધ કામ કરવા માટે ખુશીથી તૈયાર થઈ જાય છે, યહૂદીઓ તથા ઈસાઈઓમાં આવા લોકો શોધવાથી પણ નથી મળતા જે પોતાના ધર્મ વિરુદ્ધ કામ કરવા માટે તૈયાર હોય. આવો આપણે જોઈએ કે સઊદી હુકમરાનો કેવી રીતે આ કામ કરી રહ્યા છે.

## મઝારો તથા ઈસ્લામી નિશાનીઓને નાબૂદ કરવું

લગભગ ૬૦ હજાર સહાબાના મઝારોને નાબૂદ કરવુ આલે સઊદનું ઘણુ મોટુ ધાર્મિક કારનામુ છે જેમાં જન્નતુલ બકીઅ અને શોહદાએ બદરનું કબ્રસ્તાન પ્રથમ ક્રમે છે. ચૌદસો વર્ષોથી કુર્આન તથા હદીષનું ઈલ્મ રાખવાવાળા બુઝુર્ગાને દીન જેમાં ઉમ્મુલ મો'મિનીન, ખુલ્ફાએ રાશિદીન, સહાબાએ કિરામ, તાબઈન, તબેતાબઈન رضوان الله تعالى عليهم اجمعين અને આજ સુધીના બધા જ બુઝુર્ગાને દીન અને મુબલ્લિગો સામેલ છે. બધા જ કબ્રો બનાવતા હતા, કોઈએ પણ કુર્આન તથા હદીષની રોશનીમાં કબ્રો બનાવવુ અને એને સુરક્ષિત રાખવું ગૈરઈસ્લામી ન સમજ્યું, અને પોતાની કબ્ર બનાવવાથી મના ન કર્યું, અને ન પોતાના પૂર્વજોની કબ્રોને ઉખાડી ફેંકી, બલ્કે એમણે જબરદસ્ત અદબની સાબિતી આપી. ચૌદસો વર્ષોથી જ્યારે આ કબ્રો બની રહી હતી ત્યારે આ વહાબી ક્યાં છુપાયેલા હતા કે જાહેર ન થયા ?! અને જ્યારે કબ્રો બની ગઈ ત્યારે એને ખોદવા માટે જાહેર થઈ ગયા ! સ્પષ્ટ થયું કે આ વહાબી કૌમ આજની પેદાવાર છે જેને ઈસ્લામી નિશાનીઓથી દુશ્મની છે. ઘણા અંબિયાએ કિરામની કબ્રો પણ આજ સુધી સુરક્ષિત છે. એક બે નિશાનીઓ નહીં બલ્કે હજારો નિશાનીઓ જેનો સંબંધ રસૂલુલ્લાહ ﷺ, ઉમ્મતની પાક માઓ, સહાબાએ કિરામ અથવા ઈસ્લામથી છે, વહાબીઓ બધાને એક એક કરીને નાબૂદ કરતા ચાલ્યા છે અને કરી રહ્યા છે, આ કામ યહૂદીઓએ ઈસ્લામમાં સંપૂર્ણ રીતે દાખલ ન થઈને અને હુકૂમત પર કબ્જો કરીને કર્યુ. અકીદાઓમાં ફેરફાર કરી એ સર્વ નિશાનીઓને શિર્ક તથા બિદઅતનું નામ આપી નાબૂદ કરી દીધી. જો એક પણ સહાબીની કબ્ર યહૂદી પોતાને યહૂદી સાબિત કરી ઉખાડી ફેંકતો તો ક્યારેય પણ કામયાબ ન થતો, કેમ કે સર્વ દુનિયાના મુસલમાનો એના વિરુદ્ધ ઉભા થઈ જતા, પણ જયારે આ જ કામ યહૂદી, મુસલમાનોનો વેશ પહેરી સઊદી હુકમરાં બની બેઠો

તો કરવામાં કામયાબ થઈ ગયો અને મુસલમાનોને બતાવ્યું કે તમારા ચૌદસો વર્ષો જૂના આલિમો કુર્આન હદીષ જાણતા ન હતા એટલા માટે ભૂલ કરતા હતા અને મુસલમાનોએ તરત જ પોતાના બુઝુર્ગાને દીનને ઠુકરાવી પોતે એ કહેવાતા મુસ્લિમ યહૂદીઓની વાત માની લીધી અને પોતાના બુઝુર્ગાને દીનની તૌહીનમાં હદથી વધારે ભાગ લેવા લાગ્યા.

બધી નિશાનીઓ મિટાવ્યા પછી એક ખતરનાક પ્લાન બનાવ્યો કે સંપૂર્ણ દુનિયામાં ઈસ્લામ તથા રસૂલુલ્લાહ ﷺથી સંબંધિત જેટલી પણ દુર્લભ વસ્તુઓ સુરક્ષિત છે એને પૂરી દુનિયાથી એકત્રિત કરી સઊદી અરબમાં બનાવવામાં આવેલા એક મ્યુઝિયમમાં સુરક્ષિત કરી દેવામાં આવે. સ્પષ્ટ વાત છે કે એમાં કુર્આનના દુર્લભ નુસ્ખા, દુર્લભ ઈસ્લામી કિતાબો તથા રસૂલુલ્લાહ ﷺના મૂએ મુબારકનો સમાવેશ છે. જો આ વસ્તુઓ મુસ્લિમન ગણાતા યહૂદીઓના હાથે લાગી ગઈ તો ઘણી જ ચાલાકીથી આ મ્યુઝિયમને સળગાવી દેવામાં આવશે. આ વાતને સાબિત કરવાની કાંઈ જ જરૂરત નથી કેમ કે આ યહૂદી હુકમરાંનો અગાઉ તો ઈસ્લામી નિશાનીઓને બરબાદ કરી ચૂક્યા છે હવે જે નિશાનીઓ બીજા દેશોમાં સુરક્ષિત હતી અને એમની પહોંચથી બહાર હતી એમને પણ આ બહાને પ્રાપ્ત કરી બરબાદ કરવાનો પ્લાન ભવિષ્યમાં રાખે છે, અને સળગાવ્યા પછી જાહેર કરશે કે અચાનક અકસ્માતથી આગ લાગી ગઈ, અને દુનિયાભરના વહાબી આ વાતને સાચી માની લેશે અને મુસલમાનો પણ !

બુઝુર્ગાને દીનના મઝારોને આ લોકો નફરત અને બદલાની આગમાં સળગતાં એટલા માટે ઉખાડી ફેંકે છે કે આ બુઝુર્ગોએ ઈસ્લામની ખિદમત તથા વિકાસમાં પોતાની સંપૂર્ણ જિંદગી દાવ પર લગાડી દીધી અને અગણિત બુઝુર્ગાનેદીન તબ્લીગ કરતા કરતાં શહીદ પણ થઈ ગયા, એમના આ મહાન કારનામાંઓની યાદ આ મઝારો અથવા ઈસ્લામી નિશાનીઓ અપાવે છે. યહૂદી એટલા માટે આ મહાન બુઝુર્ગાને દીનની નિશાનીઓને મિટાવી એમનાથી બદલો લઈ રહ્યા છે અને એમને વિસાલ પછી એની સજા આપી રહ્યા છે કે એમણે ઈસ્લામની તબ્લીગ તથા વિકાસમાં ભરપૂર ભાગ ભજવ્યો. વહાબીઓએ બધા બુઝુર્ગાને દીનથી સંબંધ કાપીને જે કામ કર્યું છે એનો અંત વાસ્તવમાં અલ્લાહના રસૂલ ﷺ સુધી જઈ ખત્મ થશે. હવે એમનો બુઝુર્ગોથી કોઈ સંબંધ તો નથી રહ્યો, માત્ર અલ્લાહના રસૂલનું થોડુ ઘણુ નામ લે છે એ પણ મજબૂરન ! જ્યારે અલ્લાહના રસૂલ ﷺની મહોબ્બત એમના દિલોથી સંપૂર્ણ નીકળી જશે, જે મહોબ્બતને તેઓ ધીરેધીરે ઓછી કરી રહ્યા છે (જેમ કે ઈદે મીલાદ મનાવવા, સલામ પઢવાને બિદઅત બતાવી અને હુઝૂર ﷺનું હાઝિર નાઝિર હોવું, ઈલ્મે ગૈબ તથા વિસાલ પછી આપના જીવંત હોવાનો ઈન્કાર કરીને) તો માત્ર અલ્લાહ તઆલા જ બાકી રહેશે, પછી તો અલ્લાહ તઆલા યહૂદીઓનો પણ છે અને ઈસાઈઓનો પણ, તો યહૂદીઓ ઈચ્છે છે કે જ્યારે માત્ર અલ્લાહ તઆલા જ મુસલમાનો માટે રહી જશે તો મુસલમાનોને બતાવીશું કે તમારો ખુદા પણ એક છે અને એ જ ખુદા અમારો પણ, તો કેમ ન આપણે બધા એક થઈ જઈએ !

સુન્ની વાંચકો ! હવે સમજ્યા તમે કે બુઝુર્ગાને દીનથી સંબંધ તોડવાનુ કાવતરુ ઈસ્લામને યહૂદિયત સાથે મિલાવવા માટે કરવામાં આવ્યું છે, વાસ્તવિક્તામાં તૌહીદ ! તૌહીદ !ની રટ લગાડવામાં આ જ હેતુ છુપાયેલ છે.

સામાન્યતઃ ઈ.સ. ૧૯૫૦ સુધી ક્યાંય પણ વહાબી શોધ્યો પણ મળતો ન હતો. ભારતમાં વહાબીઓનો ગુરૂ ઈસ્માઈલ દહેલ્વી અને અશરફઅલી થાન્વી છે. કેટલા ગતિથી વહાબીઓ જાહેર થયા કે જેમના ધોકામાં આવી ભોળાભાળા મુસલમાનો પોતાનો અક઼ીદો બદલી પોતાના બાપદાદાઓને જહન્નમી સમજીને વહાબી બની ગયા ! એ પણ ન જોયું કે આપણા મા બાપ, દાદા દાદી તથા નાના નાની તો મુસલમાન હતાં, કોઈ કાફિર ન હતું. ૫૦–૬૦ વર્ષના દરેક વહાબીનો બાપ સુન્ની મુસલમાન હતો વહાબી ન હતો પણ વહાબીઓએ એમને કાફિર ઠરાવ્યા.

## શૈક્ષણિક અને ઔદ્યોગિક પ્રગતિ

સઊદીના યહૂદી હુકમરાનોએ પોતાના દેશની પબ્લિકને અભણ રાખવાની ભરપૂર કોશિશ કરી છે પશ્ચિમી દેશો હોય કે આપણો દેશ ભારત અથવા દુનિયાનો બીજો કોઈપણ દેશ હોય, સંપૂર્ણ દુનિયામાં એજ્યુકેશન અને ટેક્નોલોજીનો વિકાસ જબરદસ્ત થયો છે. આપણા દેશમાં ઈન્ફોરમેશન ટેકનોલોજી, કોમ્પ્યુટર સાયન્સ, સિવિલિયન અથવા સૈન્ય વિભાગમાં જબરદસ્ત પ્રગતિ થઈ છે. આપણો દેશ કોઈ માલદાર દેશ નથી છતાં આપણે સોયથી લઈને મશીનો સુધી, દરેક પ્રકારનાં જહાઝ, ટ્રેનોનો બંદોબસ્ત અને વીજળી ઉત્પાદન વગેરેમાં પ્રગતિ કરી છે. સારાંશ કે જે કાંઈપણ પ્રગતિ ૬૦ વર્ષની ટૂંક મુદ્દતમાં થઈ છે એ આપણા માટે ગર્વના લાયક છે. આપણે મંગળ ગ્રહ ઉપર પોતાનુ અવકાશયાન મોકલી દીધું છે અને એ રીતે આપણે વિશ્વમાં ચોથા ક્રમે છીએ. આપણે દરેક પ્રકારના સામાનોમાં પોતે જ નિર્મિત છીએ, પણ સઊદી અરબિયા જે આપણાથી અધિક દૌલત ધરાવે છે, એ ન કોઈ વસ્તુ બનાવે છે અને ન એજ્યુકેશનને વિકાસ આપે છે. સંપૂર્ણ દેશની પ્રજાને એણે બેકાર અને અભણ બનાવી રાખી દીધી છે. પોતાની પોલિસીઓથી એણે દેશમાં કોઈ ઈન્ડ્સ્ટીઝને પરવાનગી ન આપી. આવું કોઈ મુસલમાન સત્તાધારી નથી કરી શક્તો, બલ્કે દેશ સાથે ગદ્દારી કરવાવાળો યહૂદી જ કરી શકે છે. યહૂદી પોતાના દેશમાં ક્યારેય આ રીતે નહીં કરે ! જરા ઈઝરાઈલની પ્રગતિ અને એના પ્રગતિમય મનસૂબાઓને ધ્યાનથી જુઓ તો વાસ્તવિક્તા સામે આવી જશે.

## નાગરિક સ્વતંત્રતા અને પબ્લિક પર જુલ્મ

સઊદી પ્રજાને કોઈપણ રીતે નાગરિક સ્વતંત્રતા પ્રાપ્ત નથી, બે ચાર લોકો ક્યાંક બેસીને વાતચીત અથવા મુલાકાત કરવા ઈચ્છે તો એની બિલકુલ પરવાનગી નથી, નમાઝમાં ભેગા થયા હોય તો નમાઝ પછી દરેક પોતાના ઘરનો માર્ગ પકડે, કોઈ વાતચીત ન કરે. જો કોઈએ હુકૂમત તથા અમેરિકાની વિરુદ્ધ વાત કરી હોય તો એને લાપતા કરી દેવામાં આવે છે અને ઘરવાળાઓને ખબર પણ નથી આપવામાં આવતી કે લાપતા વ્યક્તિને કૂતરુ ખાઈ ગયું કે વાઘ ! ત્યાર પછી એ લાપતા વ્યક્તિની પત્ની પુત્રો આખી જિંદગી એની પ્રતિક્ષામાં રહે છે અને બેચૈનીની જિંદગી વીતાવે છે. એ સ્વભાવિક વાત છે કે જો કોઈનું મૃત્યુ થઈ જાય તો ઘરવાળો સબર કરી લે છે, પણ જો કોઈ લાપતા થઈ જાય તો ઉમરભર એની પ્રતિક્ષામાં રહે છે. માનવતાના વિરુદ્ધ આનાથી વધુ ગુનોહ શું છે ?! આ લાપતા કરી દેવાનું કામ કોઈ મુસ્લિમ અધિકારી અથવા નેતા નથી કરી શક્તો, એ માત્ર યહૂદી શાસક જ મુસલમાન સાથે કરશે.

સઊદી અરબની જેલોમાં કેદીઓને હમેશાં અંધારામાં રાખવામાં આવે છે અને એમને એક કાણામાંથી એટલુ ભોજન આપવામાં આવે છે જેથી એ જીવિત રહે, એ કેદીઓને એવી ખબર નથી પડતી કે રાત ક્યારે થઈ અને દિવસ ક્યારે થયો ! જો વર્તમાન સઊદી શાસકો મુસલમાન હોતા તો આ રીતે અત્યાચાર ન કરતા, આ અત્યાચારોથી સાબિત થાય છે કે આ બધા સત્તાધારીઓ યહૂદી છે અને મુસલમાનોથી બદલો લઈ રહ્યા છે. એક એજ્યુકેટેડ વ્યક્તિ સઊદી અરબમાં કામ કરવા માટે ગયો એણે મને જણાવ્યું કે જ્યારે સાંજે હું કામથી પરત ઘર તરફ આવુ છું ત્યારે રસ્તામાં અરબી છોકરાઓ અમોને વિદેશી સમજીને પથ્થર મારે છે, હું આ ભયથી અંધારુ હોવા છતાંય જંગલોમાં થઈને ઘરે પહોંચું છું જ્યાં જાનવરોના હુમલાનો ખતરો રહે છે. જો આ બાળકોના વાલીઓથી શિકાયત કરવામાં આવે છે તો એના પર કોઈ ધ્યાન નથી આપતા, આ બાળકો માર્ગમાં રમી રહ્યા હોય અને જો કોઈ કારવાળો આવી હોર્ન વગાડે તો બાળકો પથ્થર મારી કારના કાચ ફોડી નાખે છે જેથી એને કાર બ્રેક કરી રસ્તો બદલવો પડે છે.

એક વ્યક્તિ પાયલોટની ટ્રેનિંગ લઈ રહ્યો છે, ટ્રેનિંગ ગાળા દરમ્યાન એને પાયલોટનો પૂરેપૂરો પગાર મળે છે પણ ટ્રેનિંગની કોઈ મુદ્દત નિશ્ચિત નથી

હોતી, એ સંપૂર્ણ ઉમર ટ્રેનિંગમાં જ પસાર કરી દે છે અને રિટાયર્ડ થઈ જાય છે. લગભગ બધા સઊદી અફસરોમાં એ જોવામાં આવ્યું છે કે સઊદી શહેરી સરકારી નોકરી તો કરે જ પણ ન કામ કરવાનુ જાણે છે અને ન ડયૂટી આપે છે, એની નોકરી માત્ર સહી અને પગાર વસૂલ કરવા માટે હોય છે. એક વ્યક્તિ કહે છે કે અમોને ઈઝરાઈલનો કોઈ ભય નથી, અમારી પાસે પૈસા છે અને અમેરિકાથી એટમ બોમ્બ ખરીદી ઈઝરાઈલ પર મારી દઈશું !

વાચંકો ! જયારે તમે ત્યાંના સ્થાનિક બહારના એજ્યુકેટેડ લોકોથી જાણકારી પ્રાપ્ત કરશો તો ખબર પડે કે સંપૂર્ણ પ્રજા પાગલોના ખાનામાં આવે છે ! એવું લાગે છે કે પોતાને અરબી અને બીજાઓને અજમી (ગુંગા) સમજવાવાળા આ લોકો બિલકુલ બુદ્ધિથી ખાલી છે, કોઈ ન કોઈ કાવતરુ જરૂર છે જે સઊદી નાગરિકોની દિમાગી લાયકાતોને દિવસે દિવસે ઓછી કરી રહ્યું છે, ખાવા પીવાની વસ્તુમાં કોઈ ન કોઈ એવી વસ્તુ જરૂર મિલાવવામાં આવે છે જેનાથી સઊદી પ્રજાની બુદ્ધિ ધીરે ધીરે ઓછી થતી જાય છે. જયારે આખા સઊદી અરબમાં છુપાયેલા આ મુસ્લિમ કહેવાતા યહૂદીઓનો કબ્જો સંપૂર્ણ થઈ જશે અને એઓ ખુલ્લમ ખુલ્લા પોતાને યહૂદી જાહેર કરશે ત્યારે આ જાનવર સમા સઊદી વહાબી પ્રજાને એમની ગુલામીમાં લગાડી દેશે.

અલ્લાહ તઆલા યહૂદીઓનાં નાપાક કાવતરાઓથી મુસલમાનોને બચાવે. *(કન્ઝુલ ઈમાન–દિલ્હી, એપ્રિલ–૨૦૧૪)*

## શબે મેઅરાજના નવાફિલ

(કાર્યાલય)

**૧૨ રકાત** : (બે–બે કરીને) દરેક રકાતમાં **અલ્હમ્દુ** પછી પાંચવાર **કુલ્ હુવલ્લાહ.** ૧૨ રકાત પઢયા બાદ ૧૦૦ વાર કલ્મએ તમજીદ, ૧૦૦ વાર ઈસ્તિગફાર, ૧૦૦ વાર દુરૂદ શરીફ.

**ફઝીલત** : જે દુઆ કરે ઈન્શાઅલ્લાહુ તઆલા ક઼બૂલ થશે.

**૬ રકાત** : (બે–બે કરીને) દરેક રકાતમાં **અલ્હમ્દુ** પછી ૭ વાર **કુલ્ હુવલ્લાહ** પઢે. છ રકાત પઢયા બાદ ૫૦ વાર દુરૂદ શરીફ પઢે. **ફઝીલત** : તમામ દીની તથા દુનિયવી હાજતો પૂરી થશે અને ૭૦ હજાર ગુનાહ માફ થશે.

**૨ રકાત** : દરેક રકાતમાં **અલ્હમ્દુ** પછી ૨૭ વાર **કુલ્ હુવલ્લાહ** પઢે અને ક઼ાઈદામાં અત્તહિય્યાત પછી ૨૭ વાર દુરૂદે ઈબ્રાહીમ પઢે. સલામ બાદ તેનો હદિયો હુઝૂર ﷺની બારગાહમાં પેશ કરવાની સઆદત હાંસલ કરે. ખૂબ ભલાઈઓ પામશે.

**૨ રકાત** : પ્રથમ રકાત **અલ્હમ્દુ** પછી **સૂરએ અલમનશ્રહ,** બીજી રકાતમાં **અલ્હમ્દુ** પછી **લિઈલાફ** પઢે.

**ફઝીલત** : આ નમાઝ પઢવાથી ઔલિયાની સાથે નમાઝ પઢવાનો સવાબ મળે છે.

**૧૦ રકાત** : (બે–બે કરીને) દરેક રકાતમાં **અલ્હમ્દુ** પછી ત્રણવાર **સૂરએ કાફિરૂન**, બે વાર **કુલ્ હુવલ્લાહ** પઢે. દસ રકાત પછી એકવાર કલ્મએ તૌહીદ પઢે પછી આ દુઆ પઢે :–

**اَللّٰھُمَّ صَلِّ عَلٰی سَیِّدِنَا مُحَمَّدٍ وَّعَلٰٓی اٰلِہٖ لِلطَّاھِرِیْنَ**

**وَلَا حَوْلَ وَلَا قُوَّۃَ اِلَّا بِاللّٰہِ الْعَلِیِّ الْعَظِیْمِ۔**

*(અલ્લાહુમ્મ સલ્લિ અલા સૈયિદિના મુહમ્મદિંવ્ વઅલા આલિહિ ત્તાહિરીન વલા હૌલ વલા કુવ્વત ઈલ્લા બિલ્લાહિલ્ અલિય્યિલ અઝીમ.)*

**ફઝીલત** : અલ્લાહ તઆલા દરેક રકાતને બદલે ૧૦૦૦ રકાતનો સવાબ અતા કરશે.

**ગુસ્લની ફઝીલત** : હુઝૂર ﷺએ ઈર્શાદ ફર્માવ્યો, જે કોઈ રજબની પહેલી, પંદરમી અને સત્તાવીસમીએ ગુસ્લ કરશે તો તે ગુનાહોથી એવો પાક થઈ જશે, જાણે કે આજે જ પેદા થયો હોય.

**રોઝાની ફઝીલત** : જે કોઈ ૨૭ મી રજબે રોઝો રાખે તેને જન્નતની એક નહેરથી પાણી પીવડાવવામાં આવશે જે મધથી અધિક મીઠુ, બરફથી અધિક ઠંડુ અને દૂધથી અધિક સફેદ હશે. અને અલ્લાહ તઆલા તેને દોઝખની આગથી બચાવી લેશે અને તેને જન્નતથી સરફરાઝ ફર્માવશે.

*(મુસ્લિમ ટાઈમ્સ ઉર્દૂ અઠવાડિક–મુંબઈ, ૬ થી ૧૨ ઓગસ્ટ–૨૦૦૭)*

# ૨૧મા ફિક્હી સેમીનારના ફેંસલા

## વર્તમાનકાળના મહત્વના મસાઈલના ફેંસલાઓ

રજૂકર્તા : **હઝરત અલ્લામા મુફ્તી મુહમ્મદ નિઝામુદીન રઝવી** *(સદર મુફ્તી અશરફિયા–મુબારકપુર)*

અનુવાદક : **મૌલાના ગુલામયાસીન નૂરાની મિસ્બાહી** *(સદર મુદર્રિસીન : દારુલ ઉલૂમ બરકાતે ખ્વાજા–આમોદ)*

[બીજી, ત્રીજી તથા ચોથી બેઠક (૧૫, ૧૬ સફર, હિ.સ. ૧૪૩૫, ૧૯, ૨૦, ડિસેમ્બર–૨૦૧૩, ગુરૂવાર (રાત્રે), જુમ્આના દિવસે, જુમ્આની રાત્રે]

**વિષય : આધુનિક શોધોમાં કુર્આને કરીમ લોડ કરવા તથા તેને સ્પર્શવા વગેરેના એહકામ**

**ફેંસલાઓનો ખુલાસો** : મોબાઈલ, સીડી, મોમ્પ્યુટર, લેપટોપ, ટેબલેટ, આઈપેડ વગેરેમાં કુર્આને પાક એક વિશેષ પ્રકારના ચિન્હો તથા છિદ્રોના રૂપમાં સેવ (સુરક્ષિત) થાય છે. અને તેને જ આ ઉપરોક્ત આધુનિક વસ્તુઓ દ્વારા સાંભળવામાં આવે છે અથવા સ્ક્રીન ઉપર જોઈ શકાય છે. તો તે હક઼ીક઼તમાં કુર્આન શરીફ જ છે.

પરંતું આધુનિક શોધો (જેમ કે મોબાઈલ વગેરે)ના જે પાર્ટમાં (ભાગ)માં કુર્આન શરીફ સુરક્ષિત (સેવ) હોય છે, તેના ઉપર પ્લાસ્ટીકનું કવચ (કવર) ચડાવેલું હોય છે જેથી તેને વુઝૂ વગર અડકી શકાય છે.

એ જ પ્રમાણે ઉપરોક્ત ચિન્હો જ્યારે સ્ક્રીન ઉપર અરબી લિપિના રૂપમાં પ્રગટ થાય તો તેના સ્ક્રીન ઉપર વિના વુઝૂએ હાથ મૂકવો જાઈઝ છે. કેમ કે આ સ્ક્રીન (કાચ) અરબી લિપિ તથા તેને પ્રકટ કરનાર કાચની ઉપર ગિલાફની (કવચની) જેમ છે. હા ! અદબના લેહાઝથી બેહતર એ છે કે તેને પણ વિના વુઝૂએ ન અડકે.

ફિલ્મી ગીતો તથા તસ્વીરો (ફોટાઓ) વગેરેની સાથે કુર્આને પાક અપલોડ કરવું બેઅદબી છે, જેથી તેનાથી બચવું. જાઈઝ મક઼સદ માટે મેમરીમાં સેવ કુર્આનેપાકને ડિલિટ (Delete) કરવું જાઈઝ છે. જુનુબી (જેના ઉપર ગુસલ ફર્ઝ હોય) તથા બેવુઝૂ વ્યક્તિ માટે કુર્આન કમ્પોઝ કરવું જાઈઝ છે.

**૧.** આ વિષયથી સંબંધિત પહેલો સવાલ એ ચર્ચા હેઠળ ઉઠયો કે મોબાઈલ, સીડી, કોમ્પ્યુટર, લેપટોપ, ટેબલેટ, આઈફોન વગેરેમાં કુર્આને પાક કોઈપણ સ્વરૂપમાં સેવ હોય તે કુર્આન છે કે નહીં ?

આ સવાલના જવાબમાં અમુક ઓલમાએ કિરામનું મંતવ્ય એ હતું કે જે સેવ કરવામાં આવ્યું છે તે કલામે ઈલાહી એટલે કે કુર્આને પાક નથી. તેમની દલીલ એ હતી કે કુર્આન પાક ખાલિસ અરબી ભાષામાં નાઝિલ થયું છે. જેમ કે આયતો તથા હદીષો દ્વારા સાબિત છે. અને આ સાધનોમાં (મોબાઈલ વગેરેમાં) જે કાંઈ સેવ થાય છે તે તેની બાઈનરી ભાષા એટલે કે ૧.૦ના આકારમાં થાય છે. આ ઘણા ક઼લમકારો તથા લેખકોએ કોમ્પ્યુટરના પરિચયમાં લખ્યું છે. જેનાથી જાણવા મળ્યું કે કોમ્પ્યુટરમાં ૧.૦નો આકાર બને છે. અને સ્પષ્ટ છે ૧.૦ અરબી લિપિ નથી જેથી તેને કુર્આન ન કહી શકાય.

પરંતું કોમ્પ્યુટર સાઈન્સના નિષ્ણાતો થકી તેહક઼ીક઼ કર્યા બાદ એ હક઼ીક઼ત સામે આવી કે આ સાધનોમાં (મોબાઈલ વગેરેમાં) ૧.૦નો આકાર સેવ નથી થતો બલ્કે દરેક પ્રકારનો અવાજ તથા શબ્દો એક વિશેષ

પ્રકારના ચિન્હો તથા છિદ્રોના રૂપમાં સેવ થાય છે. તે છિદ્રોમાં અમુક મોટા અમુક નાના (અલગ અલગ પ્રકારના) હોય છે. જ્યારે મશીન ચાલુ કરવામાં આવે છે તો તે છિદ્રોમાંથી લાઈટ (પ્રકાશ) પસાર થાય છે અને સેવ કરેલ અવાજો (ધ્વની) તથા શબ્દો નીકળે છે. તેમાં નાના છિદ્રોને ૦થી સંબોધવામાં આવે છે અને મોટા છિદ્રોને ૧ કહેવામાં આવે છે. આપણે પોતાની આંખો દ્વારા છિદ્રોની આ વિવિધતાને નથી અનુભવી શકતા પરંતુ જ્યારે તેમાંથી લાઈટ પસાર કરવામાં આવે તો તે અનુભવ પામે છે.

આથી સ્પષ્ટ થઈ ગયું કે આ સાધનો (મોબાઈલ વગેરે)માં સેવ સામગ્રીની એ જ સ્થિતિ છે જે પહેલાના જમાનામાં ફોનોગ્રાફની પ્લેટોમાં સેવ (સુરક્ષિત) સામગ્રીની હતી. જે રીતે આ પ્લેટોમાં કુર્આન કરીમની કિ઼ર્અત વગેરેને સેવ તથા લોડ કરવામાં આવે તો એક વિશેષ પ્રકારનાં ચિન્હો બનતા હતા અને જ્યારે બીજીવાર તેને સાંભળવામાં આવતું તો તે જ કિ઼ર્અત સંભળાતી (જે અંદર લોડ કરવામાં આવી હતી.) એ જ પ્રમાણે આધુનિક યુગમાં મોબાઈલ વગેરે સાધનોમાં જ્યારે કુર્આનેપાક લખાણ દ્વારા અથવા કિ઼ર્અત દ્વારા સેવ કરવામાં આવે તો વિશેષ પ્રકારનાં ચિન્હો તથા છિદ્રો બને છે. અને જ્યારે આપણે તેને જોવા તથા સાંભળવા માગીએ છીએ તો બિલ્કુલ તે જ દેખાય તથા સંભળાય છે. (જે સેવ કરવામાં આવ્યું છે.) જેથી જાણવા મળ્યું કે આપણે જે કાંઈક આ સાધનમાં સેવ કર્યું હતું તે જ તેમાં સેવ છે. એટલા માટે આ વાત પર બધાની સંમતિ થઈ ગઈ કે આ આધુનિક સાધનોમાં કુર્આને પાક જે સ્વરૂપમાં પણ સેવ થાય છે તે હકી઼કતમાં કલામે ઈલાહી એટલે કુર્આને પાક જ છે. તેનું ઉદાહરણ હાફિઝના સીનામાં અથવા ફોનોગ્રાફમાં સુરક્ષિત કુર્આનપાક છે.

મુજદ્દિદે આ'ઝમ આ'લા હઝરત ઈમામ અહમદ રઝા قدس سرہ પોતાના રિસાલા ''અલ્ કશ્ફુ શાફિયા''માં ફર્માવે છે : ''જે પ્રમાણે કાગળ ઉપર લખેલી લિપિમાં તે જ કુર્આને કરીમ છે એ જ પ્રમાણે ફોનોગ્રાફમાં જ્યારે કોઈ કા઼રીની કિ઼ર્અત ભરવામાં (લોડ કરવામાં) આવે અને શબ્દોના ચિન્હો જે આ સાધનમાં (ફોનોગ્રાફમાં) બન્યા છે તેમાં પણ એ જ કલામે અઝીમ લખાયેલ છે. અને જે પ્રમાણે કા઼રીની ઝબાનથી જે અદા થયું તે કુર્આન જ હતું એ જ રીતે હવે જે આ સાધન (ફોનોગ્રાફ)થી અદા થશે તે કુર્આન જ હશે. અને જે રીતે આ સાધનથી જો હઝરત શૈખ સઅદી قدس سرہની કોઈ ગઝલ અદા કરવામાં (પઢવામાં આવે) તો કોઈ નથી કહી શકતું કે આ તે ગઝલ નથી અથવા હઝરત શૈખ સઅદીનું ક઼લામ નથી, એ જ રીતે જ્યારે તેના દ્વારા (ફોનોગ્રાફ દ્વારા) કોઈ આયતે કરીમા અદા કરવામાં આવે તો કોઈ શંકા નથી કરી શકતો કે તે આયત અદા ન થઈ. જરૂર અદા થઈ અને એ રીતે જ અદા થઈ જે અસલ કા઼રીની ઝબાન તથા તેના ગળાથી પેદા થઈ હતી'' *(અલ્ કશ્ફુ શાફિયા હુકમો ફોનોગ્રાફિયા)*

**૨.** બીજો સવાલ એ ચર્ચા હેઠળ આવ્યો કે મેમોરી કાર્ડ, સીડી, ડીવીડી અથવા કોમ્પ્યુટરની હાર્ડ ડિસ્ક વગેરેમાં કુર્આને પાક લોડ હોય તો આ સ્થિતિમાં તે સાધનોને કોઈ આડ વિના, વગર વુઝૂએ અડકવું જાઈઝ છે કે નહીં ?

આ સવાલના જવાબમાં ગૌરો ફિકર અને ચર્ચા તથા બહસો કર્યા બાદ એ નક્કી થયું કે આ શોધોના (મેમોરી કાર્ડ વગેરેના) જે ભાગમાં કુર્આને પાક લોડ તથા સુરક્ષિત થાય છે તે (ભાગ) અડકી ન શકાય એવો હોય છે. કેમ કે તેના ઉપર પ્લાસ્ટીકનું કવચ લાગેલું હોય છે અને તે કવચની સાથે જ તેનો ઉપયોગ થાય છે. એટલા માટે ઉપરોક્ત સાધનોને વુઝૂ વિના અડકવું જાઈઝ છે કેમ કે તે હકી઼કતમાં કુર્આનને અડકવું નથી. વલ્લાહુ તઆલા અઅ્લમ.

**૩.** ત્રીજો સવાલ એ ચર્ચા હેઠળ આવ્યો કે કોમ્પ્યુટર અથવા મોબાઈલ વગેરે આધુનિક શોધોની સ્ક્રીન ઉપર કુર્આને પાક અરબી લિપિના રૂપમાં પ્રકટ થાય તો આ સ્થિતિમાં તે સાધનોને (મોબાઈલ વગેરેને) અથવા તેની સ્ક્રીનને આડ વગર વિના વુઝૂએ અડકવું કેવું છે ?

આ સવાલના જવાબમાં તમામ હાજર ઓલમાની

સંમતિથી એ નક્કી થયું કે ઉપરોક્ત સ્થિતિમાં ખૂદ તે સાધનોને (મોબાઈલ વગેરેને) અથવા તેની સ્ક્રીનને કોઈ આડ વિના વગર વુઝૂએ અડકવું જાઈઝ છે. કેમ કે આ આધુનિક શોધો (મોબાઈલ વગેરે)ની સ્ક્રીનની સાથે એક કાચ હોય છે. જે લોડ કરેલ વસ્તુને જાહેર (પ્રકટ) કરવામાં મદદરૂપ થાય છે. અને તેના ઉપર એક બીજો કાચ (સ્ક્રીન) હોય છે. જે અસલ સ્ક્રીનની સુરક્ષા માટે લગાડવામાં આવે છે અને આ ઉપર વળી સ્ક્રીન (કાચ) અસલ સ્ક્રીનથી અલગ હોય છે અને લોડ કરેલ વસ્તુને જાહેર કરવામાં તેનો કોઈ રોલ હોતો નથી. એટલા માટે આ ગિલાફ તથા જુઝદાનની જેમ છે. અને ગિલાફ અથવા જુઝદાનની સાથે કુર્આને કરીમને અડકવું જાઈઝ છે. જેમ કે રદુલ મુહતાર તથા હિદાયાની શરહે ઈનાયામાં છે.

**ખુલાસો** : જેના ઉપર ગુસ્લ વાજિબ હોય તથા બેવુઝૂ વ્યક્તિએ કુર્આન અડકવું જાઈઝ નથી. પરંતું ગિલાફ (જે કુર્આનથી અલગ હોય) તેની સાથે કુર્આન અડકી શકાય છે. અને તેના ઉપર જ ફતવો અપાય છે. *(કિતાબુત્તહારત)*

આ અસલ (મૂળ) હુકમ છે. પરંતું અદબનો તકાઝો એ છે કે બેહતર છે કે તેને (મોબાઈલ વગેરેને) પણ બેવુઝૂ ન અડકે. વલ્લાહુ તઆલા અઅ્લમ.

**૪.** ચોથો સવાલ એ ચર્ચામાં આવ્યો કે આ આધુનિક શોધોની મેમોરીમાં ગઝલો, ફિલ્મી ગીતો, કોમેડી ક્લિપો, લતીફાઓ, નાટકો તથા જાનદારની તસ્વીરો (ફોટાઓ વગેરે) લોડ હોય તો તેમાં કુર્આને પાક અથવા તેની અમુક સૂરતોને લોડ કરવી જાઈઝ છે કે અદબ વિરુદ્ધ હોવાના કારણે મનાઈ તથા નાજાઈઝ છે ?

આ સવાલના જવાબમાં એ નક્કી થયું કે આ સ્થિતિમાં કુર્આને પાકને લોડ કરવું બેઅદબી છે જેથી તેનાથી બચવું જોઈએ.

તેનું ઉદાહરણ ફોનોગ્રાફની પ્લેટોના એક ભાગમાં કુર્આને મુકદસ અને બીજા ભાગમાં ગીતો તથા મ્યુઝિક વગેરે લોડ કરવાનો મસ્અલો છે. જેના સંબંધમાં ફક઼ીહે ઈસ્લામ આ'લા હઝરત ઈમામ અહમદ રઝા قدس سرہ ફર્માવે છે : "અને જો ભરનારે (લોડ કરનારે) એક જ રિકાટના એક ભાગમાં અમુક કુર્આની આયતો અથવા હમ્દ, નઅત શરીફના અશ્આર અને બીજી બાજુ ખુરાફાતો ભરી (લોડ કરી) છે તો તે બેઅદબી તથા બે વિરોધાભાસ ધરાવતી વસ્તુઓને એક કરવી (ભેગી કરવી) છે. *(અલ્ કશ્ફુ શાફિયા, ફતાવા રઝવિય્યહ, ભાગ–૯, રઝા એકેડમી)*

**૫.** પાંચમો મસ્અલો એ ચર્ચામાં આવ્યો કે આ આધુનિક શોધોમાં કુર્આને પાક અપલોડ હોય તો તેને મિટાવવું (Delete કરવું) જાઈઝ છે કે નહીં ?

આ મસ્અલામાં હાજર ઓલમાએ કિરામની એ વાત ઉપર સહમતિ થઈ કે જાઈઝ મક઼સદ માટે આ શોધો (મોબાઈલ મેમોરી વગેરે)માંથી કુર્આને કરીમને ડિલિટ કરવું જાઈઝ છે, જેમ કે કોઈ (જાઈઝ) વસ્તુ લોડ કરવી હોય અને મેમોરીમાં જગ્યા ન હોય તો કુર્આને પાકને ડિલિટ કરી બીજી જાઈઝ વસ્તુ અપલોડ કરી શકાય છે.

**દલીલો** : ફતાવા આલમગીરીમાં છે : "અને જો ભૂસી નાખે એ તખ્તીને જેમાં કુર્આને પાક લખ્યું હોય અને તે તખ્તીને દુનિયવી કામમાં ઉપયોગ કરવો હોય તો તે જાઈઝ છે." *(૩૨૨/૫)*

અલ્ બહરુર્રાઈક઼માં છે : "જે તખ્તીમાં કુર્આને પાક લખ્યું હોય તેને દુનિયવી કામ માટે ઉપયોગમાં લેવી હોય તો તેને ભૂસી નાખવું જાઈઝ છે. *(કન્ઝુદક઼ાઈક઼ની શરહ અલ્ બહરૂર્રાઈક઼, હૈઝના પ્રકરણમાં)*

**૬.** છઠ્ઠો સવાલ એ હતો કે જુનુબી (જેના ઉપર ગુસ્લ ફર્ઝ હોય) તથા બેવુઝૂ વ્યક્તિનું કુર્આને પાક કમ્પોઝ કરવું જાઈઝ છે કે નહીં ?

તેના જવાબમાં તમામ ઓલમાની એ વાત પર સહમતિ થઈ કે બંનેનું (જુનુબી તથા બેવુઝૂનું) કુર્આને કરીમ કમ્પોઝ કરવું જાઈઝ છે. કેમ કે આ આધુનિક શોધોમાં કમ્પોઝિટરનું કામ માત્ર બટન (Key) દબાવીને ઈશારો કરવાનું હોય છે અને અસલ (મૂળ

) લખવાનું કામ તો પોતે તે સાધનો (કોમ્પ્યુટર, મોબાઈલ વગેરે) કરે છે. અને કમ્પોઝરની આંગળી સીધી કી બોર્ડ (Key Board)થી ટચ થાય છે. અને તેના પર (કી બોર્ડ પર) કોઈ એવી વસ્તુ નથી લખી હોતી જેને અડકવા માટે વુઝૂની જરૂરત હોય. બીજુ એ કે કમ્પોઝિંગ એક એક શબ્દની હોય છે. અને તે કુર્આન નથી. ત્રીજુ એ કે કમ્પોઝ કરવામાં કુર્આની આયતો પર હાથ નથી પડતો અને ન તો તે લખાણને અડકવાનો કોઈ મામલો હોય છે. આ મસ્અલાના પુરાવાઓમાં નિમ્ન લિખિત કિતાબોમાંના મસ્અલાઓ દ્વારા દલીલ કરી શકાય છે. *(જૌહરા નિયરા, હાશિયતુત્તહાવી, બદાએઉસ્સનાઈઅ્, દુર્રે મુખ્તાર, રદ્દુલ મુહતાર)*

જેનો ખુલાસો એ છે કે જો કાગળ જમીન ઉપર અથવા કોઈ વસ્તુ ઉપર રાખ્યો હોય અથવા રાખવામાં આવ્યો હોય અને કોઈ જુનુબી (ગુસ્લ ફર્ઝ હોય તેવી વ્યક્તિ) તે કાગળ ઉપર કુર્આન લખવા ચાહતો હોય અથવા કોઈ આયત લખવા ચાહતો હોય તો હઝરત ઈમામ અબૂ યુસૂફ رضی اللہ عنہના નજીક કોઈ વાંધો નથી, લખી શકે છે. કેમ કે તેણે કાગળ હાથમાં પકડયો નથી. અને બીજુ કે લખાણ એક એક શબ્દ કરીને લખશે જે કુર્આન નથી. એટલા માટે જુનુબી માટે કાગળ પકડયા વિના કાગળ પર કુર્આન લખવું જાઈઝ છે. અને ઈમામ મુહમ્મદ رحمۃ اللہ علیہ ફર્માવે છે કે હું પસંદ કરું છું કે આવી વ્યક્તિ (ગુસ્લ ફર્ઝ હોય જેની ઉપર) કુર્આન ન લખે.

ઉપરોક્ત હુકમ તો કુર્આને પાકને અડકયા વિના તેને કમ્પોઝ કરવાનો છે. પરંતું સામાન્ય રીતે કમ્પોઝિટર કુર્આનમાં અથવા કુર્આનનાં પાનાઓ (પેજો)માં અથવા લેખોમાં (જેમાં આયતો હોય) જોઈને કમ્પોઝ કરતા હોય છે. જો આ રીતે કમ્પોઝિંગ કરવામાં કુર્આન અથવા તેના પેજો અથવા લેખમાં લખેલી આયતોની સાથે તેનો હાથ ટચ થાય (સ્પર્શે) તો તેના માટે ગુસ્લ તથા વુઝૂ જરૂરી છે. કેમ કે જુનુબી તથા બેવુઝૂનું કોઈ આડ વિના તેને અડકવું જાઈઝ નથી. એ જ પ્રમાણે અમુક કમ્પોઝિટરો ઝબાનથી એક એક વાક્ય બોલી બોલીને કમ્પોઝ કરતા હોય છે, ભલે ને તે કુર્આનની આયત કેમ ન હોય. જનાબતની સ્થિતિમાં (ગુસ્લ ફર્ઝ હોય તેવી સ્થિતિમાં) એ પણ જાઈઝ નથી જેથી તેનાથી બચવું જરૂરી છે. વલ્લાહુ તઆલા અઅ્લમ

:: પાંચમી બેઠક ::
[૧૭, સફર હિ.સ. ૧૪૩૫, તા. ૨૧ ડિસેમ્બર–૨૦૧૩, શનિવાર સવારમાં]

## વિષય : લાંચથી ખદબદી રહેલા માહોલમાં હુકૂકુલ્ ઈબાદની સુરક્ષા

**(લાંચ, રિશ્વતની ગંદકીથી કલંકિત પરિસ્થિતિમાં માનવ અધિકારની સુરક્ષા)**

### :: ફૈસલાનો ખુલાસો ::

બીજાનો હક્ક઼ (અધિકાર) દબાવવાના હેતુથી હાકિમ, અમલદાર વગેરેને જે માલ (રકમ) આપવામાં આવે તે લાંચ છે.

આ જ રીતે પોતાનું કામ બનાવવા માટે રકમ અથવા માલ આપવામાં આવે અને તેનો મક઼સદ (હેતુ) કોઈ નુકસાન અથવા જુલ્મ (અત્યાચાર)ને દૂર કરવાનો (નાબૂદ કરવાનો) ન હોય તો તે પણ લાંચ છે.

અને જો પોતાનું કામ બનાવવાની સાથે સાથે જુલ્મ, અત્યાચાર તથા નુકસાનને દૂર કરવાનો પણ મક઼સદ હોય તો એવો માલ આપનારના હક્ક઼માં (આપનાર માટે) લાંચ નથી કેમ કે તે (વ્યક્તિ) જુલ્મ, અત્યાચાર તથા નુકસાનથી બચવા માટે મજબૂર છે, પરંતું લેનારના હક્ક઼માં (લેનાર માટે) હજુ પણ તે લાંચ (નો માલ) છે.

જે માલ અથવા રકમ રિશ્વત તથા લાંચ (રૂપે મેળવવામાં આવે) છે તેને આપવું પણ હરામ તથા ગુનોહ છે અને લેવું પણ હરામ તથા ગુનોહ છે.

જો પોતાનું કામ બનાવવા (પાર પાડવા) માટે કોઈ વ્યક્તિનો સહારો લેવો પડે તો તે વ્યક્તિને અજીર બનાવે (એટલે કે ભાડેથી નક્કી કરે) અને તેના કામનું

નક્કી કરેલ ભાડુ આપે.

ઈસ્લામની દષ્ટિએ રિશ્વત, લાંચ લેવી તથા આપવી હરામ તથા ગુનોહ છે. તેના વિશે અહાદિષે કરીમામાં સખત વઈદો (ધમકીઓ) આવી છે. હુઝૂર ﷺએ ફર્માવ્યું, "રિશ્વત લેનાર તથા રિશ્વત આપનાર બંને જહન્નમમાં છે." *(તિબ્રાની)*

તિર્મિઝીમાં છે : "ફૈંસલો કરવામાં રિશ્વત (લાંચ) લેનાર તથા રિશ્વત આપનાર ઉપર અલ્લાહની લઅનત છે." *(૧૫૯/૧)* (એટલે કે બંને અલ્લાહની રહમતથી દૂર છે.)

કાનૂની તથા કાયદાકીય રીતે પણ લાંચ એક મોટો અપરાધ છે. પરંતું તેનું હરામ હોવા છતાં, ગુનાહિત કાર્ય હોવા છતાં સરકારી કચેરીમાં ઓફિસમાં નાનાં મોટાં કામો માટે લાંચ લેવાની એક હોડ લાગી છે તથા પરંપરા ચાલી નીકળી છે. સરકારી કર્મચારીઓ સામાન્ય રીતે રિશ્વત, લાંચ લીધા વિના કોઈ કામ કરતા નથી. જો રિશ્વત, લાંચ ન આપવામાં આવે તો કેટલાયે દીની, ધાર્મિક, કોમી, સામાજિક, આર્થિક, શૈક્ષણિક કામો ખૂણા ખાંચરામાં જ પડેલાં રહી જાય છે. આવી જ કુપરિસ્થિતિથી લાચાર, મજબૂર એક વ્યક્તિએ દારુલ ઈફતામાં (ફત્વા વિભાગમાં) રજૂઆત કરી. તો આ મસ્અલો મજલિસે શરઈ (મુબારકપુર)ના એકવીસમાં ફિક્હી સેમીનારમાં ચર્ચા હેઠળ લાવવામાં આવ્યો.

આ વિષયમાં પહેલો સવાલ એ કરવામાં આવ્યો કે લાંચ "રિશ્વત"ની વ્યાખ્યા શું છે ?

તેના જવાબમાં હાજર ઓલમાએ કિરામે એ વાત પર સંમતિ દર્શાવી કે ફકીહે બેમિષાલ આ'લા હઝરત ઈમામ અહમદ રઝા قدس سرهએ જે વ્યાખ્યા કરી છે તે પરિપૂર્ણ છે. તે વ્યાખ્યા ફતાવા રઝવિય્યહમાં આ પ્રમાણે છે : "જે (માલ, રકમ) પરાયો હક્ક દબાવવા માટે આપવામાં આવે (તે) રિશ્વત છે. એ જ રીતે જે પોતાનું કામ બનાવવા માટે હાકેમ (અમલદાર)ને આપવામાં આવે તે (પણ) રિશ્વત છે. પરંતું પોતાના ઉપરથી જુલ્મ (અત્યાચાર)ને દૂર કરવાના હેતુથી જે કાંઈક પણ આપવામાં આવે તે આપનારના હક્કમાં રિશ્વત નથી, તે આપી શકે છે. પરંતું લેનારના હક્કમાં (માટે) તે પણ રિશ્વત છે અને તેને લેવું હરામ છે." *(ફતાવા રઝવિય્યહ, ૯/૩૦૦)*

આનાથી મલતી જુલતી વ્યાખ્યા અલ્લામા શામી رحمة الله عليه રદુલ મુહતારમાં ફર્માવે છે : "હાકેમ તથા અન્ય (અમલદાર)ને જે કાંઈક આપે એ મકસદથી કે તેના પક્ષમાં ફૈંસલો કરે અથવા મરજી મુજબ કામ કરે તે લાંચ છે." *(રદુલ મુહતાર, ૩૪/૮)*

કિતાબુત્તારીફાતમાં છે : "હક્કને બાતિલ કરવા માટે અથવા બાતિલને હક્ક (સાબિત) કરવા માટે જે કાંઈ આપવામાં આવે તે લાંચ છે." *(પેજ-૧૧૧, મિર્કાતુલ મફાતીહ, ૨૪૮/૭)*

**સવાલ** : આપણા ફકીહ ઈમામોએ કઈ કઈ સ્થિતિમાં કાંઈક આપીને કામ કરાવવાની ઈજાઝત આપી છે ?

**જવાબ** : જે હક્કો (અધિકારો) તાકીદી અધિકારો છે જેમ કે કર્મચારીનો પગાર વગેરે, જો આ હક્કો (તાકીદી અધિકારો) કાંઈક આપ્યા વિના ન મળતા હોય તો આપવાની ઈજાઝત છે, કેમ કે આ (સ્થિતિમાં) આપવું જુલ્મ તથા નુકસાનને દૂર કરવા માટે છે. પરંતું લેવું કોઈપણ સ્થિતિ હરામ, ગુનોહ તથા અપરાધ છે. એ જ પ્રમાણે આપણા હક્કદાર હોવાના આધારે જે અધિકારો અમલદાર તથા હાકેમની જવાબદારીમાં છે, જેમ કે નોકરી પ્રાપ્ત કરવા માટે પરીક્ષામાં અથવા ઈન્ટરવ્યુમાં કામયાબ થયા બાદ નોકરીનું હક્કદાર હોવું. જો હક્કદાર હોવા છતાં હાકેમ અથવા અમલદાર (ઓફિસર) કાંઈક લીધા વગર નોકરી નથી આપતો તો તે હક્કદાર સાથે અન્યાય (અત્યાચાર) છે જેને દૂર કરવા માટે કાંઈક દેવું જાઈઝ છે. (પણ લેવું જાઈઝ નથી.)

રદુલ મુહતારમાં છે : "જાલિમ હાકેમને પોતાની ઉપર અથવા પોતાના માલ ઉપર જુલ્મ (અત્યાચાર) દૂર કરવાના હેતુથી માલ આપવો તથા પોતાનો હક્ક (અધિકાર) મેળવવા માટે (માલ આપવો) લાંચ નથી.

એટલે કે આપનાર માટે લાંચ નથી. *(૨૭૨/૫)*

ફત્હુલ કદીરમાં છે : "રિશ્વતનો ત્રીજો પ્રકાર એ છે કે માલ લેવો એ હેતુથી કે તેનું કામ હાકેમ પાસેથી કરાવી આપે, ભલે ને પછી તે નુકસાન દૂર કરવા માટે હોય કે પછી નફો (ફાયદો) ઉઠાવવા માટે હોય તે હરામ છે લેનાર માટે પરંતું આપનાર માટે નહીં. *(ફત્હુલ કદીર, ૨૩૬/૭)*

**સવાલ** : આજની પરિસ્થિતિઓને સામે રાખીને કોઈ એવી સૂરત (સ્થિતિ) બની શકે છે કે જેના ઉપર અમલ કરીને અવામ ગુનાહથી બચી શકે, અથવા કોઈ જાઈઝ હોવાની સૂરત છે ?

**જવાબ** : એ વાત પર સહમતિ થઈ કે ઈમામ ઈબ્નુલ હમામ عَلَيْهِ الرَّحْمَةُ وَ الرِّضْوَانُ એ કાંઈક આપવાનો જે ત્રીજો અને ચોથો પ્રકાર બયાન કર્યો છે તે જાઈઝ હોવાની સૂરત છે, તે આપનારના હક્કમાં રિશ્વત નથી પરંતું લેનારના હક્કમાં (માટે) કોઈ પ્રકારે રિશ્વત છે અને હરામ છે. જેમ કે આવી પરિસ્થિતિથી લાચાર (મજબૂર) વ્યક્તિનું હાકેમ (અમલદાર)ના નુકસાનથી બચવા માટે વચ્ચેની વ્યક્તિએ માલ લેવો અથવા એવો ફાયદો પ્રાપ્ત કરવા માટે આવવું જેમાં નુકસાન દૂર કરવાનો હેતુ પણ હોય અથવા જાન તથા માલથી ખૌફને દૂર કરવા માટે આપવું.

### ★ જાઈઝ હોવાની એક સૂરત (સ્થિતિ) ★

જે વ્યક્તિ હાકેમ (અમલદાર વગેરે) પાસે જઈને કોઈ જરૂરતમંદનું કામ કરાવતો હોય તેને જાઈઝ રીતે મહેનતનો હક્ક મળી જાય તો રિશ્વતથી બચી શકે છે. તેની સ્થિતિ એ છે કે જરૂરતમંદ વ્યક્તિ કોઈ યોગ્ય વ્યક્તિને કામ કરાવવા માટે ચોક્કસ રકમના ભાડેથી નક્કી કરી લે (એટલે કે તે વ્યક્તિને ભાડે કરી લે) ત્યારબાદ તે વ્યક્તિ હાકેમ અથવા ઓફિસર પાસે જઈને તેનું કામ કરાવી આપે. આ રીતે ભાડા પેટે મહેનતનો હક્ક લેવો તથા આપવો જાઈઝ છે. અને તેને રિશ્વત સાથે કોઈ લેવા દેવા નથી.

ફતાવા અમજદિયામાં છે : "ઝૈદનું જે કામ નોકરી (ડયૂટી)માં સામેલ નથી જો તે કામનું કોઈ ભાડુ લે, જેમ કે એક્કા (ઘોડાગાડી)વાળાથી એવું કહીને કે તમારી ઘોડાગાડી પાસ કરાવી આપીશ અને આ કામ કરવાનું આટલુ ભાડુ લઈશ. અને પાસ કરાવી આપે તો જે ભાડુ નક્કી થયું હોય તે લઈ શકે છે કેમ કે તે તેના કામનો બદલો (ભાડુ) છે અને તેમાં કોઈ વાંધો દેખાતો નથી. (૧૫૬/૪)

એક સવાલ એ થયો કે જે વ્યક્તિ અથવા સંસ્થા, સરકાર અથવા કોઈ પ્રાઈવેટ કંપની તરફથી નક્કી કરેલ શરતો પૂરી ન કરે અને રિશ્વત આપીને પોતાનું કામ કરાવે તો શું હુકમ છે ?

એક હાજર રહેલ આલિમ તરફથી એ સવાલ પણ કરવામાં આવ્યો કે અમુક રાજયોના ઈસ્લામી મદ્રસાઓમાં નવા મુદર્રિસ અથવા કર્મચારીની નિયુક્તિ માટે મેનેજરો અથવા પ્રમુખો મોટી રકમ (માંગે છે) લે છે. અને તે રકમમાંથી કાંઈક તો પોતે હજમ કરી જાય છે અથવા ક્યારેક મદ્રસાના હવાલે કરી આપે છે. (મદ્રસાના ફંડમાં લઈ લે છે) તો તેનો શું હુકમ છે ?

તેના જવાબમાં સર્વ સંમતિથી એ નક્કી થયું કે જે સંસ્થા અથવા વ્યક્તિ સરકાર દ્વારા અથવા પ્રાઈવેટ કંપની દ્વારા નક્કી કરેલ શરતો પૂરી ન કરે તો તેને રિશ્વત આપીને પોતાનું કામ કાઢવવું હરામ તથા ગુનોહ છે. કે આ ધોકો છે અને બાતિલને હક્ક સાબિત કરવું છે. એ જ પ્રમાણે જે અમુક રાજ્યોમાં થઈ રહ્યું છે કે કોઈ નવા મુદર્રિસ કે કર્મચારીની નિયુક્તિ માટે કમિટીના મેનેજરો એક મોટી રકમનો તકાઝો કરી તેને વસૂલ કરે છે. તો એ રકમ પણ રિશ્વત છે તથા હરામ. અને આપનાર જો હક્કદાર નથી (તે નોકરી અથવા કામના લાયક નથી) તો તેનું આપવું પણ રિશ્વત છે. અને આવા મુદર્રિસ તથા કર્મચારી (જે લાયક ન હોય તે)ની નિયુક્તિ હરગિઝ હરગિઝ જાઈઝ નથી કેમ કે તે હક્કને બાતિલ કરવું છે તથા બાતિલને હક્ક કરવું પણ, જે નિશ્ચિત રીતે રિશ્વત છે. જેમ કે રદ્દુલ મુહતારના હવાલાથી ઉપર વર્ણન કરવામાં આવ્યું. *(માહનામા અશ્રફિયહ્, માર્ચ–૨૦૧૪)*

# શહાદતનો ઈસ્લામી ખયાલ

## અને તાલિબાનના કહેવાતા શહીદો !

રજૂકર્તા : **મૌલાના ઈમરાનરઝા મિસ્બાહી**
*(મુદર્રિસ : દારુલ ઉલૂમ બરકાતે ખ્વાજા–આમોદ)*

માહે મુહર્રમુલ હરામ એ મુબારક મહીનો છે જેમાં ઈસ્લામને બુરાઈના ચુંગાલથી આઝાદ કરાવનાર હઝરત ઈમામ હુસૈન ઈબ્ને અલી رضی اللہ عنہما એ શહાદતના વાસ્તવિક અર્થને યથાર્થ કરીને શહાદતનો જામ નોશ ફર્માવી લીધો. આજે ફરી એકવાર ઈસ્લામની દષ્ટિએ સત્ય તથા વાસ્તવિક શહાદતની સોચની મૂળ સમજૂતીને વિશ્વ સમક્ષ પહોંચાડવું અત્યંત જરૂરી છે, જ્યારે કે મુસ્લિમ દેશોમાં અમુક આતંકવાદી તત્વો મુજાહિદીનના વેશમાં માથુ ઊંચકી રહ્યા છે જે બેગુનાહ લોકોની ક્રૂરતાપૂર્વક ક્ત્લ કરે છે, સૂફી વિચારધારા રાખતા ઈસ્લામના ઉલમા તથા ફાઝિલોને શહીદ કરે છે, મુસ્લિમ તથા ગૈરમુસ્લિમો પર આત્મઘાતી હુમ્લા તથા બોમ્બવર્ષા કરે છે અને આવા હજારો બેગુનાહોને ક્ત્લ કરનાર આંતકવાદીઓના ઠાર થયા બાદ તે આતંકવાદીઓના ધર્મગુરૂઓ તેમના માટે શહીદ હોવાના સર્ટિફિકેટ જારી કરે છે ! શહાદતના મર્તબાના આવા તિરસ્કારભર્યા અપમાને આજે દુનિયાની નજરમાં ઈસ્લામની શહાદતની પવિત્ર સોચને જ શંકાસ્પદ બનાવી દીધી છે. લગભગ દરેક મુસ્લિમ દેશમાં શહાદત પ્રાપ્તિ અને જન્નતમાં પ્રવેશની ખોટી ઘેલછામાં આજના કહેવાતા મુસ્લિમ મુજાહિદો બેગુનાહ બાળકો, ઔરતો અને કમજોર પ્રજાના ક્ત્લેઆમથી સહેજ ખચકાતા નથી.

ભલે દુનિયાભરના ન્યાયપ્રિય મુસલમાનો જેહાદ અને શહાદતના નામે કરવામાં આવતી આવી આતંકવાદી પ્રવૃત્તિઓનો વિરોધ કરી રહ્યા છે, પરંતુ એ લોહિયાળ પ્રવૃત્તિઓના ઘટના ક્રમમાં કોઈ રૂકાવટ આવતી નથી જણાતી. જેટલા જોરશોરથી તેમનો વિરોધ કરવામાં આવે છે આ ધાર્મિક કટ્ટરવાદીઓ તેનાથી પણ સખત હુમ્લાઓ કરે છે. હક઼ીક઼તમાં દુનિયાભરના મુસલમાનોના સખત વિરોધ પ્રદર્શન પ્રતિ આ બની બેઠેલા જેહાદીઓ અને તાલિબાનીઓની ઉપેક્ષાનું મૂળ કારણ એ છે કે તેમના ધર્મગુરૂઓ અને તેમને માનસિક રીતે તૈયાર કરનારાઓ ક઼ાયદેસર રીતે કુર્આન તથા હદીષથી તેમનાં કારસ્તાનોને ઈસ્લામી રીતે જાઈઝ ઠરાવે છે. થોડા થોડા સમયે આ ઉગ્રવાદીઓ તેમને ધર્મના નામે ઉત્તેજીત કરે તેવી અને ભડકાવ સામગ્રી પૂરી પાડે છે. હાલમાં આવુ જ સમજમાં ન આવે એવું એક ઉદહારણ જોવામાં આવ્યું જેનાથી સવાદે આ'ઝમ અહલે સુન્નત વલ જમાઅત મુસલમાનોના હોશ ઉડી ગયા. જમાઅતે ઈસ્લામી પાકિસ્તાનના ચેરમેન મુનવ્વર હસન અને **J.U.I.F.**ના ચીફ ફઝલુર્રહમાને તેહરીકે તાલિબાનના પ્રમુખ હકીમુલ્લાહ મહસૂદને શહીદ ઠરાવ્યો. ફઝ્લુર્રહમાને તો ત્યાં સુધી કહી દીધું કે જે કોઈપણ અમેરિકીઓના હાથે માર્યો જાય એને શહીદ સમજવામાં આવશે, ભલે એ કૂતરુ કેમ ન હોય ! આજે કટ્ટરપંથી માનસિક્તા ધરાવતા આવા ધાર્મિક અને રાજનૈતિક નેતાઓ અને તેમના બિન ઈસ્લામી નિવેદનોના કારણે ઈસ્લામના પાયાના અક઼ીદાઓને દુનિયાભરમાં ઠેસ પહોંચી રહી છે. અત્રે કહેવું એ છે કે ઉપરોક્ત નિવેદને ઈસ્લામી શહાદતની પવિત્ર સોચને વૈશ્વિક મિડીયામાં ચર્ચાનો વિષય અને ટીકાનું કેન્દ્ર બનાવી દીધેલ છે.

ખુદાનો શુક્ર છે કે પાકિસ્તાનની કેન્દ્રિય સુન્ની સંસ્થા ''સુન્ની ઈત્તેહાદ કાઉન્સિલ'' સુન્ની સૂફી વિચારધારાથી સંબંધિત વિવિધ મઝહબી જમાઅતોની સાથે મળીને તેહરીકે તાલિબાનના મૃત પ્રમુખ હકીમુલ્લાહ મહસૂદને શહીદ ઠરાવવાના વિરોધમાં તત્કાળ એક સંયુક્ત ફત્વો બહાર પાડયો અને સ્પષ્ટ શબ્દોમાં કહી દીધું કે, ''સેંકડો બેગુનાહ લોકોને ક્ત્લ કરનાર આતંકવાદીને કદી પણ શહીદ ઠરાવી ન શકાય.'' પ્રશંસાને પાત્ર એ છે કે આ સુન્ની જમાઅતે લગભગ ત્રીસ પ્રખ્યાત મુફ્તિયાને કિરામની

સહમતિથી તુરંત આ ફત્વો જારી કર્યો અને સ્પષ્ટ રીતે કહ્યું કે, ''એક એવા વ્યક્તિને શહીદ ઠરાવવું જે અસંખ્ય બેગુનાહ જિંદગીઓના ખાત્માનું કારણ બન્યો હોય એ કુર્આન અને હદીષની તા'લીમાતની ઉઘાડી અવગણના છે !'' હિંદુસ્તાન અને પાકિસ્તાનના મુસલમાનોએ ''સુન્ની ઈત્તેહાદ કાઉન્સિલ'' પાકિસ્તાનના ચેરમેન મૌલાના હામિદ રઝાનો આભાર માનવો જોઈએ.

ઈમામે આલી મુકામ ઈમામ હુસૈન ઈબ્ને અલી رضی اللہ عنہما ની શહાદત આપણને પ્રેરણા આપે છે કે આપણે લોકોને સ્પષ્ટ શબ્દોમાં એ બતાવીએ કે આજના બની બેઠેલા કટ્ટરવાદી જેહાદી તથા તાલિબાની જે મુજાહિદ હોવાનો જૂઠો દાવો કરે છે અને આતંકવાદભર્યાં કારનામાંઓ તથા આત્મઘાતી હુમ્લાઓ કરી પોતાને શહીદ કહેવડાવે છે તેઓ કેવળ એક માત્ર દહેશતગર્દ (ત્રાસવાદી) છે અને એના સિવાય કાંઈ નથી. એટલા માટે કે તેમની આ સર્વ ગતિવિધિઓ હુસૈની અને ઈસ્લામી જેહાદની વાસ્તવિક સચ્ચાઈથી તદ્દન વિપરિત છે.

ઈમામ હુસૈન رضی اللہ عنہ એ તે નિદર્ય અને દુરાચારી હાકિમ યઝીદના વિરુદ્ધ જેહાદ કર્યો હતો કે જે લોકશાહી નેતૃત્વતાની ઈસ્લામી સોચથી ઘણો દૂર જઈ ચૂક્યો હતો અને જે એક સંપૂર્ણ અમીરપણાની હુકૂમતનો પાયો નાખી ચૂક્યો હતો. એટલા માટે જ ઈમામે આલી મુકામ ઈમામે હુસૈન رضی اللہ عنہ ને શહાદત, આઝાદી, લોકશાહી અને ન્યાય તથા ઈન્સાફના સાચા ઈસ્લામી સિદ્ધાંતોને જીવંત કરવાના પ્રણેતા અલમબરદાર માનવામાં આવે છે.

કર્બલા તરફ જતી વેળા ઈમામ હુસૈન رضی اللہ عنہ એ પોતાના અનુયાયીઓને ફર્માવ્યું હતું :–

''હે લોકો ! પયગંબરે ઈસ્લામ ﷺ એ ફર્માવ્યું કે જ્યારે કોઈ વ્યક્તિ એક જાલિમ અને જાબિર હાકિમને અલ્લાહની નિશ્ચિત કરેલી સીમાઓથી આગળ વધતો અને લોકો પર જુલ્મો સિતમના પહાડ તોડતો જુએ છે પરંતુ કાંઈ બોલીને અથવા કાંઈ કરીને સ્થિતિ બદલવાનો પ્રયાસ નથી કરતો તો પછી એને કુકર્મોનો બદલો આપવું અલ્લાહનું જ કામ છે. શું તમે નથી જોતા કે સંજોગો કેટલી હદે ગંભીર થઈ ચૂક્યા છે ? શું તમે નથી જોતા કે લોકો હક્કને છોડી રહ્યા છે અને બાતિલ અત્યંત ફેલાય રહ્યું છે ? જ્યાં સુધી મારી વાત છે તો હું જીવનને શહાદત પ્રાપ્ત કરવાનું માધ્યમ માનું છું, હું જાલિમો દરમ્યાન જીવન વીતાવવાને એક બીમારી અને મુસીબત સમજું છું.''

આ છે શહાદતની સચોટ ઈસ્લામી સોચ જેનું અમર, ઝિંદા અને અનમિટ ઉદહારણ પૈગંબરે ઈસ્લામ ﷺ ના નવાસા સૈયદુશ્શોહદા ઈમામે હુસૈન رضی اللہ عنہ એ કર્બલાના મેદાનમાં રચ્યું. ઈસ્લામના પ્રારંભમાં સ્વરક્ષણની જંગોમાં શહીદ કરવામાં આવેલ રસૂલુલ્લાહ ﷺ ના કાકા હઝરત અબ્બાસ અને હઝરત અમીર હમ્ઝા رضی اللہ عنہما ને શીઆ તથા સુન્ની બંનેવ વિચારધારામાં ઈસ્લામી શહાદતનું સૌથી મોટુ ઉદાહરણ માનવમાં આવે છે. આ ઈસ્લામના એ મહાન શહીદો છે જેમના વિશે કુર્આન ફર્માવે છે : ''અને જે લોકો અલ્લાહની રાહમાં કત્લ કરવામાં આવે તેમને કદાપિ મુડદા ખ્યાલ (પણ) ન કરશો, બલ્કે તેઓ પોતાના રબની પાસે જીવંત છે તેમને (જન્નતની નેઅમતોનું) રિઝ્ક આપવામાં આવે છે.''

કુર્આને હકીમે આવા મહાન લોકોને શહાદતનો દરજ્જો આપ્યો છે. શહીદ એક અરબી શબ્દ છે જે શહાદતથી બનેલ છે જેનો શાબ્દિક અર્થ છે, જોવું, ગવાહ બનવું, સમર્થિત કરવું, નમૂનો બનવું. કુર્આને બુન્યાદી રીતે શહીદનો શબ્દ એ લોકો માટે ઉપયોગ કર્યો છે જેઓ હક્કની ગવાહી આપે છે, અને જેમણે અલ્લાહ ﷻ ના હુકમના અનુસરણમાં પોતાની જાન કુર્બાન કરી દીધી. *(કુર્આન, ૮૯ : ૧૬)* અને બીજા ક્રમે કુર્આને આ શબ્દ સ્પષ્ટ રીતે એ લોકો માટે પણ ઉપયોગ કર્યો છે જેઓએ પોતાના મઝહબ અથવા ખાનદાનની રક્ષા માટે લડતાં લડતાં જાન આપી દીધી.

વાસ્તવિક રીતે ઈસ્લામમાં શહીદ (અલ્લાહની રાહમાં જાન કુર્બાન કરવાના અર્થમાં) તે છે જે સચ્ચાઈનો મુશાહેદો કરે છે અને તેના માટે શારીરિક રીતે બાતિલનો સામનો કરે છે અને અડગતાની સાથે બાતિલનો મુકાબલો કરે છે. ત્યાં સુધી કે તે ન કેવળ ઝબાનથી સચ્ચાઈની ગવાહી આપે છે બલ્કે તે પહેલાં

તો શાંતિમય રીતે બાતિલ વિરુદ્ધ પ્રયાસ કરે છે પછી સ્થિતિમાં સુધાર નથી આવતો તો એ સચ્ચાઈ માટે પોતાની જાન કુર્બાન કરી દે છે અને આ રીતે તેને શહાદતનો દરજ્જો પ્રાપ્ત થાય છે.

એ હકીકતથી ઈન્કારની કોઈ ગુંજાઈશ નથી કે ઈસ્લામમાં શહાદત એક અતિ ઉચ્ચ દરજ્જો છે. પરંતુ **ઈસ્લામી શહાદતનો વાસ્તવિક અર્થ હાલમાં શહાદતની તાલિબાની સોચથી સદંતર વિપરિત છે.** એટલા માટે કે કહેવાતા જેહાદીઓએ શહાદતની જે સોચ સ્થાપી રાખી છે તે આત્મઘાતી હુમ્લા અને મોટાપાયે બેકસૂર લોકોને ક્ત્લ કરવા સમાન છે. ઘણા અરસાથી તાલિબાન, અલ્ કાઈદા, બોકો હરામ...વગેરે અને તેમના ધાર્મિક ગુરૂઓ જેમનો સંબંધ વહાબી, સલ્ફી અને અહલે હદીષ તથા જમાઅતે ઈસ્લામી જેવા અત્યંત કટ્ટરપંથીઓ સાથે છે અને તેઓ પોતાના નાપાક હેતુઓ પૂરા પાડવા માટે શહાદતની ઈસ્લામી સોચનો દુરૂપયોગ કરી રહ્યા છે. તેઓ ગરીબ અને ભોળાભાળા મુસલમાનોને ભ્રમિત કરે છે અને તેમને એ માન્યતાની તા'લીમ આપવામાં આવે છે કે સામાન્યતઃ ગૈરમુસ્લિમો વિરુદ્ધ અને બિન વહાબી મુસલમાનો વિરુદ્ધ વિશેષ રીતે અરાજકતા ફેલાવવાથી અલ્લાહની નજરમાં તેમને શહાદત જેવો ઉચ્ચતમ દરજ્જો મળશે ! અને તેમને તે મહાન ઈનામો આપવામાં આવશે જેમનો વાયદો કુર્આનમાં શહીદો માટે કરવામાં આવ્યો છે. તેમને માનસિક રીતે તૈયાર કરનારાઓએ તેમને આત્મઘાતી હુમલાની યોગ્યતા પુરવાર કરવા ઈસ્તિશ્હાદની પરિભાષાનો ખોટો ઉપયોગ કરીને હિંસા, બર્બરિયત અને આત્મહત્યાનો એક કાયમી મઝહબી મોહર્રિક (માર્ગ) આપી રાખ્યો છે જે ન કેવળ હરામ બલ્કે અમુક સ્થિતિઓમાં કુફ્રના બરાબર છે.

આ કહેવાતા જેહાદીઓની વિવિધ વેબસાઈટ્સ, મેગેઝિન, પત્રિકાઓ તથા સામાયિકો પણ છે જે શહાદતના દરજ્જા અને તેના ઈનામોની કાયદેસર વિગતો પ્રકાશિત કરી ઓછુ ભણેલ યુવાનોને બહેકાવે છે. અસંખ્ય લેખો લખવામાં આવે છે જેઓ આત્મઘાતી હુમ્લા, બોંબ ધડાકા અને બેગુનાહ લોકોના ક્ત્લેઆમને યોગ્ય ઠરાવવા શહાદતથી સંબંધિત કુર્આન તથા હદીષની તદ્દન ખોટી અને ભ્રમિત કરે તેવી સમજૂતી આપવામાં આવે છે.

એનો અભ્યાસ થવો જોઈએ કે તાલિબાની લેખકો ભોળા મુસલમાનોને શહાદતના નામ પર આતંકી ગતિવિધિઓ અને આત્મઘાતી બોંબ ધડાકા કરવા માટે કઈ રીતે બહેકાવે છે. અત્રે એક ઉદહારણ પ્રસ્તુત છે. તાલિબાની મેગેઝિન "નવાએ અફગાન જિહાદ" નામની કોલમ લખનાર મૌલાના યૂસુફ બિન્નૌરી લખે છે : "ઈસ્લામમાં શહાદતનો બહુ ઉચ્ચ દરજ્જો છે....શહાદતથી એક સદાનું જીવન નિશ્ચિત થઈ જાય છે, અને આવનાર યુગમાં તેનો પ્રભાવ જોવા મળે છે....કુર્આન અને હદીષમાં જેહાદને એક ઉચ્ચતમ દરજ્જો આપવામાં આવ્યો છે....આપણા માટે જેહાદ માટે પ્રેરિત કરનારી આનાથી ઉત્તમ કોઈ ચીજ નથી હોઈ શકતી. અલ્લાહ પોતાના બંદાઓની જાન અને જાયદાદનો ખરીદાર છે અને તેનું ફર્માન છે કે આ વાયદાનો ઉલ્લેખ માત્ર કુર્આનમાં જ નથી બલ્કે તૌરાત અને ઈન્જીલમાં પણ છે. આ શહીદો ખુદાની બારગાહમાં પોતાની જાનોનાં નઝરાણા રજૂ કરે છે અને તેના બદલામાં ખુદા તેમનાં મહાન દરજ્જો આપે છે." *(ઈસ્લામમેં શહાદત કા મક઼ામ, માહનામા નવાએ અફઘાન જેહાદ, મે–૨૦૧૩)*

પયગંબરે ઈસ્લામે પોતાની ઉમ્મતને વારંવાર એ વાતનો આગ્રહ કર્યો હતો કે તેઓ હુસૈન رضی اللہ عنہને ન ભૂલે. આપની આ તાકીદ એ વાત તરફ નિર્દેશ કરે છે કે જે વ્યક્તિ કરબલાની ઘટના, ઈમામે હુસૈન رضی اللہ عنہની શહાદત અને તેમના પયગામને ભૂલાવી દેશે તે રસૂલુલ્લાહ ﷺના દીન વિરુદ્ધ સમાધાન કરવા તૈયાર થઈ જશે. આજે જે મુસલમાનો ઈમામે હુસૈન رضی اللہ عنہની મહોબ્બતના દાવેદાર છે અને તેમ છતાં ખામોશ તમાશાઈ બની વહાબી આતંકવાદીઓ, ધાર્મિક કટ્ટરવાદીઓ અને કહેવાતા જેહાદીઓને જેહાદ અને શહાદતના નામ પર બેગુનાહ લોકોનું ક્ત્લે આમ કરતા જોતા રહે છે તેઓ હકીકતમાં હુસૈની શહાદતની સાથે મોટો અન્યાય કરી રહ્યા છે. *(જામે નૂર, માર્ચ–૨૦૧૪)*

## ★ શાદી મુબારક ★

**કુરચણ** : (તા. આમોદ, જિ. ભરૂચ) મુકામે ઉમરજીભાઈ અહમદ પટેલના નેક ફરઝંદ ઈમરાનના નિકાહ થામ નિવાસી ઉષ્માનભાઈ મૂસા દેરોલવાલાની નેક દુખ્તર અસ્માબાનુ સાથે થામ મુકામે મસ્જિદે ગુંબદે ખિજરામાં તા. ૩૦–૩–૨૦૧૪, ૨૯ જમાદિઉલ અવ્વલ હિ.સ. ૧૪૩૫ રવિવારના રોજ ઝહોરની નમાઝ બાદ રાખવામાં આવ્યા. આ મુબારક પ્રસંગ નિમિત્તે આગલા દિવસે ઈશાની નમાઝ બાદ મેહફિલે નઅતનો પ્રોગામ રાખવામાં આવ્યો. જેમાં નઅતખ્વાં જનાબ ખાલિદરઝા સાહબ–મુંબઈ (મુબલ્લિગે સુન્ની દા'વતે ઈસ્લામી)એ નઅતો મન્કૃબતના ગુલદસ્તા પેશ કર્યા હતા. નિકાહ વિધિમાં કિ઼ર્અત, મુખ્તસર બયાન, પછી છેવટમાં સલાતો સલામ બાદ ત્રણ નાના રિસાલાના તોહફારૂપે વિતરણ સાથે પ્રોગામ ખુશનુમા વાતાવરણમાં પૂર્ણ થયો હતો.

**મોડાસા** : થી જનાબ આરિફભાઈ હુક્કાવાળા જણાવે છે કે (૬ સફર હિ.સ. ૧૪૩૫) સાબુવાલા મુહમ્મદ સાદિક઼ હાજી અબૂબકર (પ્રાંતિજ)એ પોતે નાના બનવાની ખુશીમાં "બરકાતે ખ્વાજા" (માસિક)ને રૂા. ૧૫૧ લિલ્લાહ આપ્યા છે. જઝાકલ્લાહ ! રબ્બે કરીમ તેના હબીબે પાક رضی اللہ عنہના સદકામાં ઔલાદને નેક સાલેહ બનાવે, બંને જહાનમાં આબાદ રાખે. (આમીન)

*–તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)*

**જુનાગઢ** : તા. ૪–૪–૨૦૧૪, જુમ્આના રોજ, ઢાલ રોડ ખાતે આવેલ મશ્હૂર અવલિયા હઝરત હાજીપીર બાપુ رضوان اللہ تعالٰی علیہم اجمعینનો ઉર્સ શરીફ શાનો શૌકતથી મનાવવામાં આવેલ જેમાં સાંજે ૪ કલાકે જુલૂસનું આયોજન કરવામાં આવેલ અને અસરની નમાઝ બાદ મઝાર શરીફ ઉપર સંદલ, ચાદરપોશી, સલાતો સલામ, દુઆએ ખૈર કરવામાં આવેલ રાત્રે ઈશાની નમાઝ બાદ ગુલે ગુલઝારે રઝવિય્યત, શેહઝાદાએ હુઝૂર અમીરે અહલે સુન્નત, પીરે તરીકત, હઝરત અલ્લામા મૌલાના ગુલઝાર અહમદ સાહબ નૂરી રઝવી (સજ્જાદાનશીન ખાનકાહે રઝવિય્યહ નૂરિય્યહ–જુનાગઢ)ની સદારતમાં શાનદાર જલ્સાનું આયોજન કરવામાં આવેલ જેમાં આલમી તેહરીક સુન્ની દા'વતે ઈસ્લામીના મુબલ્લિગ બુલબુલે બાગે મદીના હઝરત કારી મુહમ્મદ રિઝવાન સાહબ (એમ.એ.) બોમ્બેવાળાએ નઅતે રસૂલ પેશ કરી હતી. આ ઉર્સ શરીફના ભવ્ય જલ્સામાં "દારુલ ઉલૂમ અન્વારે મુસ્તફા" જુનાગઢના મુફતી હઝરત મૌલાના હસીબુર્રહમાન સાહબ, સૈયદ અસગરઅલી બાપુ, ધોરાજીના મુફતી મુનવ્વર રઝા સાહબ, જનાબ હાજી મુહમ્મદ હનીફ સાહબ નૂરી (અમીન ટ્રાન્સપોર્ટ) વગેરે આલિમોએ હાજરી આપી ખિરાજે અકીદત પેશ કરી હતી. સલાતો સલામ બાદ હઝરત અલ્લામા ગુલઝાર અહમદ સાહબ નૂરીની વજદ આફરીન દુઆઓ સાથે જલ્સો પૂર્ણ થયેલ અને જલ્સા બાદ આમ ન્યાઝ જમાડવામાં આવેલ.

*–ઘાંચી મુહમ્મદ હનીફ ઉમરભાઈ બંગાલી*

## ★ ઈન્તેકાલ પુરમલાલ ! ★

**પેસ્ટન** : યુ.કે. ખાતે તા. ૧૩–૪–૨૦૧૪ રવિવારના રોજ જનાબ મુબારકભાઈ ઘંટીવાળાના ઈન્તેકાલના દુઃખદ સમાચાર અચાનક અમને મળતાં દિલમાં રંજની લાગણી ફેલાઈ ગઈ. જંબુસર ખાતે "ઉર્સએ રસૂલ صلی اللہ علیہ وسلم કોન્ફરન્સ"ના પ્રોગ્રામમાં અમીરે સુન્ની દા'વતે ઈસ્લામી હઝરત મૌલાના મુહમ્મદશાકિર નૂરી સાહબ સાથે જઈ રહ્યા હતા, હઝરતે પણ દુઃખ વ્યક્ત કર્યું અને મર્હૂમ માટે મગફેરતની દુઆ ગુજારી ફર્માવ્યું કે મર્હૂમે "સુન્ની દા'વતે ઈસ્લામી" માટે ખૂબ મહેનત કરી છે, અલ્લાહ પાક તેના પ્યારા મહબૂબ صلی اللہ علیہ وسلمના સદકામાં મર્હૂમની મગફિરત ફર્માવે તથા કુટુંબીજનો, સગાંઓ, સાથીઓને સબ્રે જમીલ અતા કરે. દારુલ ઉલૂમ બરકાતે ખ્વાજા–આમોદ ખાતે કુર્આનખ્વાની કરીને દુઆએ મગફિરત કરવામાં આવી હતી.

*–તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)*

## તફસીરે રહમતલ્ લિલ આલમીન

**હઝરત શૈખુલ ઈસ્લામ સૈયદ મુહમ્મદ મદનીમિયાં**એ 'વમા અર્સલના–ક ઈલ્લા રહમતલ લિલ આલમીન' આયત પર જે તકરીર ફર્માવી હતી તેને ઉર્દૂ લિપિ, ગુજરાતી ભાષામાં કિતાબ સ્વરૂપે પ્રકાશન કરવામાં આવેલ છે. આ કિતાબમાં હુઝૂર નબીએ કરીમ ﷺ સમગ્ર સૃષ્ટિ માટે 'રહમત' છે તેનું વિગતવાર વર્ણન કરવામાં આવે છે.

આ કિતાબનો ટપાલ ખર્ચ સાથેનો હદિયો **રૂા. ૨૦** છે. પ્રકાશકના નીચેના સરનામેથી કિતાબ મંગાવી શકાશે. મોહદ્દિષે આ'ઝમ મિશન ગુજરાત, પ્રદેશ મિર્ઝાપુર બ્રાન્ચ, ૧૫–પેરેડાઈઝ કોમ્પલેક્ષ, મિર્ઝાપુર, અહમદાબાદ–૧.

## જશ્ને સંગે બુન્યાદ !

**ચાલો બાસ્કા ! ચાલો બાસ્કા ! તા. ૯–૫–૨૦૧૪**

**બાસ્કા** : (તા. હાલોલ) ખાતે બાસ્કા પ્રાથમિક શાળા સામે ''બરકાતે ગૌષે આ'ઝમ''ની સંગે બુન્યાદનો શાનદાર જશ્ન રાખવામાં આવ્યો છે જેમાં અતાએ મુફતીએ આ'ઝમે હિંદ **હઝરત મૌલાના મુહમ્મદશાકિર નૂરી** (અમીરે સુન્ની દા'વતે ઈસ્લામી)ના મુબારક હાથો વડે તા. ૯–૫–૨૦૧૪ જુમ્આના રોજ મગરિબની નમાઝ બાદ સંગે બુન્યાદ થશે અને ઈશાની નમાઝ બાદ હઝરત ઈમાન અફરોઝ ઈન્કિલાબી બયાન ફર્માવશે. અન્ય સાદાતે કિરામ, ઉલમાએ એઝામ તથા મુબલ્લિગોના કાફલા તશરીફ લાવશે. તમામ અહલે સુન્નતને શિર્કતની ખાસ દા'વત આપવામાં આવે છે. *–સુલ્તાન રઝા (મુબલ્લિગે સુન્ની દા'વતે ઈસ્લામી)*



## :: મદદની અપીલ ::

રાજસ્થાનના રણ વિસ્તારમાં ગરીબ વિસ્તારમાં ચાલી રહેલા દારુલ ઉલૂમ અન્વારે હસ્નૈન–દરગાહ શરીફ સૈયદ પીર હુસૈનશાહ બુખારી (હુસૈની નગર, તમાચાણી શરીફ, પો. રમજાન કી ગફન, તહસીલ–ચૌહટન, જિ. બાડમેર, રાજસ્થાન) ખાતે મસ્જિદનું બાંધકામ ચાલી રહ્યું છે. તો સખીદાતાઓ સંપર્ક કરીને તપાસ કરીને રેતાળ વિસ્તારમાં અલ્લાહનું ઘર બનાવવા જરૂરથી મદદ કરે એવી દર્દભરી અપીલ છે. ૬૦ × ૬૦ ફૂટની જગામાં પ્રિન્ટ સુધી કામ થયું છે, તો તેને પૂર્ણ કરવા ભરપુર સહકાર કરશો. અલ્લાહ તેનો બદલો જરૂર આપશે. સંપર્ક નં. મો. ૦૯૭૭૨૮૫૨૮૮૬ (સૈયદ પીર જમીનઅલી શાહ બુખારી)

**જંબુસર** : થી ખાદિમે રઝા અલ્લારખા ફૂટવાલા લખી જણાવે છે કે જંબુસર ઈમ્તિયાઝનગર નવીનગરી ખાનપુર રોડ ખાતે ''મસ્જિદે ગુલશને ગરીબ નવાઝ''ની સંગે બુનિયાદ તા. ૩–૪–૨૦૧૪ ગુરૂવારના રોજ સવારના ૧૦ કલાકે અલ્હાજ હઝરત સૈયદ શૌકતઅલી બાવા (ખલીફાએ હઝરત નૂરાનીબાવા) મૌલાના ઝહીર મિસ્બાહી સાહબ, મૌલાના મુઝમ્મિલ સાહબ તથા હાજર સુન્ની મુસલમાનોના હાથે સંગે બુનિયાદ રાખવામાં આવી હતી. સખી દાતાઓ મર્હૂમોના ઈસાલે સવાબ માટે આ કામ ઈલાકામાં સળિયા, ઈંટો, રેતી, કપચી, સિમેન્ટ આપી અપાવી સવાબના હક્કદાર બને.

મદદ મોકલવા માટે સંપર્ક કરો : અલ્લારખા ફૂટવાલા, મો. ૯૪૨૮૦ ૨૭૦૯૨, અલ્હાજ શબ્બીરભાઈ પટેલ તંત્રી બરકાતે ખ્વાજા (માસિક)–દયાદરા, મો. ૯૪૨૭૪ ૬૪૪૧૧

# છે કોઈ રાહે ખુદામાં અમારો મદદગાર ?

## ઈસ્લામિક વેલ્ફર મિશન–દયાદરા હેઠળનાં આ કામોમાં સહાય કરો !

**ભરૂચ** : નૂર પાર્ક–ખુશ્બુપાર્ક પાસે, શેરપુરા ડુંગરી રોડની નજીક પૂર્વમાં, **"મસ્જિદે ઈમામ અહમદ રઝા"**નું કામ ચાલી રહ્યું છે. ગ્રાઉન્ડ ફ્લોરના સ્લેબની તૈયારી છે. કુલ ત્રણ માળનો પ્લાન છે તો તમારાં મર્હૂમોના સવાબ અર્થે જલ્દીથી સહાય મોકલો અને જન્નતની રાહતોના હક્કદાર બનો. રબ્બે કરીમ તેના હબીબ صلى الله عليه وسلمના સદકામાં બંને જહાનમાં બદલા આપશે.

**ભરૂચ** શહેરના હાર્ટ સમા પાંચબત્તી વિસ્તારમાં બી.એસ.એન.એલ. મેઈન ઓફીસ સામે નેશનલ ટ્રેડ સેન્ટરમાં હાલ ચાલતા **"ફયઝાને રઝા ઈબાદતગાહ"**ના ઉપલા માળે લગભગ ૭૫ × ૩૫નો સ્લેબ ખરીદયો છે જેના માટે હજી રૂા. ૧૫ લાખ ચૂકવવાના છે અને બાંધકામ લગભગ ૩૦ લાખ રૂા.માં થશે તો આ સવાબે જારીઆના કામમાં આપના તથા મર્હૂમોના સવાબ અર્થે લિલ્લાહ સહાય કરો. ઝકાત, સદકા વગેરે પણ આપી શકશો.

સંપર્ક : **પટેલ શબ્બીર અલી રઝવી દયાદરવી**, મો. ૯૪૨૭૪ ૬૪૪૧૧

# કાયનાત ટુર્સ એન્ડ ટ્રાવેલ્સ

**આયોજિત જમવા રહેવા સાથે**
**૩ × ૨ લકઝરી બસ દ્વારા**

**પ્રવાસના સ્થળો : ઉદેપૂર (મસ્તાનબાવા), કપાસણ, અજમેર, ફતેપુર સિક્રી, આગ્રા, મકનપુર, કીછૌછા, બહેરાઈચ, લખનઉ, દેવા શરીફ, બરેલી, કલીયર શરીફ, દિલ્હી, જયપુર, મીરાદાંતર ધોળકા...**

**ઉર્સે મુહદ્દિષે આ'ઝમ મિશન કિછૌછા શરીફ નિમિત્તે....**

**પ્રવાસ : ૧**

| આખી ટીકીટ | અડધી ટીકીટ | પ્રવાસ દિવસ |
|---|---|---|
| રૂા. ૬,૫૦૧/– | રૂા. ૪,૦૦૧/– | ૧૩ |

**બસ ઉપડવાની તા. : ૧૦/૦૫/૨૦૧૪, શનિવારે રાત્રે : ૧૦.૦૦ વાગ્યે**

**પ્રવાસ : ૨** — **સ્પે. કાશ્મિર પ્રવાસ**

**ઉદેપૂર (મસ્તાનબાવા), કપાસણ, અજમેર, નાગોર, આગ્રા, ફતેપુરસિક્રી, અમૃતસર, શ્રીનગર, સોનમર્ગ, ગુલમર્ગ, પહેલગાંવ, સરહિંદ શરીફ, દિલ્હી, જયપુર, મીરાદાંતર ધોળકા...**

| આખી ટીકીટ | અડધી ટીકીટ | પ્રવાસ દિવસ |
|---|---|---|
| રૂા. ૯,૫૦૧/– | રૂા. ૫,૦૦૧/– | ૧૭ |

**બસ ઉપડવાનું સ્થળ** : તાલુકા પંચાયત સ્ટાફ ક્વાટર્સ પાસે, બેગા ટેકરી, **ધોળકા**

**બસ ઉપડવાની તા. : ૨૫/૦૫/૨૦૧૪, રવિવારે રાત્રે : ૧૦.૦૦ વાગ્યે**

**નોંધ** : **૧.** પ્રવાસ માટે ગાઈડ ફી, યાત્રી વેરો કે અન્ય ભરવાની થતી રકમ રૂા. ૧૫૦/– મુસાફરના શીરે રહેશે. **૨.** રૂા. ૩૦૦૧/– ભરી મનગમતી સીટ બુક કરાવો. **૩.** બેંક, એલ.આઈ.સી. અને જી.આઈ.સી.ના કર્મચારીને એલ.ટી.સી. મળશે, એલ.ટી.સી. મેળવનારે ટીકીટ ઉપરાંત રૂા. ૧૦૦૦/– અલગથી ભરવાના રહેશે. **૪.** પ્રવાસ નં. ૧માં તા. ૨૩–૫–૨૦૧૪ના રોજ સવારની ચા તથા જમવાનું સ્વખર્ચે રહેશે. **૫.** પ્રવાસ નં. ૨માં તા. ૩૧–૫–૨૦૧૪ અને તા. ૫–૬–૨૦૧૪ના રોજ સવારની ચા સ્વખર્ચે રહેશે. તા. ૧૧–૬–૨૦૧૪ના રોજ સવારની ચા તથા જમવાનું સ્વખર્ચે રહેશે.

**આયોજક : શરીફખાન પઠાણ મો. ૯૮૨૪૪૭૮૧૧૬, ૯૭૨૪૬૫૯૮૫૩, ૯૪૦૯૨ ૪૫૧૨૨**

# દારૂલ ઉલૂમ બરકાતે ખ્વાજા-આમોદ ખાતે સહાય કરનારા સખી દાતાઓની યાદી

## :: ન્યાઝ કરાવનારાઓની યાદી ::

| | | |
|---|---|---|
| મૌલાના મોહસિન મોડન | જુનેદ | ૧ ન્યાઝ |

## :: વિવિધ ચીજો આપનારાઓની યાદી ::

| | | |
|---|---|---|
| હાજી ઈલ્યાસ વોરાસમનીવાળા | | ૧૦૦ કિલો તુ. દાળ<br>૫ ડબ્બા તેલ |
| અમીના અબ્દુલભાઈના સવાબ અર્થે | આમોદ | ૪.૫૦૦ દહીં |
| હાજી મુબારક હાજી ઈસા | કંબોલી | ૨૫ ડબ્બા તેલ |
| દલાલ સ્ટોર | આમોદ | ગાલીચા અને સફાઈના સાધનો |
| હાજી ઈબ્રાહીમજી અમીરજી ખત્રી | બોડેલી | ૨ ટાઈમ ઈફતારી રૂા. ૭૦૦૦/– |
| મૌલાના ઈકબાલ સાહબ | વોરાસમની | કિતાબોનો સેટ |
| સાજિદ યૂસુફ ઈસ્હાક મૂસા | દયાદરા | પેન ૧૬ નંગ<br>બ્રશ ૪ નંગ<br>દાત સફાઈના સાધનો<br>અન્ય જરૂરી દવાઓ |
| એક મુસ્લિમભાઈ | વડોદરા | ૭ નંગ ધાબળા |
| ઈસ્માઈલભાઈ ઝંઘારીઆ | આમોદ | ૧૦ કિલો તુવર સીંગ |
| યૂસુફ યાકૂબ પાથેવાલા | સૂરત | ૧૧ નંગ કંબલ |
| હાજી અ. રશીદ પાસ્તા | ઓખાબેટ | ૪૦ નંગ કંબલ |
| યૂસુફ ઈબ્રાહીમ શોકત | હલદરવા | રૂા. ૧૫૦૦ ફૂટના |
| હાજી મુશ્તાક વલી પટેલ | વોરાગામડી | ૧ ડબ્બા તેલ<br>૨૫ કિ. ચોખા<br>તથા તુ. દાળ |
| હાજી ઈસ્માઈલ મૂસા મોલુ | ચાંચવેલ | ૨.૨૦ ઘઉં |
| મુશ્તાક મુહમ્મદ હાજી | મછાસરા | } બે તપેલાં |
| ઈબ્રાહીમ મુહમ્મદ હાજી | મછાસરા | } બે તપેલાં |
| હાજી યાકૂબ મુહમ્મદ બક્ષ | દયાદરા | ૫. કિંવ ઘઉં |
| એક મુસ્લિમભાઈ | કોલવણા | ૫૦ કિ.લો ઘઉં |
| મુહમ્મદ મોજી | જંબુસર | બાથરૂમ સેટ–૧ |

## :: ચામડાં આપનારાઓની યાદી ::

| | |
|---|---|
| હાજી અબ્દુર્રહમાન નઝીર લુહાર | ૧ ચામડુ બકરાનું |
| સિરાજભાઈ ઈબ્રાહીમ લુહાર | ૧ ચામડુ બકરાનું |
| અ. વાહિદ તાલુકદાર | ૧ ચામડુ બકરાનું |
| અઝીઝખાન રયહાન | ૧ ચામડુ બકરાનું |
| મર્હૂમ લાઈલાબીબી બરફવાલા | ૧ ચામડુ બકરાનું |
| સિકંદરભાઈ હુસૈન ડેન્સાવાલા | ૨ ચામડુ બકરાનું |
| સુલ્તાન જાદવ | ૧ પાડાનું ચામડુ |
| સલવત રાણા | ૧ ચામડુ બકરાનું |
| જાવિદભાઈ સુલેમાન રાણા | ૧ ચામડુ બકરાનું |
| સાજિદ રયહાન | ૧ ચામડુ બકરાનું |
| અ. રસીદ રાણા | ૨ ચામડુ બકરાનું |
| મર્હૂમ અ. રહીમ જીતભાઈ જાદવ | ૧ પાડાનું ચામડુ |
| અબ્દુલ હબીબ બાપુ સાબ રાણા | ૧ ચામડુ બકરાનું |
| શબ્બીરભાઈ ગરાસીયા | ૧ ચામડુ બકરાનું |
| નાસિર હુસૈન એમ. રાણા (રણુભા) | ૧ ચામડુ બકરાનું |
| મો. મન્નાન અન્સારી બિહાર | ૧ ચામડુ બકરાનું |
| અ. હબીબ બાપુસાબ રાણા | ૨ ચામડુ બકરાનું |
| સોહેલ ઈકબાલ પટેલ | ૧ ચામડુ બકરાનુ |
| હાજી હમીદ બગદાદી | ૨ પાડાનું ચામડુ |
| કાલુભાઈ કમરુદ્દીન | ૧ ચામડુ બકરાનું |
| અબ્દુલ હમીદખાન તલાટી | ૧ ચામડુ બકરાનું |
| જાદવભાઈ સુલ્તાનભાઈ | ૧ ચામડુ બકરાનું |
| ઈબ્રાહીમ યાકૂબ ચાંચવેલવાલા | ૧ ચામડુ બકરાનું |
| સાદિક અલી ઈકબાલભાઈ રાણા | ૧ ચામડુ બકરાનું |
| મુશ્તાક અબ્દુલ અ. રહીમ | ૧ ચામડુ બકરાનું |
| હાજી ઐયૂબ ઈબ્રાહીમ તાજ | ૧ પાડાનું ચામડુ |
| સાદિક માસ્તર દયાદરા | ૧ પાડાનું ચામડુ |
| હાજી અ. રહમાન નજીર લુહાર | ૧ ચામડુ બકરાનું |
| અ. રસીદ રાણા | ૧ ચામડુ બકરાનું |

**રબ્બે કરીમ તેના હબીબે પાક ﷺના સદકામાં ગૌષ પાક رضی اللہ عنہના વસીલાથી સૌની નેકીઓ કૂબૂલ કરે અને તેમને તેમની ઔલાદને બંને જહાનમાં આબાદ રાખે, તેમનાં મર્હૂમોની મગફેરત ફર્માવે. (આમીન)**

**લિ. અરાકીને દારુલ ઉલૂમ બરકાતે ખ્વાજા–આમોદ (જિ. ભરૂચ–ગુજરાત)**